


Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia

ધો. 12 સાયન્સ - કોમર્સમાં રેકર્ડ બ્રેક પરિણામ આપ્યા બાદ... આજના ધો. 10 ના પરિણામોમાં પણ...

ધોળકિયા સ્કૂલની એર સ્ટ્રાઈક... 5 - 5 વિદ્યાર્થીઓ બોર્ડ ફર્સ્ટ

### પાકિસ્તાને 'છમકલું' કરતા ભારતનો મુંહતોડ જવાબ

# સરહદે ૧૦૦થી વધુ "ના-પાક" ડ્રોન ઉપર 'સુદર્શન ચક્ર' ફરી વળ્યું

## ભારતનાં સંયમને પાકિસ્તાન નબળાઈ ગણશે તો ઘડીના છઠ્ઠા ભાગમાં જ હતું નહોતું થઈ જશે

## લાહોર, ઈસ્લામાબાદ, શિયાલકોટ, કરાચી સહિત છ સ્થળો પર ભારતીય ડ્રોને તબાહી મચાવી

**અબતક, રાજકોટ**

ઓપરેશન સિંદૂર બાદ બોખલાયેલા પાકિસ્તાને ગઈકાલે હમાસ સ્ટાઈલથી ભારત પર ૧૦૦ થી વધુ ડ્રોન મારફતે હુમલો કર્યો હતો. જેનો ભારતે મુહતોડ જવાબ આપતાં સુદર્શન ચક્ર એટલે કે એસ-૪૦૦એ તમામ ડ્રોનને તોડી પાડ્યા હતા. બીજી બાજુ ભારતે વળતો પ્રહાર કરતા લાહોર, ઈસ્લામાબાદ, કરાચી, શિયાલકોટ સહિતના સ્થળો પર મિસાઈલ અને ડ્રોન એટેક કરી તબાહી મચાવી દીધી હતી. ભારતે ગઈકાલે જડબાતોડ જવાબ આપી પાકિસ્તાનને સ્પષ્ટ સંદેશ આપી દીધો છે કે, જો પાકિસ્તાન કોઈ પણ દુસાહસ કરશે તો ભારત હવે ઘડીના છઠા ભાગમાં જ પાકિસ્તાનને હતું નહોતું કરી દેશે.

પશ્ચિમ સરહદે આખી રાત પાકિસ્તાની સૈન્યએ અનેક હુમલા કર્યા હતા જેનો ભારતે આપ્યો જડબાતોડ જવાબ આપ્યો હતો. જોકે, ભારતીય

(અનુ. આઠમા પાને)

ગ્રામ્ય આવૃત્તિ
પાનાઃ ૧૨
તા. ૯-૫-૨૦૨૫, શુક્રવાર
વર્ષઃ ૧૪, અંક : ૫૨

## દુશ્મનોને જડબાતોડ જવાબ આપવા ભારત તમામ સ્તરે સજ્જ

ભારત પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપવા તમામ સ્તરે સજ્જ છે. સેનાનાં અત્યાધુનિક શસ્ત્રો, ડિફેન્સ સિસ્ટમથી માંડી નાગરિકોની તૈયારી તમામ સ્તરે ભારતને મજબૂત સ્થિતિમાં મૂકી રહ્યું છે. ગુરુવારે પંજાબ, રાજસ્થાન અને ગુજરાતે પાકિસ્તાન સરહદી વિસ્તારમા રાત્રે બ્લેકઆઉટ, કર્ફ્યુ અને તબીબી અને સુરક્ષા કર્મચારીઓ માટે રજાઓ રદ કરી દીધી છે. રાજસ્થાને બાડમેર, જેસલમેર, બિકાનેર, શ્રીગંગાનગર અને જોધપુરમાં સતત બીજી રાત્રે પાવર કટ આઉટ લાદ્યો હતો. જેમાં અગાઉના મધ્યરાત્રિથી સવારે ૪ વાગ્યા સુધીના સમયપત્રકને બદલે રાત્રે ૯ વાગ્યાથી સવારે ૪ વાગ્યા સુધીનો સમય ગોઠવવામાં આવ્યો હતો.રહેવાસીઓને ઘરની અંદર આદેશ આપવામાં આવ્યો છે, લાઈટ બંધ રાખવાની સૂચના આપવામાં આવી છે અને બહારની હિલચાલ સામે ચેતવણી આપવામાં આવી છે. સાયરન બ્લેકઆઉટ શરૂ અને અંતનો સંકેત આપશે. જોધપુર સહિત અસરગ્રસ્ત જિલ્લાઓમાં તમામ શાળાઓ, કોચિંગ સેન્ટરો અને આંગણવાડી કેન્દ્રો બંધ છે. રાજસ્થાન પોલીસે બધી રજાઓ રદ કરી દીધી હતી. જ્યાં સુધી તાત્કાલિક રજા મંજૂર ન થાય ત્યાં સુધી આઈજીથી કોન્સ્ટેબલ સુધીના તમામ કર્મચારીઓએ ફરજ પર રહેવું પડશે, તેવું એડીજીપી વિશાલ બંસલે જણાવ્યું હતું. આઈજી ઓમપ્રકાશે જણાવ્યું હતું કે સરહદી વિસ્તારોમાં ડ્રોન પર પ્રતિબંધ છે અને સઘન પેટ્રોલિંગ ચાલુ છે.

## હમાસ સ્ટાઈલથી પાકનો ભારત પર હુમલો કરવાનો હીન પ્રયાસઃ સેનાએ નાપાક ઈરાદા પર પાણી ફેરવી દીધું

ગુરુવારે રાત્રે પાકિસ્તાને જમ્મુ, પઠાણકોટ અને જેસલમેર સહિત અનેક ભારતીય શહેરો પર મિસાઈલો અને ડ્રોનથી હુમલો કર્યો. જોકે, ભારતની જ-૪૦૦ વાયુ સંરક્ષણ પ્રણાલીએ પાકિસ્તાનની ૮ મિસાઈલોને તોડી પાડી હતી. ઉપરાંત, પાકિસ્તાનના બે જેએફ-૧૭ અને એક એફ-૧૬ ફાઈટર જેટને પણ તોડી પાડવામાં આવ્યા હતા.આ હુમલો ૨૦૨૩ માં હમાસ દ્વારા ઈઝરાયલ પર કરવામાં આવેલા મિસાઈલ હુમલાની યાદ અપાવે છે, જેનો ઉદ્દેશ્ય એકસાથે મોટી સંખ્યામાં મિસાઈલો છોડીને ઈઝરાયલની આયર્ન ડોમ સંરક્ષણ પ્રણાલીને નિષ્ફળ બનાવવાનો હતો.જમ્મુ ક્ષેત્રના સતવારી, સાંબા, આરએસપુરા અને અરનિયામાં પાકિસ્તાન તરફથી આઠ મિસાઈલો છોડવામાં આવી હતી. જોકે, ભારતીય વાયુ સંરક્ષણ એકમોએ બધી મિસાઈલોને સફળતાપૂર્વક અટકાવી દીધી અને કોઈ મોટું નુકસાન થતું અટકાવ્યું.જમ્મુના આકાશમાં આ હુમલાના દ્રશ્યો હમાસ દ્વારા ઈઝરાયલ પરના હુમલા દરમિયાન જોવા મળતા દ્રશ્યો જેવા જ હતા. પરિસ્થિતિનું મૂલ્યાંકન કરતા, સુરક્ષા નિષ્ણાતો માને છે કે પાકિસ્તાની સેના હવે પેલેસ્ટિનિયન આતંકવાદી સંગઠન હમાસની જેમ હુમલો કરી રહી છે. ગયા મહિને, પાકિસ્તાનના ગેરકાયદેસર કબજા હેઠળના કાશ્મીરમાં પાકિસ્તાનની આઈએસઆઈ અને હમાસ આતંકવાદી જૂથ વચ્ચે એક બેઠક થઈ હતી, જે આવી ઉશ્કેરણીજનક કૃત્યો પાછળ મજબૂત સાંઠગાંઠ દર્શાવે છે.

## બનાસકાંઠા, કચ્છ અને પાટણ સહિત ૧૮ જિલ્લાઓ હાઈ એલર્ટ પર

ગુજરાતે બનાસકાંઠા, પાટણ અને કચ્છ જિલ્લાઓને હાઈ એલર્ટ પર રાખ્યા છે. ગુરુવારે કચ્છના ખાવડા નજીક ડ્રોન જેવી વસ્તુ મળી આવી હતી, જેના કારણે સશસ્ત્ર દળોએ તપાસ શરૂ કરી હતી. સંવેદનશીલ ગામો માટે ખાસ સ્થળાંતર યોજનાઓ અમલમાં છે, તેવું એક અધિકારીએ જણાવ્યું હતું.

## ૨૭ એરપોર્ટ બંધઃ ફ્લાઈટ્સ માટે ડાયવર્ઝન જાહેર

શનિવાર સવાર સુધી માટે ૨૭ એરપોર્ટ બંધ થયા પછી, ઉત્તર ભારત અને પશ્ચિમ ભારતના કેટલાક ભાગો અને પશ્ચિમ વચ્ચેની ફ્લાઈટ્સ ડાયવર્ઝન વધારી દેવામાં આવ્યા છે. ૨૪ એપ્રિલના રોજ પાકિસ્તાન એરસ્પેસ બંધ થયા પછી પશ્ચિમ તરફ જવા માટે લાંબા રૂટ પર સિંગલ આઈઝલ એરક્રાફ્ટ માટે ડાયવર્ઝન/વૈકલ્પિક એરપોર્ટમાં રાજકોટનો સમાવેશ થાય છે. શનિવાર સવાર સુધી જે એરપોર્ટ બંધ કરવામાં આવ્યા છે તેમાં શ્રીનગર, જમ્મુ, લેહ, ચંદીગઢ, અમૃતસર, લુધિયાણા, પટિયાલા, ભટિંડા, હલવારા, પઠાણકોટ, ભુંતર, શિમલા, ગગ્ગલ, ધર્મશાલા, કિશનગઢ, જેસલમેર, જોધપુર, બિકાનેર, મુન્દ્રા, જામનગર, રાજકોટ, પોરબંદર, કંડલા, કેશોદ, ભૂજ, ગ્વાલિયર અને હિંડોનનો સમાવેશ થાય છે.

## કંદહાર પ્લેન હાઈજેક, પુલવામાં એટેકનો માસ્ટર માઈન્ડ અબ્દુલ રઉફ કથિત રીતે ઠાર મરાયો

ભારતના ઓપરેશન સિંદૂરમાં એક મોટો આતંકવાદી ઠાર મરાયો છે. ભારતીય સેનાએ કંદહાર વિમાન અપહરણના માસ્ટરમાઈન્ડ રૌફ અઝહરને ઠાર માર્યાનું કથિત રીતે સામે આવી રહ્યું છે. તે મિસાઈલ હુમલામાં માર્યો ગયાની પુષ્ટી થઇ છે. મંગળવાર અને બુધવારની રાત્રે સેનાએ પાકિસ્તાનમાં નવ આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કર્યો હતો. આમાં ૧૦૦ થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા છે.

### ડબલ એન્જીન સરકારની ડબલ જીત

## પાકની એર ડિફેન્સ સિસ્ટમ, એફજે-૧૭ અને એફ-૧૬ ને ચપટીમાં ઉડાવી ભારતનું શક્તિ પ્રદર્શન

ભારતે ગઈકાલે પાકિસ્તાનની અઢળક એર ડિફેન્સ સિસ્ટમ ઉપર હુમલો કર્યો હતો. લાહોર સહિતના સ્થળો પર ભારે મિસાઈલ અને ડ્રોન વડે હુમલો કરતા ભારે તબાહી મચી હતી. પાકિસ્તાને ભારત ઉપર હુમલો કરવાના ઈરાદે મોકલેલા મિસાઈલ અને ડ્રોન ભારતીય સુદર્શન એટલે કે રશિયન મૂળની એસ ૪૦૦ એ તમામને અવકાશમાં જ તોડી પાડ્યા હતા. જે પુરાવો હતો કે પાકિસ્તાનના તમામ હુમલાનો આ પ્રકારે હવામાં જ જવાબ આપી દેવામાં આવશે. ભારતની મીડીયમ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલએ પણ પાકિસ્તાનના હુમલાને નિષ્ફળ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. પાકિસ્તાની સરકારે સત્તાવાર રીતે જાહેરાત કરી છે કે, લાહોર સ્થિત એર ડિફેન્સ સિસ્ટમને ભારતે કામિકાઝે ડ્રોનની મદદથી તબાહ કરી નાખ્યું છે. પાકિસ્તાનના ચાર જવાનો પણ ડ્રોન એટેકમાં ઈજાગ્રસ્ત થયા છે. ઓપરેશન સિંદૂરથી બોખલાયેલા પાકિસ્તાને ભારત પર હુમલો કરવા મોકલેલા તમામ મિસાઈલ અને ડ્રોનને ભારતે તોડી પાડી વળતો હુમલો કરતા પાકિસ્તાન ગોઠવણીએ પડ્યું છે.

## ડબલ સિક્યુરિટી ચેક, ત્રણ કલાક પૂર્વે બોર્ડિંગ.. ભારતીય મુસાફરો માટે એરલાઈન્સ દ્વારા એડવાઈઝરી જાહેર

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. ભારતે પાકિસ્તાનના દરેક હુમલાનો યોગ્ય જવાબ આપ્યો છે. હવે એર ઈન્ડિયાએ નાગરિકો માટે એક સલાહકાર જારી કરી છે. જેમાં તેમણે માહિતી આપી છે કે એરપોર્ટ પર સુરક્ષા પગલાં વધારવા અંગે બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યુરિટીના આદેશને ધ્યાનમાં રાખીને, ભારતમાંથી મુસાફરોને સલાહ આપવામાં આવે છે કે તેઓ સુનિશ્ચિત પ્રસ્થાનના ઓછામાં ઓછા ત્રણ કલાક પહેલા પોતપોતાના એરપોર્ટ પર પહોંચે જેથી ચેક-ઈન અને બોર્ડિંગ સરળ બને. પ્રસ્થાનના ૭૫ મિનિટ પહેલા ચેક-ઈન બંધ થાય છે. એર ઈન્ડિયાની જેમ, અકાસા એરએ પણ એક સલાહકાર જારી કર્યો છે. સલાહકારમાં કહેવામાં આવ્યું છે કે, ભારતભરના તમામ એરપોર્ટ પર સુરક્ષાના પગલાં વધારવામાં આવ્યા હોવાથી, અમે તમને વિનંતી કરીએ છીએ કે તમે પ્રસ્થાનના ઓછામાં ઓછા ૩ કલાક પહેલા એરપોર્ટ પર પહોંચો જેથી ચેક-ઈન અને બોર્ડિંગનો અનુભવ સરળ બને. અકાસા એરએ જણાવ્યું હતું કે, કૃપા કરીને ખાતરી કરો કે તમે એરપોર્ટમાં પ્રવેશવા માટે સરકાર દ્વારા માન્ય ફોટો ઓળખ દસ્તાવેજ સાથે રાખો. તમારા ચેક-ઈન સામાન ઉપરાંત, ૭ કિલો સુધીના વજનની માત્ર એક જ હેન્ડબેગને મંજૂરી આપવામાં આવશે. નિયમનકારી માર્ગદર્શિકા મુજબ, બધા મુસાફરોએ બોર્ડિંગ પહેલાં ગૌણ સુરક્ષા તપાસમાંથી પસાર થવું પડશે

## ડરવાની નહિ સતર્કતા જરૂરીઃ દિલ્લી એરપોર્ટ પરથી ફ્લાઈટસની ઉડાન

ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતા તણાવ વચ્ચે, દિલ્હી એરપોર્ટે જાહેરાત કરી છે કે ફ્લાઈટ કામગીરી સામાન્ય રહેશે. જોકે એરસ્પેસમાં ફેરફાર અને વધેલા સુરક્ષા પ્રોટોકોલને કારણે કેટલીક સેવાઓ પ્રભાવિત થઈ શકે છે. એક્સ પરની એક પોસ્ટમાં, એરપોર્ટ ઓથોરિટીએ મુસાફરોને વિનંતી કરી છે કે તેઓ રીઅલ-ટાઈમ અપડેટ્સ માટે તેમની એરલાઈન્સ સાથે સંકલનમાં રહે અને ફક્ત સત્તાવાર માહિતી પર આધાર રાખે. દિલ્હી એરપોર્ટ કામગીરી સામાન્ય રહે છે. બદલાતી એરસ્પેસ પરિસ્થિતિઓ અને વધેલી સુરક્ષાને કારણે કેટલીક ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ છે.

## હરામી પાક હજુ સુધરતું નથીઃ ચંદીગઢ, અમૃતસર, હરિયાણા અને પંચકુલામાં ડ્રોન હુમલાનાં સાયરન વાગ્યાં

ચંદીગઢ, અમૃતસર, હરિયાણા અને પંચકુલામાં ફરી સાયરન વાગ્યું છે વાયુસેનાએ ડ્રોન હુમલાની ચેતવણી આપી છે. આ દરમિયાન રાજનાથ ત્રણેય સેના પ્રમુખો સાથે ગુપ્ત બેઠક કરી રહ્યા છે. ચંદીગઢમાં ડ્રોન હુમલાનો સાયરન વાગ્યો છે. એરફોર્સ સ્ટેશને ચેતવણી જારી કરી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે પાકિસ્તાન તરફથી ડ્રોન હુમલાની શક્યતાને ધ્યાનમાં રાખીને સાયરન વગાડવામાં આવ્યું હતું. આનો અર્થ એ થયો કે પાકિસ્તાન ડ્રોનથી હુમલો કરી શકે છે. ચંદીગઢ ઉપરાંત અમૃતસર અને પંચકુલામાં પણ શાયરન વાગ્યાં છે.

## ભિખારી પાકિસ્તાને વિશ્વ પાસે મદદની ભીખ માંગી

ઓપરેશન સિંદૂરથી બોખલાયેલ પાકિસ્તાને ગત રાત્રે ભારત પર ડ્રોન એટેક કર્યો હતો જેનો ભારતે જડબાતોડ જવાબ અપાતા પાકિસ્તાનનાં લાહોર, કરાચી, ઈસ્લામાબાદ સહિતના અનેક સ્થળો પર ડ્રોન અને મિસાઈલ એટેક કર્યો હતો. જે બાદ ભીખુ પાકિસ્તાને વિશ્વ પાસે આર્થિક અને હથિયારોની ભીખ માંગવાનું શરૂ કર્યું છે.

### યે તો અભી ઝાંખી હૈ, પિક્ચર અભી બાકી હૈ...

## ભારતે ચીનાબ અને સલાલ ડેમના દરવાજા ખોલતા પાકના હાજા ગગડ્યાં

ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે બંને દેશો વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ રહી છે. ભારતે પાકિસ્તાનના દરેક હુમલાનો જડબાતોડ જવાબ આપી રહ્યું છે. ભારતની હવાઈ સુરક્ષા પ્રણાલીએ પાકિસ્તાની ડ્રોન અને મિસાઈલ હુમલાઓને નિષ્ફળ બનાવ્યા છે. ત્યારે હવે ભારતે ચિનાબ નદી પર બનેલા રિયાસીના સલાલ ડેમના ત્રણ દરવાજા ખોલી નાખ્યા છે. જેના પછી પીઓકેમાં પૂરની શક્યતા વધી ગઈ છે.દેશના ઘણા શહેરોમાં અફરાતફરીનો માહોલ છે. આ પછી, સવારે ભારતે ચિનાબ નદી પર બનેલા રિયાસીમાં સલાલ ડેમના ત્રણ દરવાજા ખોલી દીધા છે. અત્યાર સુધી, આ ડેમના દરવાજા બંધ કરીને, પાકિસ્તાન તરફ વહેતું પાણી રોકી દેવામાં આવ્યું હતું. સિંધુ જળ સંધિ રદ કર્યા પછી ભારતે આ પગલું ભર્યું હતું. હવે સલાલ ડેમના દરવાજા ફરીથી ખોલ્યા બાદ પીઓકેમાં પૂરની શક્યતા વધી ગઈ છે.હવે પાકિસ્તાન પર પૂરનો ખતરો મંડરાઈ રહ્યો છે. બીજી તરફ, ભારત રામબનમાં બગલીહાર ડેમ ગમે ત્યારે ખોલી અને બંધ કરી રહ્યું છે. ભારતે સ્પષ્ટ કરી દીધું છે કે જળ સંધિ રદ થઈ ચુકી છે. આ કારણે, હવે એ ભારતે નક્કી કરવાનું છે કે તે કેટલું પાણી છોડે છે.આના કારણે પાકિસ્તાનના નીચાણવાળા વિસ્તારો પાણીમાં ડૂબી જશે અને પાકિસ્તાન ભારતને એમ પણ નહીં કહી શકે કે તેમ પાણી કેમ છોડ્યું. આનાથી પાકિસ્તાનના લોકોની મુશ્કેલીઓ વધશે.

## સેનાની ગતિવિધિ કેપ્ચર કરતા નહિઃ તમારી એક ભૂલ દેશની સુરક્ષા પર જોખમ ઉભું કરી શકે

તણાવની સ્થિતિમાં સરકાર દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે કે, સેનાની કોઈ પણ ગતિવિધિ કેપ્ચર કરવી નહિ કે સોશિયલ મીડિયામાં અપલોડ કરવી નહિ. તમારા ઘર આસપાસ કે રસ્તા પર ઈન્ડિયન આર્મી દેખાય, આર્મીના વાહનો દેખાય તો તેના ફોટો વિડીયો લેશો નહિ. તમારા શહેર- ગામમાં થતી આર્મીની મુવમેન્ટ ના ફોટો વિડીયો વાયરલ કરશો નહિ. તમારી એક ભૂલ દેશની સુરક્ષા પર જોખમ ઉભું કરી શકે છે.

## અફવા ફેલાવતા ૮ હજાર એકાઉન્ટ સસ્પેન્ડ

પહેલગામ આતંકવાદી હુમલા અને પાકિસ્તાનની ફેક ન્યૂઝ ફેક્ટરીને રોકવા માટે, ભારત સરકારે હવે ડિજિટલ સ્ટ્રાઈક કરી છે અને ૮૦૦૦ પાકિસ્તાન સમર્થિત એક્સ એકાઉન્ટ્સ બંધ કરવાનો આદેશ જારી કર્યો છે. ગ્લોબલ ગવર્નમેન્ટ અફેર્સે એક્સ પર ટ્વિટ કર્યું કે ગ્લોબલ ગવર્નમેન્ટ અફેર્સ મામલે ભારત સરકાર તરફથી એક્ઝિક્યુટિવ ઓર્ડર મળ્યો છે. જે હેઠળ એક્સને ભારતમાં ૮,૦૦૦ થી વધુ ખાતા બ્લોક કરવા પડશે, જેના માટે કંપનીના સ્થાનિક કર્મચારીઓ માટે ભારે દંડ અને કેદ સહિત સંભવિત દંડની જોગવાઈ છે.

# લશ્કરી શ્વાનો પણ સૈનિકની જેમ હોય છે તાલીમબદ્ધ

## સૈનિક અને શ્વાનો વચ્ચે ખૂબ જ ઊંડો સંબંધ છે, પછી તે યુદ્ધ ભૂમિ હોય કે આતંકવાદીઓની ઘુસણખોરી, બોમ્બ ડીફ્યુઝીંગ કે સર્જિકલ સ્ટ્રાઈક તે દરેક જગ્યાએ મદદ કરે છેઃ રોમનોએ સૌ પ્રથમ તાલીમ પામેલા શ્વાનોનો ઉપયોગ યુદ્ધમાં કર્યો હતો

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

દરેક દેશની આર્મી પાસે તાલીમબદ્ધ ડોગ હોય છે. સૈનિક અને શ્વાનો વચ્ચે ખૂબ જ ઊંધો સંબંધ છે, પછી તે યુદ્ધભૂમિ હોય કે આંતકવાદીઓની ઘુસણખોરી, બોમ્બ ડિફ્યુઝિંગ કે સર્જીકલ સ્ટ્રાઈક આ શ્વાનો દરેક જગ્યાએ સૈન્યને મદદ કરતા હોય છે, તે જાણે છે કે તેને કેવી રીતે લડવું, કેવી રીતે બચાવ કાર્યમાં મદદ કરવી. લશ્કરી શ્વાનો પણ સૈનિકની જેમજ સખત તાલીમબદ્ધ હોય છે. આપણી સેના નો ઈતિહાસ પણ બહાદુર શ્વાનોની વાતોથી ભરેલો છે. આર્મી ડોગનું મુખ્ય કામ શોધ અને બચાવ છે, આ સિવાય લેન્ડમાઈન કે બોમ્બ શોધવામાં પણ મદદ કરે છે, ઘણીવાર તેમની બહાદુરીથી સૈનિકોના જીવ બચી જાય છે. આજે આ લેખમાં બીજા વિશ્વયુદ્ધમાં ઉપયોગમાં લેવાયેલા ડચ શેફર્ડ ડોગ પ્રજાતિની વાત પ્રસ્તુત છે. ડચ શેફર્ડ ડોગની સ્ટેમિના, રોગપ્રતિકારક શક્તિ પાવરફૂલ હોવાથી અન્ય ડોગની જેમ માંદા ઓછા પડે છેઃ આજકાલ સોશિયલ મીડિયામાં લોકોને બચાવતા વીડિયોમાં ડચ શેફર્ડ ડોગ જોવા મળે છે. પશુ-જનાવરના ઝુંડ માટે તેના માલિકો દ્વારા શેફર્ડ ડોગની પ્રજાતિ વિકાસાવી હતી. બધા જ દેશોમાં ત્યાંના પર્યાવરણ અનુસાર આ બ્રિડ વિકસાવી છે. મોખરાના સ્થાને જર્મન, ડચ, અમેરીકા વિગેરે દેશોએ પોતાની જરૂરિયાત મુજબ આ બ્રિડને વિકસાવી પોતાના દેશ પરથી તેનું નામ જોડીને બનાવ્યું. આથી જર્મન શેફર્ડ, બેલ્જિયમ શેફર્ડ, ડચ શેફર્ડ, આલ્સેશિયન, સીલોક, બાય, કિંગ, બોહેમાઈન જેવા નામો પ્રચલિત થયા છે.ડચ શેફર્ડની સ્ટેમિના, રોગપ્રતિકારક શક્તિ વધુ હોવાથી બીજા ડોગની જેમ માંદા ઓછા પડે છે.



તાલિમ આપવામાં પણ ખૂબ જ સહેલું પડે છે કારણ કે આ પ્રજાતિને નવુ-નવુ શિખવું ગમે છે. હાલ તેની બજાર કિંમત અંદાજે એક લાખ રૂપિયા જેવી છે. આપણા ગુજરાતમાં પણ શ્વાનપ્રેમી પાસે આ બ્રિડ છે. સમગ્ર દેશમાં બહુ જ ઓછા લોકો પાસે ડચ શેફર્ડ છે. દિલ્હી, બોમ્બેમાં આના ઉછેર બાબતે ડોગ માસ્ટર બ્રિડરો કાર્યરત થયા હોવાથી ત્યાં આની સંખ્યા બે આંકડે પહોંચવા આવી રહી છે, બીજી આ ડોગની વિશેષતામાં ઓછા વાળ હોવાથી ગ્રુમીંગ કરવાની જરૂરિયાત રહેતી નથી.

ડચ શેફર્ડનું વજન ૩૦ થી ૪૦ કિલો જેવું તે ઉંચાઈ ૫૭ થી ૬૨ સે.મી. જેવી હોય છે. વિદેશોમાં યુ.કે., જર્મની, નેધરલેન્ડ જેવા વિવિધ દેશોમાં લોકો સ્વરક્ષણ માટે તથા લશ્કરમાં વધુ ઉપયોગ કરે છે. તેમની સુંઘવાની શક્તિ પાવરફૂલ હોવાથી સ્નીફર તરીકે વધુ ઉપયોગ થાય છે. ૧૨ થી ૧૫ વર્ષ તેનું આયુષ્ય ગણાય છે. ડચ દેશના પશુઓ ચરાવતા હોય ત્યારે તેના રક્ષણ માટે ઉપયોગ વધુ થાય છે. આ માલિકોને બહુમુખી ડોગની જરૂરીયાત રહેતી હોવાથી આ કઠોરને બધા વાતાવરણમાં એડજસ્ટ કરે તેવી બ્રીડ હોવાથી ટૂંકાગાળામાં વિશ્વભરમાં પ્રચલિત થઈ ગઈ હતી.

ડચ શેફર્ડ લાંબા, ટૂંકા, મોટાવાળ વાળી પણ બ્રીડ હોય છે. મુખ્યત્વે બ્રીન્ડલ કલરમાં વધુ જોવા મળે છે. ૧૯૧૪ માં માત્ર બ્રિંડલ કલરમાં જ હતા. તે વખતના આ ડોગ જર્મન શેફર્ડ અને બેલ્જિયમ શેફર્ડ જાતીને મળતી હોવાથી તેને અલગ માન્યતા મળી. ડોગની દુનિયામાં ડચ શેફર્ડ આજે છે તે સો વર્ષ પહેલા હતા તેવી જ બ્રિડ છે. ખેતરોમાં બીજા જાનવરો આવીને બગાડ ન કરે તે માટે આ શ્વાન બહુ જ સુંદર કામગીરી કરે છે. આ બ્રિડનો નેધરલેન્ડમાં ખૂબ જ વિકાસ થયો છે. આ શ્વાનને તાલિમબધ્ધ કરીને આજે લશ્કર અને પોલીસ ઉપયોગ કરે છે. અંધ માટે આ ડચ શેફર્ડને પ્રશિક્ષણ કરીને ખૂબ જ સારી કામગીરી વિદેશોમાં કરાય છે. ખેતીમાં આધુનિક આવી જતા ડચ શેફર્ડની આબાદી ઓછી થતી જોવા મળે છે. માણસને તેની જરૂર ન જણાતા લોકો તેને હવે પાળતા ન હોવાથી આ સમસ્યા જોવા મળી રહી છે. ૧૯૪૦ થી ૫૦ માં તો આ પ્રજાતિ લુપ્ત થવાના આરે હતી. બીજા વિશ્વયુધ્ધ પછી નેધરલેન્ડમાં ડોગ પ્રજાતિના પ્રજનન ઉપર રોક લગાવતા ભોજન માટે ટળવળીને પણ ડોગ મૃત્યુ પામ્યા હતા. તેમના જીનેટીકમાં વિવિધતા લાવવાને કારણે નવી બ્રિડ વિકસાવવા માટે પણ તેના ઉપયોગ થયો. બેલ્જિયમ શેફર્ડ પ્રજાતિ તેને કારણે જ બની હતી. ૧૯૫૯માં બ્રીડ ક્લબના પ્રયાસોને કારણે ફરીથી પ્રજનન કાર્ય શરૂ થતા બેલ્જિયમ લાયેકેનોઈસનો ઉપયોગ થયો. આજે તો ડચ શેફર્ડ એક દુર્લભ શ્વાન પ્રજાતિ છે. તેના વાળ લાંબા, ટૂંકા, મોટાના આધારે તેને નામાંકિત કરાય છે. ઘણા ડોગમાં તેનું મોઢું આખુ કાળું જોવા મળે છે.

ડચ શેફર્ડ વફાદાર, વિશ્વાસુ, સતર્ક, સક્રિય, બુધ્ધિશાળીને આજ્ઞાપાલક હોય છે. તેને સોંપાયેલું કાર્ય સ્વતંત્ર રીતે પુરૂ કરે છે. આક્રમક સ્વભાવ હોય છે. ૨૦૦૮માં આના માટે હેલ્પલાઈન પણ શરૂ કરાઈ હતી.

રફ વાળ હોવાથી અઠવાડિયામાં એકવાર બ્રશ ફેરવવું જરૂરી છે. વરસમાં બે વાર મરી ગયેલા વાળને હાથથી ફેરવીને કાઢવા પડે છે. ડચ પોલીસ ડોગ સ્કોડની સ્થાપના ૧૯૦૭માં કરવામાં આવી હતી. દર વર્ષે તેની જનજાગૃતિ માટે કાર્યક્રમ પણ યોજાય છે. વૈશ્વિકસ્તરે ડોગની વિવિધ બ્રીડનું રજીસ્ટ્રેશન કામ ચાલુ છે. જેમાં દુનિયાના બધા દેશોના ડોગના વિકાસ માટે, બ્રિડીંગ માટે પ્રજાતિ નવી કરવા વિવિધ કાર્યો થઈ રહ્યાં છે. હાલ ૧૦૦થી વધુ દેશો તેના સભ્યો છે. બધા દેશો પોતાની પે ડિગ્રી જાહેર કરે છે. અમેરિકામાં ડચ શેફર્ડ ૧૯૯૫માં નોંધ કરાય હતી. અમેરીકાના ૫૦થી વધુ રાજ્યોમાં ૨૫ થી વધારે વિદેશી ડોગનું રજીસ્ટર કર્યું. હમણાં સોશ્યલ મીડીયામાં ડોગ લોકોને બચાવતા હોય તેવા વિડીયો જોવા મળે છે તે આ બ્રિડ છે. ડચ શેફર્ડ મૂળરૂપથી જર્મન શેફર્ડ અને બેલ્જિયમ શેફર્ડથી અલગ પડે છે. જેમાં તેના વાળ અને રંગ મહત્વના છે. બીજા વિશ્વયુધ્ધ પછી જર્મની લશ્કરમાં તેની વધુ સેવા લેવાઈ હતી. આ ડોગ શ્રેષ્ઠ પહેરદાર અને પરિવાર માટે વફાદાર હોય છે. માદા કરતા નર થોડા મોટા હોય છે. આ ડોગની બચાવ, શોધખોળ, ગાઈડ ડોગ ડ્યુટી, ફિલ્ડ ટ્રેનીંગમાં ખૂબ જ ચપળ હોય છે.

### યુદ્ધના મેદાનો જેટલા જૂના છે, તેટલું જ સૈનિક અને શ્વાનો વચ્ચેનું બંધન

દરેક દેશો પાસે પોતાની આર્મીમાં ડોગ્સ સ્વોક્ડ હોય છે. પ્રથમ વિશ્વ યુદ્ધ બાદ બીજા વિશ્વયુદ્ધમાં લશ્કરી દળો સાથે શ્વાનોનો પણ ઉપયોગ રોમનો એ પ્રથમવાર કરેલ હતો. આજે વિશ્વમાં દરેક દેશોના પોતાના સૈન્યમાં શ્વાનોને પણ ઉમેરો કરેલ છે, જેમાં ટોપ ટેન પ્રજાતિમાં બેલ્જિયમ મેલીનોઝ, લેબ્રાડોર રીટ્રીવર, ડચ શેફર્ડ, ડોબરમેન, રોટવીલર, અલાસ્કન માલામુટ, બૂલટેરિયર અને જાયન્ટ શોન્ઝર શ્વાનોની પ્રજાતિ જાણીતી છે. લશ્કરી શ્વાનો યુદ્ધ વખતે સુંદર કામગીરી કરતા હોય છે.

વિશ્વમાં અમેરીકામાં ડચ શેફર્ડ રેસ્કયુ નામથી સંગઠન કાર્યરત છે. આ ડોગ ઉર્જાવાનને એથ્લેટીક જેવું કાર્ય કરતો હોવાથી સંતુલીત પોષ્ટિક ખોરાકની જરૂર પડે છે. સુખા ભોજન આ બ્રિડ માટે શ્રેષ્ઠ હોય છે. આજકાલ લોકો વિવિધ ડોગ પાળી રહ્યા ત્યારે આવા લાખેણા ડોગ પણ હવે લોકો પાળવા લાગ્યા છે. શેફર્ડ કુળના આલ્શેસિયન, જર્મન શેફર્ડ બેલ્જિયમ શેફર્ડ સાથે હવે લોકો ડચ શેફર્ડ પાળવા લાગ્યા છે. માનવ જાતનું સૌથી શ્રેષ્ઠ મિત્ર ડોગ છે તે ક્યારેય માલિકને દગો નથી કરતું, પુરતી વફાદારી સાથે તેમનું રક્ષણ કરે છે.





**આર્મી ડોગનું મુખ્ય કામ શોધ અને બચાવ છે, આ સિવાય લેન્ડમાઈન કે બોમ્બ શોધવામાં પણ મદદ કરે છે, ઘણીવાર તેમની બહાદુરીથી સૈનિકોના જીવ બચી જાય છેઃ સેનાનો ઈતિહાસ બહાદુર શ્વાનોની વાતોથી ભરેલો છે**

# ગોંડલઃ ડુંગર ગુરૂભક્તિ મહોત્સવ પ્રસંગે કાલે ધીરગુરૂદેવની પધરામણી

## ચતુર્વિધ સંઘના સાનિધ્યે સોમવારે ગુરૂભક્તિ યાત્રા

**અબતક, રાજકોટ**

ગોંડલ-નવાગઢ સ્થાનકવાસી જૈન સંઘના ઉપક્રમે નિદ્રા વિજેતા, એકાવતારી, આચાર્યદેવ પૂ.ડુંગરસિંહજી સ્વામીની ૨૦૫મી પુણ્યતિથિ ઉપલક્ષે તા. ૧૨/૦૫/૨૫ ને સોમવારે ગુરુભકિત પૂનમ મહોત્સવનું ભવ્ય આયોજન કરાયું છે. આ પાવન પ્રસંગે પ્રથમવાર પૂ.ધીરગુરુદેવ તા.૧૦ ને શનિવારે ગોંડલ પધારતા હોય અનેરો ધર્મોલાસ છવાયેલો છે. સવારે ૭:૩૦ કલાકે અક્ષર મંદિરથી ચતુર્વિધ સંઘની યાત્રા કોલેજ ચોક ખાતે કાંતિભાઈ શેઠ (મહાવીરકુંજ)ના નિવાસેથી ધર્મસભામાં ફેરવાયા બાદ નવકારશી રાખેલ છે.

જયોતિબાઈ મ. સ., સ્મિતાબાઈ મ.સ., મીના - સુનંદાજી મ.સ., તરૂબાઈ મ. સ., જયોતિબાઈ મ. સ. આદિ સંઘાણીના પંથક મુનિ મ. સા., ઉષાબાઈ મ. સ. આદિનું મિલન થશે. તા.૧૧ ને રવિવારે સંઘાણીના



પૂજ્ય નંદાભાઈ મ. સ. ના ૮૧ આયંબિલ તપની પૂર્ણાહુતિ નિમિત્તે હેવન ઈઝ હિયર વિષય પર પ્રવચન અને ગૌતમ પ્રસાદ રાખેલ છે. તા.૧૨ ને સોમવારે સવારે ૦૭:૧૫ કલાકે જ્યોત્સનાબેન ગોવિંદભાઈ દેસાઈ પ્રેરિત નવકારશીનું વાડીમાં વાડીમાં આયોજન કરેલ છે. ૮:૧૫ કલાકે ગુરૂભક્તિ યાત્રા મુખ્ય માર્ગે થઈ મહેતા ઉપાશ્રયે પૂર્ણ થયા બાદ ૯:૧૫ કલાકે લુહાણા મહાજન વાડીમાં વ્યાખ્યાન યોજાશે. બપોરે ૧૨:૩૦ કલાકે શ્રીમતી મંજુલાબેન રમેશભાઈ ધડુક હસ્તે મોના નિમેશ સાવન ધડુક પરિવાર, દ્રષ્ટિ ફેનીકુમાર વેકરીયા તરફથી ગુરુપ્રસાદનું આયોજન કરાયું છે. સકલસંઘોને ગુરુભક્તિ મહોત્સવમાં ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

# ટેકાના ભાવે જણસીની ખરીદીમાં રાજ્યોની ઉત્પાદન મર્યાદા વધારો

## દેશભરમાં ૨૯ મેથી ૧૨ જૂન દરમિયાન યોજાશે વિકસિત કૃષિ સંકલન અભિયાન

**અબતક, રાજકોટ**

ભારત સરકાર દ્વારા નવી દિલ્હી ખાતે કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણની અધ્યક્ષતા હેઠળ રાષ્ટ્રીય કૃષિ સંમેલનઃ ખરીફ અભિયાન-૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ગુજરાત સરકારના પ્રતિનિધિ તરીકે કૃષિ મંત્રી રાઘવજી પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આગામી ખરીફ સીઝનના આયોજન માટે યોજાયેલા આ સંમેલનમાં કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો.અંજુ શર્મા તેમજ ખેતી નિયામક પી. એસ. રબારી સહિતના ઉચ્ચ અધિકારીઓ પણ સહભાગી થયા હતા.

સંમેલનમાં કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનની જાહેરાત કરતા કહ્યું હતું કે, દેશના ખેડૂતોની જમીનનું સ્વાસ્થ્ય જાળવીને ખેત ઉત્પાદકતા વધારવા તેમજ પ્રાકૃતિક કૃષિને વેગ આપવા માટે ભારત સરકાર દ્વારા દેશભરમાં આગામી તા. ૨૯ મે થી ૧૨ જૂન દરમિયાન વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન યોજવામાં આવશે. આ અભિયાન દરમિયાન આશરે ૨,૦૦૦ જેટલા કૃષિ વૈજ્ઞાનિકો દેશના ૭૦૦ જિલ્લાની મુલાકાત લઈને સ્થાનિક ખેડૂતોને જમીન સ્વાસ્થ્ય, ખરીફ પાક, બિયારણ તેમજ પ્રાકૃતિક કૃષિ સંદર્ભે માર્ગદર્શન તેમજ સરકારની કૃષિલક્ષી યોજનાઓની માહિતી આપશે.

આ રાષ્ટ્રીય સંમેલનમાં સંબોધન દરમિયાન કૃષિ મંત્રી રાઘવજી પટેલે ગુજરાતના ખેડૂતો વતી ભારત સરકારને ટેકાના ભાવની ખરીદી માટે રાજ્યના કુલ ઉત્પાદનના ૨૫ ટકાની મર્યાદાને વધારીને ૪૦ ટકા કરવા માટે તેમજ દિવેલા પાકને ટેકાના ભાવે ખરીદીમાં સમાવવા માટે ભલામણ કરી હતી. આ ઉપરાંત કૃષિ મંત્રીએ આગામી ખરીફ-૨૦૨૫માં વાવેતર સમયે જરૂરી એવા ડીએપી ખાતર તેમજ અન્ય ખાતરોની માંગ મુજબ ઉપલબ્ધતા થાય અને સમયસર ખાતરની ફાળવણી થાય તે માટે પણ રજૂઆત કરી હતી. આટલું જ નહિ, મંત્રી પટેલે રાષ્ટ્રીય સંમેલનમાં ઉપસ્થિત સૌને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શરૂ કરાવેલી કૃષિ મહોત્સવ, પાક ધિરાણ જેવી ગુજરાત સરકારની કૃષિલક્ષી નવતર પહેલોની સફળતા, સિદ્ધિઓ તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ચાલુ વર્ષે ખેડૂતોના હિતમાં અમલમાં આવનાર નવી યોજનાઓ અંગે માહિતગાર કર્યા હતા. તદુપરાંત, મંત્રીએ રાજ્યના ખેડૂતોને રૂ.૩ લાખના સ્થાને રૂ.૫ લાખનું પાક ધિરાણ ઝડપથી મળે તેવી વ્યવસ્થા કરવા તેમજ સરકારની વિવિધ યોજનાઓ હેઠળ કરવા પાત્ર જરૂરી ફેરફાર બાબતે પણ ભારત સરકારને સૂચન કર્યું હતું. આ પ્રસંગે વિવિધ રાજ્યોના કૃષિ મંત્રીઓ, ભારત સરકારના કૃષિ મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓ તેમજ વિવિધ રાજ્યોમાંથી સંમેલનમાં સહભાગી થવા પધારેલા કૃષિ વિભાગના અધિકારી-કર્મચારીઓ અને વિષય નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા હતા.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૯-૦૫-૨૦૨૫ શુક્રવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (નાડી દોષ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (દળ કાલબેલિયા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (દિલીપસિંહ બારડ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (રંગ રંગીલા ગુજ્જુભાઈ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ સ્ટેન્ડઅપ કોમેડી
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૦-૦૫-૨૦૨૫ શનિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરી બાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટિવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૧૦-૫-૨૦૨૫ શનીવાર**

| | |
|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૧ શાલીવાહન શકિઃ ૧૯૪૭ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૫ |
| તિથી | વૈશાખ શુદ તેરશ |
| નક્ષત્ર | ચિત્રા |
| યોગ | સિધ્ધિ કરણઃ ગર |
| સુર્યોદય | ૬.૧૧ સુર્યાસ્તઃ ૭.૧૬ |
| ચંદ્ર રાશી | કન્યા બપોરે ૧.૨૩ થી તુલા |
| રાશિ અક્ષર | પ.ઠ.ણ/ર.ત. |
| દિશાશૂળ | પૂર્વ દિશા તરફ |
| રાહુકાળ | સવારે ૯ થી ૧૦.૩૦ |
| દિવસનાચોઘડીયા | કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ |
| રાત્રીનાચોઘડીયા | લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૧૮ થી ૧.૧૦ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૧૫૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | ૩ | ૭ | | | | ૨ | |
| | | ૮ | | | | | | ૧ |
| | ૯ | | ૬ | | | ૪ | ૩ | |
| | | | | ૨ | ૭ | ૩ | | ૯ |
| ૮ | | | ૧ | | ૯ | ૭ | | |
| ૩ | | ૯ | | | | ૧ | ૪ | |
| | ૮ | ૪ | | | | | ૬ | |
| ૧ | ૩ | | | ૬ | ૫ | ૨ | ૯ | |
| | | | | | | | | ૭ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૫૦ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૧ | ૬ | ૩ | ૭ | ૪ | ૫ | ૯ | ૮ |
| ૯ | ૪ | ૩ | ૬ | ૮ | ૫ | ૨ | ૭ | ૧ |
| ૭ | ૫ | ૮ | ૯ | ૧ | ૨ | ૬ | ૪ | ૩ |
| ૮ | ૬ | ૧ | ૨ | ૩ | ૭ | ૪ | ૫ | ૯ |
| ૩ | ૭ | ૫ | ૪ | ૬ | ૯ | ૮ | ૧ | ૨ |
| ૪ | ૨ | ૯ | ૮ | ૫ | ૧ | ૭ | ૩ | ૬ |
| ૧ | ૩ | ૨ | ૫ | ૪ | ૮ | ૯ | ૬ | ૭ |
| ૬ | ૯ | ૪ | ૭ | ૨ | ૩ | ૧ | ૮ | ૫ |
| ૫ | ૮ | ૭ | ૧ | ૯ | ૬ | ૩ | ૨ | ૪ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૦.૫.૨૦૨૫, શનિવાર, સંવંત ૨૦૮૧, વૈશાખ સુદ તેરસ, ચિત્રા નક્ષત્ર, સિદ્ધિ યોગ,ગર કરણ આજે બપોરે ૧.૪૧ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ કન્યા (પ,ઠ,ણ) ત્યારબાદ તુલા (ર,ત) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** તબિયતની કાળજી લેવી,ખાવા પીવા માં ખ્યાલ રાખવો, વધુ પડતી દોડધામ ટાળવા સલાહ છે.

**વૃષભ (બ,વ,ઉ) :** સંતાન અંગે સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો, ગમતી વ્યક્તિથી મુલાકાત થાય.

**મિથુન (ક,છ,ઘ) :** તમામ ભૌતિક સુખ સગવડ આપતો દિવસ, પ્રગતિ થાય, આજ દિવસે યોગ્ય નિર્ણય કરી શકો.

**કર્ક (ડ,હ) :** સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, મિત્રોની મદદ મળી રહે.

**સિંહ (મ,ટ) :** તમારા યોગ્ય વાણી-વર્તનથી અટકલેલાં કાર્ય પૂર્ણ કરી શકો, સામી વ્યક્તિ પાસેથી કામ લઈ શકો, શુભ દિન.

**કન્યા (પ,ઠ,ણ) :** તમારા ક્ષેત્ર માં તમે આગળ વધી શકો, રચનાત્મક કામગીરી કરી શકો, તમારા કાર્યની સરાહના થાય.

**તુલા (ર,ત) :** ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, કામ કાર્યનો સંતોષ પ્રાપ્ત થાય, યોગ્ય જગ્યા એ નાણાં રોકી શકો.

**વૃશ્ચિક (ન,ય) :** વેપારીવર્ગને મધ્યમ રહે, સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક,તમારા હક માટે અવાજ ઉઠાવી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** નોકરિયાતવર્ગને ઈચ્છીત કામગીરી મળે, વેપારીવર્ગને લાભ થાય, ધંધા રોજગાર માં સારું રહે, પ્રગતિ થાય.

**મકર (ખ,જ) :** ઘણા સમયથી રાહ જોઈ રહ્યા હોય તેવું વાતાવરણ બને, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે.

**કુંભ (ગ,સ,શ) :** ભ્રમની સ્થિતિઓમાંથી હવે બહાર આવવાની જરૂર છે, તમે સત્ય સ્વીકારી બુદ્ધિપુર્વક આગળ વધશો તો લાભ થશે.

**મીન (દ,ચ,ઝ,થ) :** આંતરિક જીવનમાં મધ્યમ રહે પણ જાહેરજીવનમાં સારું રહે, યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

## પાકિસ્તાનના બહારથી લાવેલા હથિયારો રમકડાના સાબિત થઈ રહ્યા છે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

પિશાચયોગ અને કાલસર્પયોગ વચ્ચે ભારત પાકિસ્તાનના એક પછી એક મનસૂબા પર પાણી ફેરવાતું જાય છે અને ભારતીય સેના વિશ્વની અવ્વલ સેનાની જેમ જ દેશની હિફાઝત કરી રહી છે, તા. ૮ પર શનિનો પ્રભાવ અને ૮ મેં ગણીએ તો રાહુના પ્રભાવ સાથે આવેલી ચુનોતીને ભારતીય સેનાએ સહર્ષ સ્વીકારી જડબાતોડ જવાબ આપ્યો અને હજુ આગામી દિવસોમાં પાકિસ્તાનને ઘૂંટણિયે લાવવામાં ભારતીય સેના સક્ષમ છે અને ગ્રહો પણ ભારતની મોટી કાર્યવાહીની સાક્ષી પુરે છે જેમાં પાકિસ્તાન માટે દિવસે દિવસે સંજોગો કપરા થતા જાય છે જે વિષે હું અગાઉ પણ લખી ચુક્યો છું.પાકિસ્તાન તેના બહારથી લાવેલા જે હથિયારોના જોરે ગુમાન કરી રહ્યું છે તે રમકડાના સાબિત થઈ રહ્યા છે. કાલસર્પયોગની ધરીમાંથી શનિવારે બપોરે નીકળશે પછી ભારત વધુ સક્ષમ રીતે બહાર આવશે અને આ બધા વચ્ચે ધીમે ધીમે પાકિસ્તાન વિનાશ તરફ ધકેલાઈ રહ્યું છે કેમ કે તેની અષ્ટમેશ મંગળની દશા આવી રહી છે જેની અસર અત્યારથી જ શરુ થઈ ગઈ છે. ભારત સામે પાકિસ્તાન ટકી શકે તેમ નથી તે સત્ય જાણ્યા પછી અને વિશ્વસમુદાયની ચેતવણી પછી પણ પાકિસ્તાન ખોખરા ખાઈ રહ્યું છે જે તેની દુર્દશાની નિશાની છે.!!!

# CP, IG અને SPને એલર્ટ રહેવા આદેશ

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની મંત્રીઓ તેમજ ઉચ્ચ અધિકારીઓ સાથે તાકીદની બેઠક

**અબતક, રાજકોટ**

તણાવની સ્થિતિમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે તાકીદની બેઠક બોલાવી હતી. જેમાં રાજ્યભરના ઉચ્ચ અધિકારીઓ તેમજ મંત્રીઓ હાજર રહ્યા હતા. આ બેઠકમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યભરના પોલીસ કમિશનર, રેન્જ આઈજી અને જિલ્લા પોલીસવડાને એલર્ટ પર રહેવા આદેશ આપ્યા છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતના સરહદી વિસ્તારોમાં પણ ડ્રોને દેખા દીધા બાદ તાત્કાલિક બેઠક બોલાવવામાં આવી છે. સુરક્ષા વ્યવસ્થાને અનુસંધાને આ બેઠક અત્યંત મહત્વપૂર્ણ ગણવામાં આવી રહી છે રાજ્યના ૧૮ જિલ્લાઓને પણ હાલ હાઈ એલર્ટ મોડ પર મૂકી દેવામાં આવ્યા છે. દરિયાઈ વિસ્તાર ધરાવતા તમામ જિલ્લાના પોલીસવડાઓને પણ સઘન પેટ્રોલિંગ હાથ ધરવા સૂચના આપી દેવામાં આવી છે.

પ્રાપ્ત વિગત અનુસાર ગઈકાલે રાત્રે ઓપરેશન સિંદૂરથી બોખલાયેલ પાકિસ્તાને ભારતના પશ્ચિમી સરહદી વિસ્તારમાં હમાસ સ્ટાઈલથી ડ્રોન એટેક કરવાનો હીન પ્રયાસ કર્યો હતો. જે એટેકને ભારતીય સેનાએ નિષ્ફળ બનાવી વળતો હુમલો કરી પાકિસ્તાનના મુખ્ય શહેરો ઈસ્લામાબાદ, કરાચી, લાહોર શિયાલકોટ, પેશાવર સહિતના એર ડિફેન્સ સિસ્ટમને તબાહ કરી જડબાતોડ જવાબ આપ્યો છે. જે બાદ પણ ભીખુ પાકિસ્તાન સુધારવાનું નામ ન લેતું હોય તે રીતે આજે સવારથી જ ભારતના અનેક શહેરોમાં સાયરન વાગતા ડ્રોન એટેકની ચેતવણી જાહેર કરવામાં આવી છે. જેના પગલે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે તાકીદની બેઠક બોલાવી હતી. આ બેઠકમાં વિવિધ મંત્રીઓ તેમજ ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

મુખ્યમંત્રીની બેઠકમાં રાજ્યના તમામ પોલીસ કમિશનર રેન્જ આઈજી અને એસપીને એલર્ટ આપવામાં આવ્યું છે. પોલીસ કમિશનર અને એસપીને તેમના વિસ્તારમાં સતત પેટ્રોલિંગ હાથ ધરી શંકાસ્પદ ગતિવિધિ પર નજર રાખવા માટે આદેશ આપવામાં આવ્યો છે. કોઈપણ શંકાસ્પદ ગતિવિધિ જણાય તો તાત્કાલિક ડીજીપી ઓફિસને જાણ કરવાની પણ સુચના આપી દેવામાં આવી છે. ઉલ્લેખનીય બાબત છે કે ગઈકાલથી જ ગુજરાતના કચ્છ, બનાસકાંઠા, પાટણ સહિતના ૧૮ જિલ્લાઓને પણ હાઈ એલર્ટ પર મૂકી દેવામાં આવ્યા છે. ગઈકાલે ભુજ સહિતના વિસ્તારોમાં પાકિસ્તાની ડ્રોને દેખા દીધી હતી પરંતુ કોઈ દુર્ઘટના સર્જાય તે પૂર્વે જ ડ્રોનને હવામાં જ નષ્ટ કરી દેવામાં આવ્યા હતા.

હવે પાકિસ્તાન જો કોઈપણ હુમલો કરે તો તેને પહોંચી વળવા માટે જ્યારે સેના સંપૂર્ણ રીતે તૈયાર છે ત્યારે મુખ્યમંત્રીએ રાજ્યભરની પોલીસને પણ તાત્કાલિક એલર્ટ થઈ તમામ ગતિવિધિઓ પર નજર રાખવા માટે આદેશ આપ્યા છે. ગુજરાતના અનેક જિલ્લા સરહદી વિસ્તાર ધરાવે છે. જેમાં બનાસકાંઠા કચ્છથી માંડી દરિયાઈ સીમા ધરાવતા જામનગર અને દ્વારકાનો પણ સમાવેશ થાય છે. ત્યારે આ તમામ જિલ્લાઓને હાઈ એલર્ટ પર મૂકી દેવામાં આવ્યા છે. સરહદી વિસ્તારમાં પોલીસે સઘન પેટ્રોલિંગ શરૂ કરી દીધું છે. તમામ ગતિવિધિઓ પર બારીકાઈપૂર્વક નજર રાખવામાં આવી રહી છે. તમામ શંકાસ્પદ ગતિવિધિને ગંભીરતાથી લઈ કાર્યવાહી આરંભી દેવામાં આવી છે.

# શેરબજાર ધડામ: સેન્સેક્સ-નિફ્ટીમાં તોતીંગ કડાકો

## સેન્સેક્સમાં ૯૦૦થી વધુ અને નિફ્ટીમાં ૩૦૦થી વધુ પોઈન્ટનો કડાકો



**અબતક, રાજકોટ**

આજે સપ્તાહના અંતીમ ટ્રેડીંગ સેશનમાં મુંબઈ શેરબજારના બંને આગેવાન ઈન્ડેક્સો રેડ ઝોનમાં ખૂલ્યા હતા સેન્સેકસે ઈન્ટ્રા ડેમાં ૭૯ હજારની સપાટી તોડી હતી અને ૭૮૯૬૮.૩૪ સુધી નીચે સરકી ગયો હતો ઉપલી સપાટી ૮૦૦૩૨.૯૩ રહેવા પામી હતી. ૧૧૦૦ પોઈન્ટની અફરાતફરી રહી હતી જયારે નિફ્ટીએ પણ ૨૪ હજારની સપાટી તોડી હતી.

ભારત અને પાકિસ્તાન વચ્ચે હાલ યુધ્ધ જેવી સ્થિતિનું નિર્માણ સર્જાઈ ગઈ છે. બંને દેશો વચ્ચે હાલ ડ્રોન હુમલા થઈ રહ્યા છે. આજે ભારતીય શેરબજારમાં મંદીનો બ્લાસ્ટ થયો હતો. સેન્સેકસ અને નિફ્ટીમાં જોરદાર કડાકા બોલી ગયા હતા બીજી તરફ પાકિસ્તાનના શેર બજારના તો સુપડાસાફ થઈ ગયા છે. અને ૨૩૯૩૫.૭૫ ના નીચલા લેવલે સરકી હતી જયારે ઉપલી સપાટી ૨૪૧૬૪.૨૫ રહેવા પામી હતી.

બેંક નિફ્ટી, નિફ્ટી મીડકેપ ૧૦૦માં પણ જોરદાર કડાકા બોલી ગયા છે. આ લખાય રહ્યું છે. ત્યારે સેન્સેકસ ૬૦૦ પોઈન્ટના ઘટાડા સાથે ૭૯૭૩૫ અને ૧૯૮ પોઈન્ટના ઘટાડા સાથે ૨૪૦૭૫ પોઈન્ટ પર કામકાજ કરી રહ્યા છે.

# સુરેન્દ્રનગર ખાતે આપદા સમયે સુવિધાથી સજજ રહેવા પ્રભારી સચીવની 'હાંકલ'

## પ્રિ-મોન્સુન કામગીરી કંટ્રોલ રૂમ વગેરે બાબતો અંગે અધિકારીઓ સાથે સમીક્ષા કરાઈ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર શહેરના સર્કિટ હાઉસ ખાતે જીલ્લા પ્રભારીની અધ્યક્ષતામાં જીલ્લાના વરિષ્ટ અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી જેમાં સચીવે તમામ વિભાગોની કામગીરી વિશે વિસ્તૃત માહિતી મેળવી સમીક્ષા હાથ ધરી હતી. આ બેઠકમાં જીલ્લા કલેકટરે પ્રભારી સચીવને વિવિધ વિભાગોની જીલ્લા કક્ષાએ થયેલ કામગીરી વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

જ્યારે આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં લઈને પ્રિ-મોન્સુન તૈયારીઓ વિશે ઝીણવટભરી માહિતી મેળવતા સચિવે પી.જી.વી.સી.એલ. વિભાગને વીજ પુરવઠો જળવાઈ રહે તે માટે વૈકલ્પિક વ્યવસ્થા, આરોગ્ય વિભાગને મેડિકલ સ્ટાફ, દવાનો સ્ટોક, બ્લડબેંક અને એમ્બ્યુલન્સ પૂરતી સંખ્યામાં તૈનાત રાખવા, માર્ગ અને મકાન વિભાગને ડમ્પર, ટ્રક, જે.સી.બી. સહિતની આપદા સમયે ઉપયોગમાં લેનારી અન્ય મશીનરી તૈયાર રાખવા જણાવ્યું હતું. તેમજ પુરવઠા વિભાગને અનાજનો જથ્થો, પોલીસ વિભાગને લોકોની સલામતી, સુરક્ષા સહિતની બાબતો પર ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

આ ઉપરાંત આપાતકાલીન પરિસ્થિતિઓમાં જિલ્લા કક્ષાએ કંટ્રોલ રૂમ, શેલ્ટર હોમ, સ્વયંસેવકોની યાદી તૈયાર કરવા, અગત્યનાંસંપર્ક નંબર્સની યાદી અપડેટ કરવા જણાવ્યું હતું. આ ઉપરાંત દરેક તાલુકા કક્ષાએ આ સંદર્ભે બેઠક યોજી વિસ્તૃત કામગીરી હાથ ધરવા જણાવ્યું હતું. આ તકે જીલ્લા પ્રભારી રાકેશ શંકર, જીલ્લા કલેકટર ડો. રાજેન્દ્રકુમાર પટેલ, મ્યુનિસિપલ કમિશનર નવનાથ ગ્વહાણે, જિલ્લા વિકાસ અધિકારી, નાયબ પોલીસ મહાનિર્દેશક ડો.ગિરીશ પંડ્યા, નિવાસી અધિક કલેકટર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક સહિત જિલ્લા વહીવટી તંત્રના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# શહેરોનાં વિકાસને વેગ આપવા રૂ. ૨૨૦૪ કરોડની માતબર ફાળવણી

## ત્રણ નવ રચિત મહાનગરપાલિકા આણંદ-પોરબંદર-મહેસાણા તેમજ પાંચ મોટી મહાનગરપાલિકા સુરત- ગાંધીનગર-ભાવનગર-જામનગર-વડોદરા અને ત્રણ શહેરી વિકાસ વિસ્તાર સત્તામંડળ સુડા-રૂડા-બાડા અને પાંચ નગરપાલિકાઓને મળશે વિવિધ વિકાસકામોનો લાભ

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ અન્વયે શહેરો અને શહેરી વિસ્તારોના સુઆયોજિત વિકાસ સાથે અર્નિંગવેલ લીવીંગવેલનો ધ્યેય સાકાર કરવા નગરો-મહાનગરોમાં ૨૨૦૪.૮૫ કરોડ રૂપિયાના કામોને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

મુખ્યમંત્રી સમક્ષ સંબંધિત મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તામંડળોએ સ્થાનિક જરૂરિયાત મુજબના વિકાસ કામો માટે સામાન્ય સભામાં મંજૂરી લઈને નાણાં ફાળવવાની કરેલી માંગણી અનુસાર મુખ્યમંત્રીએ આ રકમ ફાળવવાની અનુમતિ આપી છે.

શહેરી પરિવેશમાં પરિવર્તન અને નાગરિકોના સશક્તીકરણથી વર્લ્ડ કલાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથેના શહેરોના નિર્માણનો હેતુ વિકાસ કામોની આ સૈદ્ધાંતિક મંજૂરીઓમાં અભિપ્રેત છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શહેરી વિકાસ વિભાગના આ વર્ષના બજેટમાં ૨૦૨૪-૨૫ના ગત વર્ષના બજેટ કરતા ૪૦ ટકા વધારો કરીને ૩૦,૩૨૫ કરોડ રૂપિયા ફાળવ્યાં છે.

તેમણે નાગરિક કેન્દ્રીત શહેરોના નિર્માણને કેન્દ્રસ્થાને રાખીને આ હેતુસર સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના વિવિધ ઘટકોમાંથી જે તે નગર-મહાનગરની જરૂરિયાત મુજબના કામો માટે નાણા ફાળવવા અનુમતિ આપી છે.

મુખ્યમંત્રીએ શહેરી વિસ્તારોમાં સડકોના નિર્માણ માટે મુખ્યમંત્રી શહેરી સડક યોજના અન્વયે કુલ ૫૯૭.૭૩ કરોડ રૂપિયાના કામો મંજૂર કર્યા છે.

આ કામો અંતર્ગત સુરત મહાનગરપાલિકામાં ૮૫૭ જેટલા માર્ગોના કામો કારપેટ, રી-કારપેટ, હયાત રસ્તા પહોળા કરવા, નવા બનાવવા, સી.સી. રોડ એમ બહુવિધ કામો માટે ૪૬૪.૯૨ કરોડના કામ કામો મંજુર કર્યા છે.

ભાવનગર મહાનગરપાલિકામાં ચાર માર્ગીય રસ્તા, આરસીસી, મેટલ ગ્રાઉટીંગ જેવા રસ્તાઓના ૨૦ કામો માટે રૂ.૬૮ કરોડ તેમજ જામનગર મહાનગરપાલિકાને સી.સી. રોડના ૧૮ કામો માટે રૂ.૪૩.૮૧ કરોડના કામોની સિદ્ધાંત મંજૂરી આપી છે.

મુખ્યમંત્રીએ નવરચિત મહેસાણા મહાનગરપાલિકાને ૨૧ કરોડ રૂપિયાના નવા માર્ગો બનાવવા, અન્ડર પાસના, એપ્રોચ રોડ બનાવવા વગેરે માટે ફાળવ્યા છે.

તેમણે નગરો-મહાનગરોમાં ભૂગર્ભ ગટર, સ્ટ્રોમ વોટર લાઈન, ગાર્ડન, લાઈબ્રેરી, રિચાર્જ વેલ, સીટી બ્યુટીફિકેશન, આગવી ઓળખ ઉભી થાય તેવા કામો અને સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટના કામો અંતર્ગત સવર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી કુલ મળીને ૧૨૪૯.૩૮ કરોડ રૂપિયા ફાળવવા અનુમતિ આપી છે.

તદ્અનુસાર, ૩ નવરચિત મહાનગરપાલિકાઓ પોરબંદરને રૂ.૨૦૦.૩૫ કરોડ, આણંદને રૂ.૪ કરોડ તેમજ મહેસાણાને રૂ.૨૫૬ કરોડ સહિત ભાવનગર મહાનગરપાલિકાને રૂ.૪૫૧ કરોડ અને જામનગરને રૂ.૩૧૭ કરોડ તથા ગાંધીનગર મહાનગરને રૂ.૧૭૧ કરોડના કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

મુખ્યમંત્રીએ આઉટ ગ્રોથ એરીયા ડેવલોપમેન્ટ માટે રોડ-રસ્તાના કામો, ભૂગર્ભ ગટર, બોક્સ ડ્રેઈન, ડામર રોડ બનાવવા જેવા કામો માટે કુલ ૧૭૦.૦૮ કરોડ રૂપિયાના કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

આ કામોથી ભાવનગર મહાનગરપાલિકાને રૂ.૭૧ કરોડ, જામનગર મહાનગરપાલિકાને રૂ.૬૬.૯૧ કરોડ, મહેસાણા મહાનગરપાલિકાને રૂ.૨૨.૫૦ કરોડ તેમજ ગોધરા નગરપાલિકાને રૂ.૭.૯૯ અને ગણદેવીને રૂ.૧.૬૮ કરોડના કામો હાથ ધરવા અનુમતિ આપી છે.

તેમણે ત્રણ શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળોને કેનાલ સાઈડ પ્રોટેકશન વોલ, ડી.પી. રોડના બાંધકામ, લાઈબ્રેરી બિલ્ડિંગ વગેરે માટે કુલ ૨૦.૧૯ કરોડ રૂપિયાના કામો મંજૂર કર્યા છે

મુખ્યમંત્રીએ સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી માટે રૂ.૧૧.૬૨ કરોડ, ભાવનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી માટે રૂ. ૧.૪૦ કરોડ અને રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી માટે રૂ. ૭.૧૭ કરોડના કામો હાથ ધરવા અનુમતી આપી છે.

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ખાનગી સોસાયટી જન ભાગીદારી ઘટકના કામો માટે વડોદરા મહાનગરપાલિકાને પેવર બ્લોક, ગટર જોડાણના કામો માટે ૨.૪૯ કરોડ, કડી નગરપાલિકાને રૂ.૨.૨૯ કરોડ, ગાંધીનગર મહાનગરપાલિકાને રૂ. ૦.૮૩ કરોડ, આણંદ મહાનગરપાલિકાને ૩.૩૭ કરોડ તથા પાલનપુર નગરપાલિકાને ૦.૨૪ કરોડ રૂપિયા ફાળવવાની અનુમતિ મુખ્યમંત્રીએ આપી છે. આ ઉપરાંત મુખ્યમંત્રીએ અંકલેશ્વર નગરપાલિકાને સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ તથા સીનીયર સીટીઝન ગાર્ડનના આગવી ઓળખના કામો માટે ૭.૯૧ કરોડ રૂપિયા ફાળવવા મંજૂરી આપી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સર્વગ્રાહી વિકાસની દિશાને વધુ સંગીન બનાવીને ૨૦૨૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવણી દ્વારા રાજ્યના શહેરોને વર્લ્ડ કલાસ, સ્માર્ટ અને સસ્ટેઈનેબલ બનાવવાના નિર્ધાર સાથે વિકાસ કામો માટે આ નાણાંની ફાળવણી કરી છે.


### કયાં કામ માટે કેટલા ફાળવાયા

- મુખ્યમંત્રી શહેરી સડક યોજના માટે રૂ.૫૯૭.૭૩ કરોડ
- અંતર માળખાકીય વિકાસ કામો માટે રૂ.૧૩૯૯.૭૩ કરોડ
- આઉટગ્રોથ એરીયા ડેવલોપમેન્ટ માટે રૂ.૧૭૦.૦૮ કરોડ
- શહેરી વિકાસ યોજના અન્વયે રૂ.૨૦.૧૯ કરોડ
- જનભાગીદારી યોજના અન્વયે રૂ.૯.૨૧ કરોડ
- આગવી ઓળખના કામો માટે રૂ.૭.૯૧ કરોડ

કાલે 'વિશ્વ સ્થળાંતર-યાયાવર પક્ષી' દિવસ

# બે વર્ષમાં ૧૪.૨૦ લાખ યાયાવર પક્ષીઓ બન્યાં ગુજરાતના મહેમાન

## વર્ષ ૨૦૨૪-૨૫માં વિવિધ ૨૭૬ પ્રજાતિઓના સૌથી વધુ ૬.૯૧ લાખથી વધુ યાયાવર પક્ષીઓ નળસરોવરની મુલાકાતે: યાયાવર પક્ષીઓ માટે ગુજરાત સુરક્ષિત અને મૈત્રીપૂર્ણ રાજ્ય બન્યું જે ગુજરાતીઓ માટે ગૌરવ સમાન



**અબતક, રાજકોટ**

ગુજરાત સહિત સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૧૦ મેના રોજ 'વિશ્વ સ્થળાંતર-યાયાવર પક્ષી' દિવસ તરીકે ઉજવવામાં આવે છે, જેની થીમ આ વર્ષે 'પક્ષી-મૈત્રીપૂર્ણ શહેરો અને સમુદાયોનું નિર્માણ' નક્કી કરવામાં આવી છે. આ દિવસની ઉજવણીના સંદર્ભે વર્ષ ૨૦૨૩ થી ૨૦૨૫ એમ છેલ્લા બે વર્ષમાં રાજ્યની ચાર 'રામસર સાઈટ' વિસ્તારમાં અંદાજે ૧૪.૨૦ લાખથી વધુ યાયાવર પક્ષીઓ ગુજરાતના મહેમાન બન્યા છે એટલે કે, તેમના માટે ગુજરાત પહેલી પસંદગીનું સુરક્ષિત અને મૈત્રીપૂર્ણ રાજ્ય બન્યું છે જે સૌ ગુજરાતીઓ માટે ગૌરવ સમાન છે. આ પક્ષીઓ મુખ્યત્વે નવેમ્બરથી ફેબ્રુઆરી માસ દરમિયાન ગુજરાતના પ્રવાસે આવે છે તેમ, વન વિભાગ દ્વારા જણાવાયું હતું.ઈકોસિસ્ટમ, લુપ્તપ્રાય વનસ્પતિ, વન્ય પ્રાણી સૃષ્ટિને બચાવવા અને પર્યાવરણનું જતન કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી તેમણે કડક કાયદાઓ, નિયમો અને યોજનાઓ અમલમાં મૂકી છે. વન્ય જીવ સંરક્ષણ-સંવર્ધનના આ અભિયાનને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને વન મંત્રી મુળુભાઈ બેરા તેમજ રાજ્ય વન મંત્રી મુકેશભાઈ પટેલના નેતૃત્વમાં વન વિભાગ સુપેરે આગળ ધપાવી રહ્યો છે. જેના ફળરૂપે ગુજરાત છેલ્લા દોઢ દાયકાથી પ્રાણીઓ - યાયાવર પક્ષીઓ માટે વધુ સુરક્ષિત રાજ્ય બન્યું છે. જેથી ગુજરાત સમગ્ર દેશમાં 'પક્ષી જીવન' માટે 'સ્વર્ગ' તરીકે ઉભરી આવ્યું છે. ભારતની કુલ ૮૯ રામસર સાઈટ્સમાંથી ચાર રામસર સાઈટ્સ ગુજરાતમાં આવેલી છે. જેમાં, નળ સરોવર પક્ષી અભયારણ્ય, થોળ તળાવ વન્યજીવ અભયારણ્ય, ખીજડિયા વન્યજીવ અભયારણ્ય અને વઢવાણા વેટલેન્ડનો સમાવેશ થાય છે. દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્ય, ખીજડિયા અભયારણ્ય, નળસરોવર અભયારણ્ય, છારી ઢંઢ, કન્ઝર્વેશન રિઝર્વ, કચ્છનું નાનું રણ-ઘૂડખર અભયારણ્ય, કચ્છનું મોટું રણ-કચ્છ રણ અભયારણ્ય અને પોરબંદર પક્ષી અભયારણ્ય જેવા બહુવિધ વેટલેન્ડ આધારિત રક્ષિત વિસ્તાર છે તેમ, વન વિભાગ દ્વારા વધુમાં ઉમેર્યું હતું.

### નળ સરોવર પક્ષી અભયારણ્ય-અમદાવાદ

વર્ષ ૨૦૨૪-૨૫માં ૨૭૬ પ્રજાતિઓના સૌથી વધુ કુલ ૬.૯૧ લાખથી વધુ યાયાવર પક્ષીઓ નળસરોવરની મુલાકાતે આવ્યા હતા. આ પક્ષીઓમાં મુખ્યત્વે સોવલર, પિન્ટેલ, ગોડવિટ, ગુઝ, પેલિકન, ફ્લેમિંગો, ગર્ગીની, પોચારડ, ઈગલ, ક્રેન, વેડર્સ, સ્ટ્રોક, કૂટ, સ્પૂન બિલ, ઈગ્રેટની વગેરેના પ્રજાતિઓના પક્ષીઓ જોવા મળે છે. મધ્ય એશિયાના પથ વે પર આવતા નળ સરોવરને વર્ષ ૧૯૬૯માં પક્ષી અભિયારણ્યનો જ્યારે વર્ષ ૨૦૧૨માં 'રામસર સાઈટ'નો દરજ્જો આપવામાં આવ્યો હતો. આ સરોવર અંદાજે ૧૨૦ ચો. કી.મી વિસ્તારમાં ફેલાયલું છે. દર વર્ષે યાયાવર પક્ષીઓ નળસરોવરમાં આવી રોકાણ કરતા હોવાથી અત્યાર સુધીમાં કુલ ૩૨૮ કરતા વધારે પક્ષીની જાતો નોંધાઈ છે. વન વિભાગ દ્વારા દર બીજા વર્ષે પક્ષીઓની અંદાજીત ગણતરી કરવામાં આવે છે.

### થોળ વન્યજીવ અભયારણ્ય

વર્ષ ૨૦૨૧થી 'રામસર સાઈટ'નો દરજ્જો ધરાવતા થોળ વન્યજીવ અભયારણ્યમાં વર્ષ ૨૦૨૪માં ૭૪ પ્રજાતિઓના કુલ ૫૫,૫૮૭ તેમજ વર્ષ ૨૦૨૫માં ૫૯ પ્રજાતિઓના કુલ ૨૬,૧૬૨ યાયાવર પક્ષીઓએ મહેમાન બન્યા હતા.વન્યજીવો અને પક્ષીઓના સંરક્ષણ અને સંવર્ધન માટે વન્યજીવો અને પક્ષીઓ માટે ઉનાળાની કાળઝાળ ગરમીમાં પણ પાણીની સુવિધા પૂરી પાડવામાં આવે છે. જ્યારે શિયાળામાં યાયાવર પક્ષીઓ ગુજરાતની ભૂમિને હંગામી આશ્રયસ્થાન- ઘર બનાવે છે, જે રાજ્યના નાગરિકો માટે ગૌરવની વાત છે

### ખીજડીયા પક્ષી અભયારણ્ય-જામનગર

જામનગર જિલ્લામાં આવેલા મરીન નેશનલ પાર્ક-ખીજડીયા પક્ષી અભયારણ્યમાં વર્ષ ૨૦૨૪માં ૨૮૬ પ્રજાતિઓના ૨,૨૫,૧૬૯ તેમજ વર્ષ ૨૦૨૫માં સૌથી વધુ ૨૯૧ પ્રજાતિઓના ૩,૦૯,૦૬૨ એમ કુલ ૫.૩૪ લાખથી વધુ સ્થળાંતરીત પક્ષીઓ મુલાકાતે આવ્યા હતા.ખીજડીયા પક્ષી અભયારણ્યમાં પાણી પર, જમીન પર, ઝાડ પર, કાદવ કીચડ, શિકારી તથા લાંબા પગ પગવાળા વગેરે પક્ષીઓ જોવા મળે છે. ખીજડીયા પક્ષી અભયારણ્યમાં અત્યાર સુધીમાં કુલ ૩૧૪ જેટલી પક્ષીની પ્રજાતીઓ જોવા મળી છે. જેમાં ૧૭૦ જેટલા યાયાવર પક્ષીઓ જેવા કે સાઈબેરીયા, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, મોંગેલીયા, ઈરાક, ઈરાન, યુરોપ, સાઉથ અમેરિકા વગેરે જેવા દેશોમાંથી આવીને ખીજડીયાના મહેમાન બની અભયારણ્યની શાનમાં વધારો કરે છે. ભારત સરકાર દ્વારા વર્ષ ૧૯૮૨માં જાહેર કરાયેલું ખીજડીયા પક્ષી અભયારણ્ય જામનગર શહેરથી માત્ર ૧૩ કિ.મી. દૂર આવેલું છે જે ૬.૦૫ ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલું છે. આ અભયારણ્ય મુખ્યત્વે બે ભાગ-૧ ધુવાવ તરફ અને ભાગ-૨ જાંબુડા તરફ વહેચાયેલું છે. ઈન્ડો-એશિયન ઉડ્ડયન માર્ગમાં ખીજડીયા મધ્યમાં આવે છે, જે યાયાવર પક્ષીઓ માટે વિસામાનું આદર્શ સ્થળ છે. તેમાંથી કેટલાક યાયાવર પક્ષીઓ સમગ્ર શિયાળા દરમિયાન આ વિસ્તારમાં જ નિવાસ કરે છે. આ અભયારણ્યને વર્ષ ૨૦૨૧માં 'રામસર સાઈટ'નો દરજ્જો આપવામાં આવ્યો છે.

### વઢવાણા સરોવર-વેટલેન્ડ

વઢવાણા સરોવરને વર્ષ ૨૦૨૧માં 'રામસર સાઈટ'નો દરજ્જો આપવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૬૭ પ્રજાતિઓના કુલ ૫૮,૧૩૮ તેમજ વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૪૫ પ્રજાતિઓના ૫૪,૧૬૯ યાયાવર પક્ષીઓએ વઢવાણા સરોવરની મુલાકાત લીધી હતી. જેમાં મુખ્યત્વે નોર્ધન પીન ટેઈલ, કોમન ટીલ, રૂડી શેલડક, ગ્રે લેમ ગ્રીમ, સ્પુન બિલ્સ, પોન્ડ હેરોન, ગ્રેટર હેરોન, કોરમોરન્ટ્, ડાર્ટર, સ્પોટ બીલ ડક, બ્લેક ટેલ ગોડબીટ, વેઈન્ટેડ સ્ટોર્ક, નોર્ધન શોવેલર, કુટ, બ્લેક વિન્મડ સ્ટીલ્ટ, રોસી સ્ટાર્લીંગ જેવા પક્ષીઓનો સમાવેશ થાય છે.

## તંત્રી લેખ

# ઓપરેશન 'સિંદૂર' સેનાના શૌર્યને સલામ

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર આતંકવાદીઓ દ્વારા ધર્મ અને જાતિ પૂછીને કરવામાં આવેલા હુમલામાં ૨૬ નિર્દોષ ભારતીયોના મોત નિપજયા હતા. ભારતીય સેનાએ 'ઓપરેશન સિંદૂર' હાથ ધરી દેશની ગરીમાને ઠેસ પહોચાડનાર બહેન-દીકરીઓનાં માથાનો સિંદૂર ભૂંસી નાખનારા રાક્ષસોને તેમના કર્મોનું ફળ આપી દેવામાં આવ્યું છે. ભારતીય સેનાને લાખ-લાખ વંદન ભારત હંમેશા શાંતીને પ્રાધાન્ય આપે છે. પરંતુ દેશની ગરીમાને જયારે હાની પહોચાડવાનો હિન પ્રયાસ કરવામાં આવે છે. ત્યારે અમે કોઈની સામે ઝુકતા નથી. માનવીને તેના કર્મોનું ફળ ભોગવવું જ પડે છે. આતંકી કૃત્ય આચરી અનેક લોકોની જીંદગી બરબાદ કરી નાંખનાર મસૂદ અઝહરના આખા પરિવારને ભારતીય સેનાએ 'ઓપરેશન સિંદૂર'માં હણી લીધો છે. દેશવાસીઓની છાતી ગજગજ ફૂલી રહી છે.

ઓપરેશન સિંદૂર કે માત્ર પહેલગામ આતંકી હુમલાનો બદલો નથી પરંતુ અધર્મ વિરુધ્ધ ધર્મયુધ્ધનું રણશિંગુ ફુંકાય ગયું હોવાનો સંકેત છે. ભારત દેશ વિશ્વમાં સૌથી વધુ આતંકવાદનો ભોગ બન્યો છે.હિન્દૂ સંસ્કૃતિમાં સિંદૂર પરણીત મહિલાનું ઘરેણું છે. આ યુધ્ધ નથી આંતકનો ભોગ બનેલાઓને ન્યાય છે.ભારતમાં માતૃશકિત-મહિલાઓનું સિંદૂર જેને ઉજાળ્યું છે ભૂંસ્યું છે તેની સજા તો આતંકવાદીઓ મળશે.

આ નવું ભારત છે, સશક્ત ભારત છે, મજબૂત ભારત છે, આત્મ નિર્ભર ભારત છે અને તે પોતાની સુરક્ષા કરવા માટે તૈયાર છે.

ભારતીય સેનાએ આતંકવાદીઓની કમર તોડવાનું કામ કર્યું છે.

પહેલગામમાં આતંકવાદીઓએ ભારતીયના સાર્વભૌમત્વ પર હુમલાઓ કર્યો હતો. ભારતીય સેનાની કામગીરી હંમેશા દેશવાસીઓ માટે ગૌરવપૂર્ણ રહી છે. જયારે જયારે ભારત પર રાક્ષસી ઓછાયા પડયા છે. ત્યારે સેનાએ હંમેશા રખોપા કર્યા છે. ભારતના પાડોશી રાષ્ટ્ર દુશ્મનોની ભૂમિકા અદા કરી રહ્યા છે. ઘરમાં પણ ગદારોની કોઈ કમી નથી. સેનાએ દુશ્મનો સામે તો લડવાનું જ છે. સાથોસાથ ગદારો સામે પણ બાથ ભીડવાની છે. સર્જિકલ સ્ટ્રાઈક વેળાએ દેશમાં વિરોધ પક્ષે સેનાના શૌર્ય સામે શંકા કરી હતી. પરંતુ 'ઓપરેશન સિંદૂર' બાદ હવે દેશમાં તમામ રાજકીય પક્ષો સેનાના શૌર્યને બિરદાવી પીઠ થબથબાવી રહ્યા છે. આ સૌથી સારી નિશાની છે. દુશ્મનો સામે કડક સંદેશ છે કે આ નવુ ભારત છે જે દેશ વિરોધી સામાન્ય હરકત પણ ચલાવી લેશે નહીં.

### રાવલ પરિવારનું ગૌરવ

# પાટડી ઉદાસી આશ્રમના મહંત પૂ.ભાવેશબાપુના દીકરી હૈયલબાએ ટ્યુશન વગર જ ધોરણ ૧૦માં ૯૬.૩૬ પીઆર મેળવી અનેરી સિદ્ધિ હાંસલ કરી

## વિજ્ઞાનમાં ૯૫ ગુજરાતીમાં ૯૨ સંસ્કૃત માં ૯૪ અને અંગ્રેજીમાં ૯૨ ગુણ સાથે ઝળહળતું પરિણામ હાસલ કર્યું



**અબ તક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં ધોરણ ૧૦ નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે ત્યારે ત્યારે રાવલ હૈયલબાએ ૯૬.૩૬ પી.આર મેળવ્યા છે

પાટડી ઉદાસી આશ્રમના પૂજ્ય ભાવેશબાપુના દીકરીએ ધોરણ ૧૦ માં ઝળહળતી સફળતા મેળવી છે રાવલ હૈયલબાએ વિજ્ઞાનમાં ૯૫ ગુજરાતીમાં ૯૨ સંસ્કૃતમાં ૯૪ અને અંગ્રેજીમાં ૯૨ ગુણ મેળવીને રાવલ પરિવારનું ગૌરવ વધાર્યું છે

દરરોજનો ૮ થી ૧૦ કલાકનો વાંચન તેમજ સ્કૂલમાં ૫ થી ૬ કલાક જેટલો સમય અભ્યાસમાં આપીને ધોરણ ૧૦માં અનેરી સિદ્ધિ મેળવી છે નાનકડા એવા પાટડી ગામમાં વગર ટ્યુશન અને જાત મહેનતે ઉજજવળ પરિણામ લાવ્યું છે.

હજુ આગામી સમયમાં વધુ મહેનત કરી અને તેમના તમામ સપનો પુરા કરવા છે

રાવલ હાયલ મહેનત પાછળ તેમના માતા-પિતા અને શિક્ષકોએ પણ સહયોગ કર્યો છે પરિણામ જાહેર થતાં ઉચ્ચ ક્રમાંક લાવનાર રાવલ હૈયલબાનું મિત્ર વર્તુળ સગા સ્નેહીઓ દ્વારા અભિનંદનની વર્ષા થઈ રહી છે

# ભાવનગર: અમરનાથ જવા માટે યાત્રાળુઓ સોમવારથી તબીબી પ્રમાણપત્ર મેળવી શકશે

**અબતક, આનંદ રાણા, સિહોર**

ભાવનગરની સર તખ્તસિંહજી હોસ્પિટલ, ભાવનગર ખાતે તા.૧૫/૦૪/૨૦૨૫ થી બપોરના ૦૩:૦૦ કલાકથી સાંજના ૦૫:૦૦ કલાક સુધી (શનિવાર-રવિવાર અને જાહેર રજાના દિવસો સિવાય) સંસ્થાના સ્કીન ઓ.પી.ડી બિલ્ડીંગ, અમૂલ પાર્લર પાસે, સર તખ્તસિંહજી હોસ્પિટલ, ભાવનગર ખાતે અમરનાથ યાત્રાએ જતા તમામ યાત્રીઓ માટે મેડીકલ ફિટનેસ અંતર્ગત અલાયદી વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ હતી.

જે અંતર્ગત અમરનાથ જતા ઘણા યાત્રાળુઓ દ્વારા આજ દિન સુધીમાં આ અલાયદી વ્યવસ્થાનો લાભ લેવામાં આવ્યો છે, પરંતુ છેલ્લા ઘણા દિવસોથી અમરનાથ યાત્રા માટેના મેડીકલ ફીટનેસ માટે આવતા યાત્રાળુઓની સંખ્યામાં ઉત્તરોત્તર ઘટાડો જોવા મળેલ છે.

અમરનાથ યાત્રા માટેના મેડીકલ ફીટનેસ અંગેની કામગીરી નિવાસી તબીબી અધિકારીની કચેરી, સર તખ્તસિંહજી હોસ્પિટલ, ભાવનગર ખાતેથી કામકાજના દિવસોમાં સવારે ૦૯:૦૦ કલાકથી બપોરના ૦૧:૦૦ કલાક સુધીના સમયગાળા દરમ્યાન કરવામાં આવશે.

# બગસરા: મોટા મુંજીયાસરમાં ડેડસ્ટોક વિવાદ વકર્યો, ગ્રામ પંચાયતને આખરે તાળા લાગશે!

## છેલા ત્રણ વર્ષથી તાલુકા-જિલ્લા કચેરીઓને રજૂઆત કરવા છતા પગલા ન લેવાતા વહીવટી કાર્ય બંધ કરવાનો નિર્ણય લેવાયો

**અબતક, સમીર વિરાણી, બગસરા**




બગસરા તાલુકાના મોટા મુંજીયાસર ગામે એક પછી એક વિવાદ બહાર આવી રહ્યો છે. જેમાં પૂર્વ સરપંચ દ્વારા યોગ્ય રીતે ડેડ સ્ટોક નવા સભ્યોને સોપવામાં આવેલ ન હોવાની ઉચ્ચ અધિકારીને રજૂઆત છતાં કોઈ નિર્ણય ન થતા આખરે ગ્રામ પંચાયતને તાળા મારવાનો નિર્ણય કર્યો છે.

મળેલી વિગતો મુજબ મોટા મુંજીયાસર ગ્રામ પંચાયતમાં પૂર્વ સરપંચ રમેશભાઈ સતાસિયા અને હાલના સરપંચ જયસુખભાઈ ખેતાણી વચ્ચે ડેડ સ્ટોક બાબતે ચાલી રહેલી વહીવટી લડાઈમાં તાલુકા જિલ્લાની કચેરીઓ દ્વારા યોગ્ય નિર્ણય કરવામાં ન આવતા આખરે સરપંચ જયસુખભાઈ ખેતાણીએ જિલ્લા વિકાસ અધિકારીને પત્ર પાઠવી ગ્રામ પંચાયતને તાળું મારી દેવાની જાહેરાત કરી હતી જેને આજે ૧૫ દિવસ જેટલો સમય વીતી ગયેલ છે. જેથી આગામી ૧૪ તારીખ ને બુધવાર ના રોજ તાળા બંધી કરવામાં આવશે અને સંપૂર્ણ વહીવટ બંધ કરવામાં આવશે તેમજ તેમ છતાં યોગ્ય કાર્યવાહી કરવામાં નહિ આવે તો જિલ્લા પંચાયત ખાતે ગાંધી ચીંધીયા માર્ગે ધરણા કરવામાં આવશે. તેમણે કરેલ રજૂઆતમાં જણાવેલ છે.

છેલ્લા ત્રણ વર્ષથી તાલુકા તથા જિલ્લા કચેરીઓને રજૂઆત કરવા છતાં તેમના દ્વારા કોઈ પગલાં લેવામાં ન આવતા આખરે ગ્રામ પંચાયતનો વહીવટ બંધ કરવા નિર્ણય કરેલ છે. સરપંચ દ્વારા આવી રીતે ગ્રામ પંચાયતને તાળા મારવામાં આવે તો આ સરકારી કચેરીને તાળા મારવા બદલ સરકાર તેમના વિરુધ્ધ ફરિયાદ દાખલ કરશે કે ડેડ સ્ટોકના કૌભાંડ બાબતે પગલા લેશે તે જોવાનું રહેશે.

# ધ્રાંગધ્રા: સાધના વિદ્યાલયનું ધો. ૧૦નું ઝળહળતું પરિણામ




**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

એસ.એસ.સી. બોર્ડનું પરિણામ આવ્યું એમાં સાધના વિદ્યાલયના વિદ્યાર્થીઓએ સફળતાની બુલંદી ઉપર મુકામ હાસલ કર્યું અને સમગ્ર પંથકમાં સાબિત કરી બતાવ્યું કે સખત મહેનતનો કોઈ વિકલ્પ હોતો નથી આજરોજના પરિણામમાં સાધના વિદ્યાલયના ૧૪૮ જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી સારું પરિણામ મેળવ્યું તેની સાથે ૨૨ વિદ્યાર્થીઓ એ૧ ગ્રેડ હાંસલ કરી સફળતાના સિંહાસન પર વિરાજમાન થયા. જેમાં બે વિદ્યાર્થીઓ સીતાપર યુગ અને કણઝરીયા પૂજા ૯૯.૯૬પીઆર સાથે સમગ્ર રાજ્યમાં ચોથા ક્રમે રહ્યા અને ધ્રાંગધ્રા તાલુકામાં પ્રથમ રહ્યા. કાવર આરવ ૯૯.૯૧ પીઆર સાથે તાલુકામાં દ્વિતીય ક્રમે રહ્યો. બીજી મહત્વની વાત કરીએ તો સોનામાં સુગંધ ભળી એવી બાબત રહી કે તાલુકાના ટોપ ૧૦ માંથી ૬ વિદ્યાર્થીઓ એકલા સાધના ફૂલ ડે સ્કૂલના રહ્યા આ પ્રસંગે સાધના વિધાના સંચાલક ડો. દિલીપભાઈ માકાસણા તથા આર.સી પટેલ અને આચાર્ય તથા શિક્ષકગણોએ આ ક્ષણને વધાવવા વિદ્યાર્થીઓને શુભેચ્છા સહ આશીર્વાદ આપ્યા

# ભાવનગર: બાગાયત ખાતાની અર્બન ગ્રીન મિશન યોજના હેઠળ યોજાશે માળી તાલીમ

## ૩૧મી મે સુધી લાભાર્થીઓ અરજી કરી શકશે

**અબતક,આનંદ રાણા, સિહોર**

ભાવનગર જિલ્લામાં બાગાયતનો વ્યાપ વધારવા તેમજ તાલીમ થકી યુવાનોના કૌશલ્યમાં વૃધ્ધિ કરી તેમના માટે રોજગારીની નવી તકો ઉભી કરવાના ઉદ્દેશ્યથી રાજ્ય સરકાર દ્વારા અર્બન ગ્રીન મિશન કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો છે.

જેમા ત્રણ દિવસીય માળી તાલીમ આપવામાં આવશે અને લાભાર્થીને પ્રતિદીનની મર્યાદામાં રૂ ૨૫૦/- ની વૃત્તિકા તથા વિના મૂલ્યે ગાર્ડન ઉપયોગી ટુલ કીટ આપવામાં આવશે. જેનો લાભ લેવા ૧૮ થી ૪૫ વર્ષની ઉમરના ભાઈઓ તથા બહેનોએ આઇ ખેડુત પોર્ટલ (www.ikhedut.services.gujarat.gov.in) પર જઈ તા..૩૧/૦૫/૨૦૨૫ સુધી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરીને તથા ફોર્મ ભરીને તેની પ્રિન્ટ કાઢીને પોતાની પાસે રાખવાની રહેશે.

કચેરીએ થી મંજૂરી આપવામાં આવે ત્યારબાદ નિયત સમયમર્યાદામાં નિયમોનુસાર તાલીમ મેળવી, અરજીની સહી વાળી નકલ સાથે મંજૂરીના હુકમમાં દર્શાવેલ તમામ આધાર પુરાવો સાથે સહાય માટે દરખાસ્ત રજૂ કરવાની રહેશે. વધુ માહિતી માટે નાયબ બાગાયત નિયામકની કચેરી નવાપરા ભાવનગરની રૂબરૂ મુલાકાત લેવી તેમ નાયબ બાગાયત નિયામક ની યાદીમાં જણાવેલ છે.

# ચોટીલાના સણોસરા પ્રા. આરોગ્ય કેન્દ્રની લાલિયાવાડી

## ડે.કલેક્ટર સરપ્રાઈઝ મુલાકાત લેતા દોડધામ મચી તેમજ હાજરી, ગેરહાજરી, ઓપીડી રજીસ્ટર ડેડસ્ટોક રજીસ્ટર સહિતની બેદરકારી સામે આવી



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

ચોટીલા તાલુકાના સણોસરા ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ડેપ્યુટી કલેકટર એચ.ટી. મકવાણા સહિતની ટીમ દ્વારા સરપ્રાઈઝ મુલાકાત લેવામાં આવી હતી જેમાં અમુક પ્રકારની બેદરકારી અને ખામીઓ જણાઈ આવતા ચોટીલા તાલુકા હેલ્થ ઓફીસર તેમજ ફાર્માસીસ્ટ સહિતનાઓને નોટીસ ફટકારી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

આ અંગે મળતી માહિતી મુજબ ચોટીલાના સણોસરા સરકારી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ચોટીલા ડેપ્યુટી કલેકટર સહિતની ટીમે સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધર્યું હતું જે દરમ્યાન સ્ટાફની પુછપરછ કરતા મેડીકલ ઓફીસર ફરજ પર હાજર ન હોવાનું અને રાજકોટ ખાતે તાલીમમાં ગયા હોવાનું સામે આવ્યું હતું તેમજ ચાર્જ બાબતે પણ સ્ટાફને જાણ નહોતી. આ ઉપરાંત ફાર્માસીસ્ટ એમ.બી.ઝાલા પણ સતત ગેરહાજર રહી મહિનામાં એક વખત આવી તમામ હાજરી પુરી જતા હોવાનું બહાર આવ્યું હતું. તેમજ એફએચએસ શ્રીમતી એ.કે.પરમાર, મનસુખભાઈ પરમાર-સ્વીપર, કિરણબા રાણા-આયા પણ મંજુરી વગર ગેરહાજર મળી આવ્યા હતા. ઓપીડીના સમયે ૧૨ વ્યક્તિના સ્ટાફની સામે માત્ર ૪ વ્યક્તિઓ હાજર જોવા મળ્યા હતા. તેમજ જનરલ ઓપીડીના રજીસ્ટરમાં કુલ ૬૦ વ્યકિતઓ જેટલા દર્દીઓના નામમાં માત્ર લીટા જ દોર્યા હતા અને મોબાઈલ નંબર પણ દર્શાવવામાં આવ્યા નહોતો અને તમામ દર્દીઓના નામો સામે માત્ર એક જ કેસ કાઢવામાં આવ્યો હોવાનું અને બાકીના એક પણ દર્દીનો કેસ રેકર્ડ પર ન કાઢયો હોવાનું સામે આવ્યું હતું. આ સિવાય કોલ્ડ ચેઈન રજીસ્ટર, ડેડ સ્ટોક રજીસ્ટર, ઈન્ડેન્ટ રજીસ્ટર, રેફરલ રજીસ્ટર પણ મેઈન્ટેઈન કર્યા નહોતા અને બાયો-મેટ્રીક હાજરી પણ પુરવામાં આવતી નહોતી. આમ અનેક પ્રકારની ક્ષતિઓ ચેકીંગ દરમ્યાન બહાર આવતા ચોટીલા તાલુકા હેલ્થ ઓફીસર તેમજ ફાર્માસીસ્ટને નોટીસ ફટકારી કાર્યવાહી હાથ ધરતા અન્ય સરકારી કર્મચારીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

# ઉપલેટા: સ્વ. લાભુબેન વ્યાસની પુણ્યતિથિ સેવાકીય કાર્યો સાથે ઉજવાય



**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

મુલ છાડવાવદર અને હાલ ઉપલેટાના રહીશ નિવૃત શિક્ષક જસવંતરાય પ્રભુરામ વ્યાસના ધર્મ પત્ની સ્વ. લાભુબેનની પ્રથમ પૂણ્યતિથિ નિમિતે ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

સ્વ. લાભુબેન વ્યાસની પ્રથમ પૂણ્યતિથિ સંધ્યાએ તેઓનાં નિવાસ સ્થાને બ્રહ્મચારી બાપુની રામધુન મંડળ તેમજ દિવ્યાંગ બાળકોને ભોજન, કરાવી સ્વ. લાભુબેનને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા.

આ તકે સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ જીજ્ઞેશભાઈ વ્યાસ નગપાલીકાના ઉપપ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ, નગર સેવક અમિતભાઈ વસવેલીયા, પ્રદીપભાઈ જોષી, બાબુભાઈ ડેર સહિતના આગેવાનો પધારતા તેમને કમલેશભાઈ વ્યાસ, દિશાબેન વ્યાસ, વિજલબેન વ્યાસ સહિત પવિારોએ સ્વાગત કર્યું હતુ.

# ગીર સોમનાથ જિલ્લા કલેકટર તરીકે પદભાર સંભાળતા એન.વી. ઉપાધ્યાય

## સોમનાથ મહાદેવને શીશ ઝુકાવી ચાર્જ સંભાળ્યો

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**



ગીર સોમનાથ જિલ્લાના નવા વરાયેલા કલેકટર એન.વી.ઉપાધ્યાયે દ્વાદશ જ્યોતિર્લિંગ પૈકીના પ્રથમ જ્યોતિર્લિંગ એવા સોમનાથ ભગવાનના ચરણે શીશ ઝૂકાવીને જિલ્લાના વડા તરીકેનો પદભાર સંભાળ્યો હતો.

જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓએ નવા કલેકટરનું ફૂલહાર અને બુકે આપીને સ્વાગત-અભિવાદન કર્યું હતું.

જિલ્લા કલેક્ટર તરીકેનો ચાર્જ સંભાળ્યા બાદ જિલ્લા કલેકટરએ જિલ્લાના વિકાસની ગતિ-પ્રગતિને આગળ વધારવા માટેનું દાયિત્વ નિભાવવાની નેમ વ્યક્ત કરી હતી.

ઉલ્લેખનીય છે કે, જિલ્લા કલેક્ટર આ અગાઉ ગાંધીનગર ખાતે સહકાર રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવતાં હતાં. આ ઉપરાંત તેઓ ભાવનગર ખાતે મ્યુનિસિપલ કમિશનર, સુરત ખાતે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર, ભરૂચ ખાતે આર.ડી.સી, વલસાડ, નખત્રાણા અને પાટણ પ્રાંત અધિકારી તરીકે સફળતાપૂર્વક ફરજ બજાવી ચૂક્યાં છે.

# લ્યો બોલો... મુસાફરો ભરેલી એસ.ટી. પહોંચી પોલીસ મથકે !

## લીંમડી એસ.ટી. ડેપો દ્વારા ફોટો-સ્ટેમ્પ વિનાનો પાસ કાઢતા વિદ્યાર્થીની કંડકટર વચ્ચે રકઝક થતા વિદ્યાર્થી સહિત મુસાફરોને હાલાકી



**અબતક,ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં અવાર-નવાર એસટી ડેપોની બેદરકારી સામે આવી છે ત્યારે વધુએક વખત લીંબડી એસટી ડેપોની બેદરકારીના કારણે વિદ્યાર્થીનીને હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો અને એસટી બસને પોલીસ મથકે મુસાફરો સાથે લાવવાની નોબત આવી હતી.

આ અંગે મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગર બસ સ્ટેન્ડથી લીંબડી તરફ રાત્રીના સમયે અપ-ડાઉન કરતાં વિદ્યાર્થીઓ સહિત મુસાફરોને લઈ બસ જઈ રહી હતી તેદરમ્યાન બસના કંડકટરે એક વિદ્યાર્થીની પાસે ટિકિટ માંગતા વિદ્યાર્થીનીએ લીંબડી એસટી ડેપો દ્વારા કાઢી આપેલ પાસ રજુ કર્યો હતો પરંતુ તે પાસમાં ફોટો કે સ્ટેમ્પ તેમજ સીક્કા પણ નહિં હોવાથી કંડકટર અને વિદ્યાર્થીની વચ્ચે આ મામલે ઉગ્ર બોલાચાલી થઈ હતી અને મુસાફરો સાથે ભરેલ બસને બી-ડિવીઝન પોલીસ મથક સુધી લઈ જવાનો વારો આવ્યો હતો જેના કારણે અન્ય મુસાફરોને પણ હાલાકી ભોગવવી પડી હતી. જ્યારે આસમગ્ર મામલે લીંબડી એસટી ડેપોની બેદરકારી સામે વિદ્યાર્થીઓ સહિતનાઓમાં રોષ જોવા મળ્યો હતો જે મામલે લીંબડી ડેપો મેનેજરનો ટેલીફોનીક સંપર્ક કરતા ફોન પણ રીસીવ કર્યો નહોતો. સરકાર દ્વારા એક તરફ સલામત સવારી એસટી અમારીના સુત્રની જાહેરાતો કરી લોકોને એસટી બસમાં મુસાફરી કરવા આગ્રહ કરવામાં આવે છે પરંતુ એસટી ડેપોના અધિકારીઓ અને કર્મચારીઓની બેદરકારીના કારણે મુસાફરોને મુશ્કેલી ભોગવવી પડે છે

ત્યારે આવા બેદરકારી દાખવનાર અધિકારીઓ અને કર્મચારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# વેરાવળ: ૧૨૩ લાભાર્થીઓને રૂ.૩૯.૯૬ લાખની સહાયનું વિતરણ

## જિલ્લા પંચાયત પ્રમુખ મંજલાબેન મુછારના અધ્યક્ષસ્થાને સમાજ કલ્યાણ શાખાનો યોજનાકીય સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**




જિલ્લા પંચાયત સભાખંડ ખાતે સામાજિક ન્યાય સમિતિ અને સમાજ કલ્યાણ શાખા, જિલ્લા પંચાયત ગીર સોમનાથના સંયુક્ત ઉપક્રમે જિલ્લા પંચાયત પ્રમુખ મંજૂલાબહેન મૂછારના અધ્યક્ષસ્થાને સમાજ કલ્યાણ શાખાની વિવિધ યોજનાઓના પ્રચાર-પ્રસાર તેમજ યોજનાકીય સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

આ તકે રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળની નિયામક અનુસુચિત જાતિ કલ્યાણ હસ્તકની વિવિધ યોજનાઓ પૈકી ડો.આંબેડકર આવાસ યોજનાના કુલ ૭૦ લાભાર્થીઓને રૂ. ૩૩.૬૦ લાખની સહાય તેમજ કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ ૫૩ લાભાર્થીઓને ૬.૩૬ લાખની એમ કુલ ૧૨૩ લાભાર્થીઓને રૂ. ૩૯.૯૬ લાખની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ધારાસભ્ય ડો. પ્રદ્યુમનભાઈ વાજાએ ડો.બાબાસાહેબ આંબેડકરનું જીવન-કવન વિશે વાત કરી તેમની સંઘર્ષથી સફળતાની વાત વર્ણવી પ્રેરણાત્મક ઉદ્‌બોધન આપ્યું હતું.

જિલ્લા સમાજ કલ્યાણ નીરિક્ષક વિનોદભાઈ પરમાર અને જગદિશ ધારેચાએ ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ સહિત વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓની માહિતી આપી હતી.

આ તકે, કારોબારી ચેરમેન ડાહ્યાભાઈ જાલોંધ્રા, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી વી.ઓ.જોશી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી દુદખિયા, જિલ્લા પંચાયતના સભ્યો, પ્રતાપભાઈ પરમાર, પ્રવિણભાઈ આમહેડા, ડો.શૈલેષ વાઘેલા, જાદવભાઈ ભોળા, કર્મચારીઓ અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.


સો-સો સલામ ભારતના વીરોને
અભિનંદન ધોળકિયા સ્કૂલના હીરોને
BOARD 1st
99.99 PR
SAMEER
SWARA
OM
KRISHA
HET
BOARD FIRST 5
BOARD TOP 10 25
SUBJECT FIRST 100/100 152
A1 GRADE 335
90 PR+ 586
ધો. 12 સાયન્સ - 2025
A ગ્રુપ
JEE (Main) 2025
કાલરિયા શુભમ
AIR 211 (99.84 PR)
85 % વિદ્યાર્થીઓએ JEE (Main) પાસ કરી JEE (Adv.) માટે સિલેક્ટ થયા અને હવે તેઓ દેશની શ્રેષ્ઠ IIT નો દરવાજો ખોલી રહ્યા છે
B ગ્રુપ
NEET 2024
સાંચલા સુજલ
705/720
NEET - 2025
NEET - 2025 ના આવનારા રિઝલ્ટમાં પણ ગયા વર્ષની જેમ રાજકોટ પ્રથમની અમારી પરંપરા જાળવી રાખવા અમો તત્પર છીએ...
ધો. 12 કોમર્સ - 2025
BOARD 1st
99.99 PR શિવાંગી વાઘેલા
99.99 PR પ્રિયંક રાઠોડ
99.99 PR ધ્યેય વ્યાસ
99.99 PR રુદ્ર નાગૈયા
99.99 PR હર્ષ ભટ્ટ
99.99 PR ધાર્મી કથિરિયા
BOARD 2nd
99.98 PR હાર્મી ગોથલિયા
99.98 PR જીત ભીમાણી
99.98 PR હર્ષ સિચાર
BOARD 3rd
99.97 PR જીલ સેદાણી
99.97 PR ખુશી વઘાસિયા
99.97 PR લકડીરાજસિંહ
Foundation - 2025
Great Achievements
International Rank 1 Prithviraj Chauhan Int'l Olympiad of Science
International Rank 3 Undhad Jeel Int'l Olympiad of Maths
International Rank 4 Rakshit Kotadiya Int'l Olympiad of Science
International Rank 8 Arpit Kamani Int'l Olympiad of Maths
સાયન્સ હોય કે કોમર્સ, JEE હોય કે NEET, ધો 10 હોય કે 12
અંગ્રેજી માધ્યમ હોય કે ગુજરાતી માધ્યમ... રાજકોટમાં કે.... ગુજરાતમાં...
કે આસપાસમાં પરિણામોમાં અત્ર-તત્ર સર્વત્ર ધોળકિયા સ્કુલ
SCIENCE
COMMERCE-ARTS
JEE (Main) | NEET | CA-CS માટે FOUNDATION | MBA માટે IPMAT
JEE (Adv.) | FOUNDATION | LAW માટે CLAT | UPSC-GPSC
માં પ્રવેશ માટે લેવાતી જુદી જુદી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી ગુજરાતની ગૌરવવંતી સ્કૂલ
સ્કૂલ કેમ્પસમાં જ બોયઝ તથા ગર્લ્સ માટેની અદ્યતન હોસ્ટેલ સુવિધા
Std.11th ADMISSION OPEN
SCIENCE | COMMERCE | ARTS
DHOLAKIYA SCHOOLS
CBSE/ Gujarat Board
Rajkot Gondal
72 1 11 83 83 9
99 7 96 82 22 2

# મોરબી જિલ્લાનું શિક્ષણ સ્તર ઉંચુ: ધો.૧૦ના પરિણામમાં રાજયમાં દ્વિતીય

## ૮૮.૭૮% પરિણામ સાથે ૧૦,૭૬૭ વિદ્યાર્થીઓ ઉતિર્ણ તેમજ એકપણ શાળાનું ૦% પરિણામ નથી જે ગૌરવજનક બાબત

**અબતક,ૠષી મહેતા, મોરબી**

મોરબીઃ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમાંક મેળવી મોરબી જીલ્લાએ ધોરણ ૧૦ના પરિણામમાં પણ રાજ્ય કક્ષાએ દ્વિતીય ક્રમાંક મેળવી સમગ્ર રાજ્યમાં મોરબીના શિક્ષણ ક્ષેત્રને આગવું ગૌરવ અપાવ્યું છે.

શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ ૧૦નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. આ પરિણામમાં મોરબી જીલ્લાએ ૮૮.૭૮ ટકા પરિણામ સાથે સમગ્ર રાજ્યમાં બીજો ક્રમાંક મેળવ્યો છે.

આ વર્ષે જીલ્લામાંથી કુલ ૧૨,૧૨૮ વિદ્યાર્થીઓએ ધોરણ ૧૦ની પરીક્ષા આપી હતી જેમાંથી ૧૦,૭૬૭ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. આ વિદ્યાર્થીઓમાંથી ૮૧૬ વિદ્યાર્થીઓએ અ૧ ગ્રેડ મેળવી જીલ્લાને સિદ્ધિ અપાવી છે. છેલ્લા પાંચ વર્ષના ધોરણ ૧૦ના પરિણામની વાત કરીએ તો વર્ષ ૨૦૨૦માં ૬૪.૬૨ ટકા, વર્ષ ૨૦૨૧માં કોરોનાના કારણે માસ પ્રમોશન, વર્ષ ૨૦૨૨માં ૭૩.૭૮ ટકા, વર્ષ ૨૦૨૩માં ૭૫.૪૩ ટકા, વર્ષ ૨૦૨૪માં ૮૫.૪૦ ટકા અને વર્ષ ૨૦૨૫માં ૮૮.૭૮ ટકા પરિણામ મેળવ્યું છે. આમ તુલનાત્મક અભ્યાસ કરીએ તો છેલ્લા પાંચ વર્ષમાં મોરબી જીલ્લાના ધોરણ ૧૦ના પરિણામમાં ૧૫% થી વધુનો વધારો થયો છે. જીલ્લામાં ૩૩ શાળાઓએ સો ટકા પરિણામ મેળવ્યું છે, જ્યારે ઝીરો ટકા પરિણામ ધરાવતી હોય તેવી એકપણ શાળા નથી જે ગર્વની વાત છે.

મોરબી જીલ્લામાં મોરબી, વાંકાનેર, ટંકારા, જેતપુર(મચ્છુ), સિંધાવદર, હળવદ, ચંદ્રપુર, ચરાડવા, પીપળીયા અને પીપળીયા રાજ મળી કુલ ૧૦ કેન્દ્રો ખાતે ધોરણ ૧૦ની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાંથી વાંકાનેરના પીપળીયા રાજ કેન્દ્રએ સમગ્ર મોરબી જીલ્લામાં ૯૬.૭૬ ટકા સાથે પ્રથમ સ્થાન મેળવ્યું છે. જ્યારે ૯૪.૦૪ ટકા સાથે સિંધાવદર દ્વિતીય અને ૯૩.૯૪ સાથે ટંકારા કેન્દ્ર તૃતીય ક્રમાંકે રહ્યું છે.

ધોરણ ૧૦ના પરિણામમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરી, જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિ, જીલ્લા શિક્ષણ અધિકારી કમલેશ મોતા અને જીલ્લા શિક્ષણ અધિકારીની સમગ્ર કચેરી તથા જીલ્લાના શિક્ષણવિદો દ્વારા વિદ્યાર્થીઓ, વાલીઓ, શાળાઓઓને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# ખાખરેચી સાર્વજનિક હાઈસ્કુલનો ધો.૧૦ના પરિણામમાં દબદબો

## સરકારી શાળાએ શ્રેષ્ઠ શાળાનો રાહ ચિંધી એશુબા રાઠોડે એ-વન ગ્રેડ મેળવી શાળા-પરિવારનું ગૌરવ વધાર્યું






રાઠોડ એશુબા હિતેન્દ્રસિંહ
P.R.-97.99

**અબતક, ૠષિ મહેતા, મોરબી**

માળીયા તાલુકાના ખાખરેચીની સાર્વજનિક હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ ની ફેબ્રુ./ માર્ચ-૨૦૨૫માં લેવાયેલ બોર્ડની પરીક્ષાનું શાળાનું ૮૩.૭૨% જેટલું ઉત્કૃષ્ટ પરિણામ મેળવ્યું છે.

ધોરણ-૧૦ ના પરિણામમાં હાઈસ્કૂલમાં અભ્યાસ કરતી અંતરિયાળ વિસ્તારના નાના એવા વેજલપર ગામની રાઠોડ એશુબા હિતેન્દ્રસિંહ નામની છાત્રાએ ૬૦૦ માથી ૫૫૬ ગુણ, ૯૭.૯૯ પીઆર સાથે એ-વન ગ્રેડ મેળવીને પોતાના પરિવાર, વેજલપર ગામ અને ખાખરેચી હાઈસ્કૂલનું ગૌરવ વધાર્યું છે.

આ છાત્રાએ એ-વન ગ્રેડ મેળવીને ગ્રામ્ય વિસ્તારની સરકારી શાળાઓમાં શ્રેષ્ઠ શિક્ષણ પ્રાપ્ત થાય છે અને સરકારી શાળા શ્રેષ્ઠ શાળાનો સમાજને રાહ ચિંધ્યો છે.

આ સાથે શાળાના અને છાત્રાના ઉત્કૃષ્ટ પરિણામ બદલ તમામ વિદ્યાર્થીઓની મહેનતને અને તમામ સ્ટાફગણની મહેનતને શાળાના આચાર્ય મેહુલભાઈ ભોરણીયા એતથા ગામના સરપંચ, તમામ સદસ્ય, સામાજિક આગેવાનો અને તમામ ગામલોકોએ બિરદાવીને શુભકામના સાથે અભિનંદન પાઠવ્યા હતા.

# મોરબી મનપાએ હોસ્પિટલ, શાળા અને હોટલના સ્ટાફને ફાયર સેફટીની તાલીમ આપી

## ૫૦૭ કર્મચારીઓને ફાયર પ્રિવેન્શનની માહિતી આપી ચેકીંગ હાથ ધરીને ગાઈડલાઈન અપાઈ




**અબતક, ૠષી મહેતા, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની અગ્નિશમન શાખા દ્વારા શહેરના હોસ્પિટલ, શાળા અને હોટલોમાં ફાયર સેફ્ટી ટ્રેનિંગ આપવામાં આવી હતી. હેલ્થકેર, શિક્ષણ અને હોટલ ક્ષેત્રના ૫૦૭ કર્મચારીઓને આગથી બચાવ અને ફાયર પ્રિવેન્શન માટેની મહત્ત્વની માહિતી આપી હતી. સાથે ફાયર સેફ્ટી ચેકિંગ હાથ ધરવામાં આવ્યું અને જરૂરી ગાઈડલાઈન અપાઈ હતી.

મોરબી મહાનગરપાલિકા વિસ્તારમાં સુરક્ષાને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશથી અગ્નિશમન શાખાએ ખાસ અભિયાન ચલાવ્યું હતું. અંદાજે ૩ હોસ્પિટલમાં ૪૮ હેલ્થકેર સ્ટાફ, ૩ શાળામાં ૪૩૦ સ્ટાફ અને ૩ હોટલના ૨૯ સ્ટાફને ફાયર પ્રિવેન્શન ટ્રેનિંગ અંતર્ગત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ટ્રેનિંગ દરમ્યાન આગ લાગવાના સંજોગોમાં ફાયર સાધનોનો યોગ્ય ઉપયોગ કેવી રીતે કરવો તેની વિસ્તૃત માહિતી આપી હતી. આ સાથે શહેરની વિવિધ હોટલોમાં ફાયર સેફ્ટી સર્ટિફિકેટનું ચેકિંગ પણ હાથ ધરાયું અને જે હોટલ પાસે ફાયર એનઓસી ન હતું તેને નોટિસ આપવામાં આવી હતી. કુલ ૨૮ હોસ્પિટલ અને ૨૨ શાળામાં ફાયર સીસ્ટમ લગાવવામાં આવ્યા અને પ્રિવેન્શનના સૂચનો આપવામાં આવ્યા હતા.

આ સમયગાળામાં ૧૫ જગ્યાએ આગ લાગવાના બનાવ સામે આવ્યા હતા, જેમાં ૬ સ્થળોએ આગ લાગવા અને એક રેસ્ક્યુ કોલ મળતા ફાયર બ્રિગેડ સ્ટાફે તાત્કાલિક પહોંચી જઈ આગ પર કાબૂ મેળવી જાનમાલ બચાવી લેવામાં આવ્યા હતા

કોઈપણ આગથી સંબંધિત ઈમરજન્સી સમયે મોરબી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસને ૦૨૮૨૨ ૨૩૦૦૫૦ અને ૧૦૧ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# વાંકાનેરઃ કટોકટીની પરિસ્થિતિને પહોચી વળવા કાલે રકતદાન કેમ્પનું આયોજન

**અબતક,લીતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર ભારતીય સેના દ્વારા પીઓકે વિસ્તારમાં ઓપરેશન સિંદૂર હાથ ધરી એરસ્ટ્રાઈક કરવામાં આવી હતી. ત્યારે હાલની પરિસ્થિતિને જોતા હોસ્પિટલ ખાતે ઈમરજન્સી કટોકટીને ધ્યાનમાં રાખીને જવાનો માટે તથા નાગરિકો માટે તુરંત બ્લડની જરૂરિયાત પૂર્ણ થાય તે માટે વાંકાનેરની સરકારી હોસ્પિટલના પી.પી. યુનિટ ખાતે તારીખ ૧૦ મે ને શનિવારે સવારે ૯ થી ૧ વાગ્યા સુધી રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તો વધુમાં વધુ લોકો રકતદાન કરી રાષ્ટ્રહિતમાં સહભાગી થાય તે માટે વાંકાનેર સરકારી હોસ્પિટલ દ્વારા જણાવાયું છે.

# મોરબી જિલ્લાના વિકાસ કામોની સમીક્ષા કરતાં પ્રભારી સચિવ મનિષા ચંદ્રા

## આપત્તિની પરિસ્થિતિમાં સરકારી સેવાઓ, સાધનોની સક્રિયતા, પ્રિમોન્સુન કામગીરી અંગે માર્ગદર્શન આપ્યું

**અબતક, ૠષિ મહેતા, મોરબી**

મોરબી જીલ્લા પ્રભારી સચિવ મનિષા ચંદ્રાએ જીલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે દુશ્મન દેશના હુમલા કે યુદ્ધ સમયે સિવિલ ડિફેન્સની ૧૨ સેવાઓની સક્રિયતા અને સાધનોની સુનિશ્ચિતતા તથા જીલ્લામાં ચાલી રહેલ વિવિધ અભિયાન, વિકાસકામો અને યોજનાઓના અમલીકરણ અને સ્થિતિ અંગે સમીક્ષા બેઠક યોજી હતી.



બેઠક અન્વયે પ્રભારી સચિવ દ્વારા સુજલામ સુફલામ યોજના હેઠળ કેચ ધ રૈન સહિત થયેલા કામો, પીએમ કિસાન યોજના અન્વયે ફાર્મર રજીસ્ટ્રી, પાણી પુરવઠા વિભાગ હેઠળના પાણીના પ્રશ્નો, મચ્છુ-૨ ડેમના ગેટના રીપેરીંગની કામગીરી, ઈ-કેવાયસીની કામગીરી, કમોસમી વરસાદના પગલે થયેલ નુકસાન, પ્રિ-મોન્સુન કામગીરી અન્વયે વિવિધ તૈયારીઓ અને ગટર, પાણીના કુદરતી નિકાલ તેમજ રોડ સાઈડની સફાઈ વગેરેની સમીક્ષા કરવામાં આવી હતી.

વધુમાં મોકડ્રીલ તેમજ સિવિલ ડિફેન્સ અંતર્ગતની કામગીરી, મોકડ્રીલ દરમિયાન રિસ્પોન્સ ટાઈમ, હોટલાઈન તથા સેટેલાઈટ ફોન જેવા કોમ્યુનિકેશનના સાધનોની સક્રિયતા તેમજ સિવિલ ડિફેન્સની વિવિધ ૧૨ સેવાઓના નોડલની નિમણૂંક સહિતના મુદ્દાઓ અંગે પ્રભારી સચિવએ ચર્ચા વિચારણા કરી જરૂરી સૂચનાઓ આપી હતી.

આ બેઠકમાં જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરી, જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિ, મોરબી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર સ્વપ્નિલ ખરે, જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠી, નિવાસી અધિક કલેક્ટર એસ.જે. ખાચર, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એન.એસ. ગઢવી, પ્રાંત અધિકારીઓ, મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ, નગરપાલિકાના ચીફ ઓફિસરો તથા વિવિધ વિભાગના વડાઓ સહિત જીલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબી: માઈનોર કેનાલના અધૂરા કામને લઈને ધારાસભ્યએ અધિકારીઓને ખખડાવ્યાં

## ખેડુતોએ રોષ ઠાલવતા કામ ત્વરીત પૂર્ણ કરવા સૂચના આપતા ધારાસભ્ય અમૃતીયા

**અબતક, ૠષી મહેતા, મોરબી**

મોરબીમાં પાવડિયાળીથી નવા સાદુળકા અને હરિપર ધ્રાંગધ્રા બ્રાન્ચની ડી-૩૨ માઈનોર કેનાલના અધૂરા કામ બાબતે મોરબી-માળિયા ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાએ સ્થળ પર જઈ રૂબરૂ મુલાકાત લીધી હતી. તેમણે નર્મદાના અધિકારીઓને ફોન કરીને જવાબદારી નિભાવવા ખખડાવ્યા અને તાત્કાલિક કાર્યવાહી કરવા આદેશ આપ્યા હતા.

મોરબીના પાવડિયાળી કેનાલ રોડ પર ધ્રાંગધ્રા શાખા નહેરના પાવડિયાળીથી નવા સાદુળકા અને હરિપર ધ્રાંગધ્રા બ્રાન્ચની ડી-૩૨




માઈનોર જે કેનાલનું ઘણા સમયથી અધૂરા કામને લઈને સ્થાનિક ખેડુતોમાં ભારે રોષ જોવા મળતો હતો. ત્યારે મોરબી-માળિયા વિસ્તારના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાએ ખેડૂત આગેવાનો અને ભરતનગર-હરિપર ગામના ખેડૂતો સાથે સ્થળ પર પહોંચી રૂબરૂ મુલાકાત લીધી હતી. હતા, જ્યાં તેમણે નર્મદા વિભાગના સેક્રેટરી, ચીફ એન્જિનિયર સહિત અન્ય ઉચ્ચ અધિકારીઓને ફોન કરીને કાર્યવાહી કરાવવાની તાકીદ કરી હતી. ધારાસભ્યએ અધિકારીઓ સામે આક્ષેપ કર્યો કે તેઓ કામ બાબતે ખોટા નિવેદનો આપી રહ્યા છે અને કામમાં વિલંબ કરી રહ્યા છે. જેથી ધારાસભ્યએ તાત્કાલિક ધોરણે કામ પૂર્ણ કરવા માટે અધિકારીઓને સૂચના આપી હતી.

# મિતાણા ગામે પેટ્રોલ પંપેથી કારની ચોરી કરનાર રીઢો તસ્કર ઝડપાયો

## કાર હંકારી નાશી છૂટેલા શખ્સને એલ.સી.બી.એ રાજસ્થાનથી મુદામાલ સાથે દબોચી લીધો

**અબતક, ૠષી મહેતા, મોરબી**

ટંકારા તાલુકાના મીતાણા ગામના પેટ્રોલપંપ પરથી ચોરાયેલી બલેનો કાર, રોકડા રૂપિયા અને અન્ય મુદ્દામાલ સાથે આરોપી રાજસ્થાની રીઢા ગુનેગારને રાજસ્થાનમાંથી ઝડપી લેવામાં આવ્યો હતો. મોરબી એલસીબી ટીમે ટેકનિકલ માધ્યમ અને સીસીટીવીના આધારે ગુનાને ગણતરીના દિવસોમાં ઉકેલી ચોરી કરેલ કાર સહિત ૬.૩૫ લાખનો મુદ્દામાલ પરત મેળવ્યો હતો.




મીતાણા ગામ નજીક આવેલા યદુનંદન પેટ્રોલપંપના પાર્કિંગમાંથી તા. ૨૨ એપ્રિલના રોજ અજાણ્યા ઈસમ દ્વારા અંબરીશકુમાર હેમરાજભાઈ ભીમાણીની માલિકીની બલેનો કાર નં. જીજે-૩૬-એએફ-૭૨૬૧ રોકડા ૨૫ હજાર રૂપિયા અને અન્ય દસ્તાવેજો સહિત ચોરી થઈ હતી.


મોરબી એલ.સી.બી./પેરોલ ફર્લો ટીમે ઘટના સ્થળ તથા આજુબાજુના સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે ગુનાનો ભેદ ઉકેલી ચોરી કરનાર આરોપી વિજયસિંહ રામસિંહ રાવત રહે. ખોડીયા તા. સોજત જી.પાલી રાજસ્થાન વાળો હોવાનું અને હાલ તે રાજસ્થાનના રાજસમદ જીલ્લાના ભીમ ખાતે હોવાની ચોક્કસ બાતમી મળી હતી. ટીમે રાજસ્થાનના ભીમ શહેરમાં તપાસની કાર્યવાહી કરીને આરોપીને ઝડપી લીધો હતો,

કાર, રોકડા રૂપિયા અને બે મોબાઈલ ફોન મળી કુલ ૬.૩૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

વધુમાં પકડાયેલ આરોપી વિજયસિંહ રામસિંહ રાવત અફીણનો બંધાણી હોય અને પોતે કોઈ કામ ધંધો કરતા ન હોય તેમજ આવકના કોઈ સ્ત્રોત ન હોય જેથી પોતે અગાઉ પણ રાજસ્થાન ગુજરાતમાંથી વાહનો ચોરી કરી તેની નંબર પ્લેટો કાઢી સસ્તા ભાવે ગાડીઓ વેચી નાખી તેના રૂપીયામાંથી પોતે મોજ શોખ તથા વ્યસન પાછળ ખર્ચ કરતો હોવાનું તેમજ આ આરોપી વિરુદ્ધ રાજસ્થાનના વિવિધ જીલ્લાના પોલીસ મથકમાં તેના સામે ૨૫ જેટલા ગુના નોંધાયેલા છે.

# યોગ કરી મોરબીના પોલીસ જવાનો મેદસ્વિતા મુકત ગુજરાત મિશનમાં જોડાયા





**અબતક, ૠષિ મહેતા, મોરબી**

સમગ્ર ગુજરાતમાં મેદસ્વિતાને નિયંત્રણમાં લાવવાના હેતુથી સરકાર દ્વારા ''સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુકત ગુજરાત'' અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

ત્યારે મોરબીમાં પોલીસના જવાનો માટે મકનસર ખાતે આવેલા પોલીસ હેડ ક્વાર્ટરમાં યોગ પ્રાણાયામ અને ધ્યાન માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં પોલીસના જવાનો જોડાયા હતા.

પોલીસની ફરજમાં શરીરની ફિટનેસ ઉપર ખાસ ધ્યાન આપવામાં આવે છે. પોલીસ જવાનોનું જીવન અનિયમિતાથી ભરેલું હોવાના કારણે શારીરિક થાક અનુભવતા હોય છે જેના કારણે ડાયાબીટીસ, બીપી જેવી તકલીફોનો ભોગ બનતા હોય છે ત્યારે પોલીસના જવાનોના તન, મનને તંદુરસ્ત રાખવા માટેનો કોઈ રામબાણ ઈલાજ હોય તો તે છે યોગ અને પ્રાણાયામ. નિયમિત યોગ-પ્રાણાયામ કરવાથી તન તંદુરસ્ત બને છે અને મન મજબૂત બને છે. ત્યારે પોલીસના જવાનોની તંદુરસ્તી અને સ્વસ્થ આરોગ્ય માટે ૠષિ પ્રભાકરજી પ્રેરીત સિદ્ધ સમાધિ યોગના આચાર્ય રાજુ પટેલ અને નવનીતભાઈ કુંડારિયા બંને આચાર્ય દ્વારા મોરબીના મકનસર ખાતેના પોલીસ હેડકવાર્ટરના પ્રાંગણમાં વહેલી સવારે પોલીસ જવાનોને યોગ અને પ્રાણાયામ કરાવવામાં આવ્યા હતા.

# સુત્રાપાડાઃ ડો. ભરત બારડ શૈક્ષણિક સંકુલના વિદ્યાર્થીઓની બોર્ડના પરિણામમાં ડંકો

## ધો.૧૦-૧૨માં વિદ્યાર્થીઓનાં ઉત્કૃષ્ટ દેખાવ બદલ શાળા પરિવારને અભિનંદન પાઠવતા સંસ્થાના આધ્યસ્થાપક જશાભાઈ બારડ

**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

સુત્રાપાડા મુકામે ડો.ભરતભાઈ બારડ શૈક્ષણિક સંકુલ માં ચાલતી વિવિધ સાંસ્થાઓ નું માર્ચ -૨૦૨૫ માં લેવાયલ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૦ અને ધો ૧૨ ની પરીક્ષા મા આવેલ પરિણામ માં વિવેકાનંદ વિનય મંદિર કુમાર શાળા સુત્રાપાડા ધો .૧૦ માં ૯૬ ૯૮. અને ધો -૧૨ માં ૯૮ .૩૩ ટકા આવેલ છે તેમજ વિવેકાનંદ વિનય મંદિર કન્યા શાળા માં ધો. ૧૦ માં ૯૭.૯૩ અને ધો .૧૨ માં ૯૯.૫૨ ટકા અને સ્વ કે કે બારડ કન્યા વિધાલય સુત્રાપાડા ધો.૧૦ નું પરિણામ ૧૦૦ ટકા અને ધો ૧૨ માં ૧૦૦ ટકા ટકા આવેલ છે, આમાં ડો ભરત બારડ શૈક્ષણિક સંકૂલ નું સ્થાપના વર્ષ થી ઉજ્જવળ પરિણામ નો સિલશીલો જાળવી રાખેલ છે.

તેમજ આ સતત બે વર્ષ માધ્યમિક શિક્ષણ બોર્ડ માં પ્રથમ નંબર મેળવેલ હતો આમ ચાલુ વર્ષ માં લેવાયેલ બોર્ડ ની પરિક્ષ માં પણ ઉજ્જવળ પરિણામ જાળવી રાખતા સંથા ના પ્રમુખ દિલીપભાઈ બારડ દ્વારા વિદ્યાર્થીઓ ને તેમજ સ્ટાફ પરિવાર ને ખૂબ ખૂબ અભિનંદન પાઠવીયા હતા અને ધો. ૧૦ અને ધો ૧૨ માં આવેલ પ્રથમ નંબરની વિદ્યાર્થીઓ ને પોતાના જીવનમાં ઉતારોતાર પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. ડૉ. ભરત બારડ શૈક્ષણિક સંકુલ માં ધો. ૧૦ માં



પાંપણિયા કલ્પના કે. ને ૯૭.૮૮ અને ધો. ૧૨ માં મોરી ઉર્મિલાબેન એન ને ૯૮.૯૭ પી આર. મેળવી સંસ્થા અને પરિવાર નું નામ રોશન કર્યું છે,કુમાર શાળા માં ધો. ૧૦ માં સોલંકી જયાંશુ બી. ૮૮.૮૬ પી. આર. ધો. ૧૨ માંમકવાણા હરેશ એસ ૯૪.૧૪, પી આર, સ્વ.કે. કે. બારડ માં ધો ૧૦ માં કામલીયા બિંદિયા ને ૭૯.૮૭ અને ધો ૧૨માં દેવળીયા જાનવી ને ૭૯.૮૭ સંસ્થા ના આદ્યસ્થપાક અને પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ દ્વારા તેઓ ને અભિનંદન પાઠવવા માં આવીયા અને તેઓ જીવન માં ખુબ જ પ્રગતિ કરે એવી શુભકામના પાઠવી હતી,

# લાઠી, બાબરા અને દામનગરના ખેડુતોને સહાય અપાવવા ધારાસભ્ય તળાવીયા 'મેદાને'

## કમોસમી વરસાદથી પાકને નુકશાન થતાં તાત્કાલીક સહાય ચુકવવા મુખ્યમંત્રીને રજુઆત

**અબતક, બાબરા**

લાઠી દામનગર બાબરા વિસ્તારમાં થયેલા કમોસમી વરસાદે ખેડૂતોના ઉનાળુ પાકને ભારે નુકસાન પહોંચાડ્યું છે. તલ, જુવાર, ડુંગળી જેવા મહત્વના પાકો પવન સાથેના ભારે વરસાદને કારણે સંપૂર્ણપણે બરબાદ થઈ ગયા છે. ખેડૂતોની આ કપરી સ્થિતિને ધ્યાનમાં રાખીને લાઠી બાબરા ધારાસભ્ય જનકભાઈ તળાવિયા એ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર લખીને તાત્કાલિક સહાયની માંગણી કરી છે.ધારાસભ્ય જનકભાઈ તળાવિયાએ વધુમાં જણાવ્યું હતું કે, તેઓ હંમેશા પોતાના



સંસદીય વિસ્તારના ખેડૂતોના હિત માટે કાર્યરત છે અને ખેડૂતોના પ્રશ્નોના નિરાકરણ માટે સતત પ્રયત્નશીલ રહે છે. તેમણે મુખ્યમંત્રીને વિનંતી કરી હતી કે, સરકાર દ્વારા તાત્કાલિક અસરથી ખેડૂતોને સહાય ચૂકવવામાં આવે જેથી તેઓને રાહત મળી શકે.ખેડૂતોએ પણ આ માવઠાથી થયેલા નુકસાનને લઈને સરકાર પાસે તાત્કાલિક સહાયની માંગ કરી છે. ખેડૂતોનું કહેવું છે કે, આ વર્ષે તેમણે ખૂબ જ મહેનત કરીને પાક તૈયાર કર્યો હતો, પરંતુ કમોસમી વરસાદે તેમની બધી મહેનત પર પાણી ફેરવી દીધું છે. હવે સરકાર જ તેમને આર્થિક મદદ કરીને બચાવી શકે છે.

# હળવદઃ દુષ્કર્મના ગુનામાં આરોપીનો નિર્દોષ છૂટકારો

## સગીરાને પ્રેમજાળમાં ફસાવી અપહરણ કરી હવસનો શિકાર બનાવી

**અબતક,ૠષી મહેતા, મોરબી**

હળવદ તાલુકામાં ૧૭ વર્ષની કિશોરીના અપહરણ અને દુષ્કર્મના ચકચારી કેસમાં આરોપી અજય મગનભાઈ ગણેશિયાને મોરબી સેશન્સ કોર્ટ દ્વારા નિર્દોષ જાહેર કરતો હુકમ જારી કરાયો છે. કોર્ટમાં બચાવ પક્ષે રજૂ કરેલી દલીલો અને પુરાવાના અભાવને આધારે આરોપીને નિર્દોષ જાહેર કરીને છોડી મુકવાનો હુકમ કર્યો છે.

હળવદ તાલુકામાં વર્ષ ૨૦૨૪ માં એક કિશોરીના અપહરણ અને દુષ્કર્મના ગુનામાં નોંધાયેલા કેસમાં મોરબી જીલ્લા એન્ડ સેશન્સ કોર્ટ દ્વારા મહત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે. ફરિયાદ અનુસાર ૧૭ વર્ષની કિશોરીને આરોપી અજય મગનભાઈ ગણેશિયાએ સગીર વયની જાણ હોવા છતાં ફરીયાદીના વાલીપણામાંથી ભગાડી લઈ જઈ અવારનવાર અલગ અલગ સ્થળે દુષ્કર્મ આચર્યું હતું. આ કેસમાં હળવદ પોલીસ સ્ટેશને ભારતીય દંડ સંહિતા તેમજ પોકસો અધિનિયમ હેઠળ ગુનો નોંધ્યો હતો અને આરોપીની ધરપકડ કરી હતી. કેસમાં ફરિયાદી, પીડિત, પીડિતના માતા-પિતા, સાક્ષીઓ, ડોકટરો, પોલીસ તેમજ તપાસ અધિકારીઓના નિવેદન લેવામાં



આવ્યા હતા. બચાવ પક્ષના વકીલ દીલીપભાઈ અગેચણીયાએ દલીલ કરી કે ફરિયાદ ખોટી અને પૂર્વગ્રહભરેલી છે અને આરોપી નિર્દોષ છે. તેઓએ અગાઉના ચુકાદાઓ કોર્ટમાં રજૂ કર્યા અને કહ્યું કે આરોપી સામેના આરોપો પુરાવાથી સાબિત થતા નથી. કોર્ટે તમામ દલીલો અને પુરાવાનું અવલોકન કર્યા બાદ આરોપી અજય ગણેશિયાને નિર્દોષ જાહેર કરીને છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

આ કેસમાં આરોપી તરફથી ધારાશાસ્ત્રી દીલીપભાઈ અગેચણીયા, જીતેન ડી. અગેચાણીયા, રવિ ડી. ચાવડા અને કુલદિપ ઝિંઝુવાડીયા રોકાયેલ હતા.

# આંકોલવાડી: તપોવન વિદ્યાસંકુલમાં ધો.૧૦નું છાત્રોનું ઝગમગતું પરિણામ

## સંચાલક રાજેશ પાનેલીયાના માર્ગદર્શન હેઠળ એ.૧ ગ્રેડ ધરાવતા ૧૯ અને એ.૨ ગ્રેડ ધરાવતા ૫૨ વિદ્યાર્થીઓએ શાળા પરિવારનું ગૌરવ વધાર્યું

**અબતક, આંકોલવાડી**

ગીર સોમનાથના તાલાલા તાલુકાના આકોલવાડી ગામે આવેલ તપોવન વિદ્યા સંકુલમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડનું પરિણામ જાહેર થયેલ જેમાં* *ધોરણ ૧૦ તપોવન વિદ્યા સંકુલનું ૯૮.૩૮% પરિણામ આવેલું છે જેમાં અ૧ ગ્રેડ ધરાવતા ૧૯ વિદ્યાર્થી તેમજ અ૨ ગ્રેડ ધરાવતા ૫૨ વિદ્યાર્થી આવેલ છે જે પૈકી કેન્દ્રમાં પ્રથમ ક્રમાંકે ચાવડા ભવાની ૯૯.૮૯ પીઆર, કેન્દ્રમાં બીજા ક્રમાંકે ચૌહાણ પૂજા ૯૯.૭૩ પીઆર કેન્દ્રમાં ત્રીજા ક્રમાંકે સવનિયા ધ્રુવીશા ૯૯.૪૨ પીઆર, અને વાઢેર વિવેક ૯૯.૪૨ પીઆર સાથે ઉત્તીર્ણ થયેલ છે. આ વિદ્યાર્થીઓએ શાળા, ગામ , પરિવાર અને સમાજનું નામ રોશન કરેલું છે.તપોવન વિદ્યા સંકુલ માં ઘણા વિદ્યાર્થીઓના માતા-પિતાની હયાતી વગરના વિદ્યાર્થીઓને શૈક્ષણિક ફીમાં રાહત આપી તેમજ સરકાર દ્વારા મળતી સ્કોલરશીપ નો લાભ લેવડાવી આર્થિક પરિસ્થિતિ નબળા વિદ્યાર્થીઓને મદદ સાથે અભ્યાસ અને કેળવણી આપવામાં આવી રહી છે આ ઉપરાંત શ્રેષ્ઠ અને નિષ્ણાંત* *શિક્ષકોની ટીમ દ્વારા વિદ્યાર્થીઓના પાયાનું શિક્ષણનું જ્ઞાન આપી અને વિદ્યાર્થીઓના ઉજ્જ્વળ ભવિષ્ય બનાવવા માટે હંમેશા ને માટે તત્પર રહે છે આ અદભુત સફળતા બદલ સંસ્થાના સ્થાપક શ્રી રાજેશભાઈ પાનેલીયા તેમજ શિક્ષકોએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.*













# અમરેલી: એસ.એચ. ગજેરા સ્કુલ વિદ્યાસભાના ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓ ઝળહળ્યા

## શ્રેષ્ઠ શિક્ષણ સાથે સર્વાંગી વિકાસનો એકમાત્ર ધ્યેય: પ્રમુખ વસંતભાઈ ગજેરા

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

અમરેલી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ના પરિણામ જાહેર થયા બાદ ગજેરા સ્કૂલ વિદ્યાસભા, અમરેલીના વિદ્યાર્થીઓએ શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને સમગ્ર જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. અંગ્રેજી માધ્યમ વિભાગમાંથી અભ્યાસ કરતી દયુતી પરમારએ ૯૯.૬૦ પીઆર હાંસલ કરીને સમગ્ર અમરેલી જિલ્લામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી જિલ્લાભરમાં ડંકો વગાડ્યો છે.



જ્યારે ગુજરાતી માધ્યમ માં પણ ૯૯.૭૦% પરિણામ આવ્યું છે. જેમાંથી એ-૧ ગ્રેડ પ્રાપ્ત કરતા ૨૧ વિદ્યાર્થીઓ અને એ-૨ ગ્રેડ પ્રાપ્ત કરતા ૬૦ વિદ્યાર્થીઓ અને ગુજરાત રાજ્ય માં ૭ માં ક્રમે ૨ વિદ્યાર્થીની ભૂત શિયા અને વાઢિયા આયુષી છે.

શાળાનું પરિણામ અંગ્રેજી માધ્યમમાં ૧૦૦% પરિણામ નોંધાવ્યું છે, જેમાંથી ગુજરાતી માધ્યમમાં ૨૧ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ અને ૬૦ વિદ્યાર્થીઓએ એ-૨ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. ઉતીર્ણ થયેલ તમામ વિદ્યાર્થીઓને અને સ્ટાફને સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ અભિનંદન પાઠવ્યા. વિદ્યાસભા કેમ્પસના ડિરેક્ટર વસંતભાઈ પેથાણીએ જણાવ્યું કે, ‘‘કોઈપણ શાળાના વિદ્યાર્થીઓએ ધોરણ ૧૦માં એ-૧ ગ્રેડ હાંસલ કર્યો છે, તે તમામને ધોરણ ૧૧માં ૧૦૦% ફી માફ કરવામાં આવશે.‘‘ તેમજ તેમને સરકાર દ્વારા આપવામાં આવતી શૈક્ષણિક સહાય અને યોજનાઓ અંગે પણ વાલીઓ અને વિદ્યાર્થીઓને વિગતવાર માહિતી આપી હતી. તેમજ રૂબરૂ કાર્યાલય હેલ્પ ડેસ્ક શરુ છે.

પરીક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને શાળાના પ્રવેશદ્વાર પર ભવ્ય રીતે સ્વાગત આપવામાં આવ્યું હતું. તેમને ટ્રોફી, પ્રમાણપત્ર અને મોં મીઠા કરાવીને સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળા પરિસરમાં ફટાકડા ફોડી અને સંગીતમય માહોલ વચ્ચે ભવ્ય ઉજવણી યોજવામાં આવી હતી.

# ઉપલેટા: દિશા શાહે અંગ્રેજીમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવી રાજયમાં પ્રથમ નંબરે ઝળકી

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

ગઈકાલે જાહેર થયેલ ધોરણનું પરિણામમાં દિશા શાહે અંગ્રેજીમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવી શહેરનું ગૌરવ વધાર્યુ હતું.

ધોરણ ૧૦ ના પરિણામમાં શહેરની દિશા શાહે અંગ્રેજી વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવી સમગ્ર રાજ્યમાં પ્રથમ નંબર પ્રાપ્ત થતા પરિવારમાં ખુશી વ્યાપી ગઈ હતી.



દિશા શાહે જણાવેલ કે હું જ્ઞાનદિપ કલાસીઝની વિદ્યાર્થીની છું મને જ્ઞાનદિપ કલાસીસના તમામ સરનું સારૂ માર્ગદર્શન અને હિતમને કારણે હું આ પરિણામ મેળવી શકી છું. અમારા કલાસીમાંથી ૬૦ જેટલી વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયમાં ૯૦ કરતાં વધુ માર્ક મેળવ્યા છે. તેનો અમને ખુબ આનંદ છે.

# ઉપલેટા: ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમા અંગ્રેજી વિષયમાં પ્રથમ સ્થાન મેળવતી દ્રષ્ટિ પરમાર



**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

તાજેતરમાં જાહેર થયેલ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના પરિણામમાં અંગ્રેજી વિષયમાં ઉપલેટા કેન્દ્રમાં દ્રષ્ટિ પરમારે પ્રથમ નંબર મેળવ્યો હતો.

ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના જાહેર થયેલા પરિણામમાં શ્યામ કલાસીઝની વિદ્યાર્થીની દ્રષ્ટી પરમાર ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં અંગ્રેજી વિષયમાં ૯૦ માર્ક મેળવી પરમાર પરિવાર અને શ્યામ કલાસીઝનું ગૌરવ વધારેલ છે. આ તકે શ્યામ કલાસીઝ ના મનિષ પ્રજાપતિ અને નિખિલ ગુપ્તાએ દ્રષ્ટિને અભિનંદન આપ્યા હતા.

# લીંબડીના શિક્ષક દંપતીની પુત્રી ધો.૧૦ના પરિણામમાં રાજ્યમાં પ્રથમ આવી



**અબતક, અશ્વિનસિંહ રાણા, લીંબડી**

લીંબડીનું નીલકંઠ વિદ્યાલય ધોરણ-૧૦ના પરિણામમાં ફરી એક વાર સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમે આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓ તથા શિક્ષકોએ વાજતે ગાજતે ઉજવણી કરી હતી.

મુળ ચુડા તાલુકા ભૃગુપુર ગામના પ્રવિણભાઈ ડાભી જેઓ કરમડ ગામે પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે અને તેમના પત્ની દક્ષાબેન પણ વેજલકા ગામની પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. આ શિક્ષક દંપતીની પુત્રી વેદાંશી પ્રવિણભાઈ ડાભી લીંબડી નિલકંઠ વિદ્યાલયમાં ધોરણ-૧૦ માં અભ્યાસ કરે છે. વર્ષ ૨૦૨૪ - ૨૦૨૫ ગુજરાત બોર્ડની પરિક્ષામાં ૯૯.૯૯ પીઆર સાથે ગુજરાત રાજ્યમા પ્રથમ ક્રમે આવતા લીંબડી નીલકંઠ વિદ્યાલય ખાતે વિદ્યાર્થીઓ તથા વાલીઓ અને શાળા સ્ટાફે ડીજે ના તાલે ઝુમી અને એકબીજા ને મીઠાઈઓ ખવડાવી ઉજવણી કરી હતી.

# ઉપલેટાના ગૌરવ સમી નોબલ હુડ સ્કુલનું ૧૦૦ ટકા પરિણામ

## ઈંગ્લીશ માધ્યમમાં અભ્યાસ કરતી વૈઠા રિતિકા કેન્દ્રમાં પ્રથમ



**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

શહેરમાં ગુજરાતી - અંગ્રેજી માધ્યમમાં કોમર્સ સહિત વિષયોમાં પ્રથમ ગણતતી નાબલ હુડ સ્કુલે ધોરણ ૧૦ માં ૧૦૦ ટકા પરિણામ મેળવી. શહેરનું નામ રોશન કર્યુ છે. અને કેન્દ્રમાં પ્રથમ સ્કુલની વિદ્યાથીનીએ મેદાન માર્યુ છે.

શહેરમાં વિશાળ અદ્યતન બિલ્ડીંગ અને વિશાળ ગ્રાઉન્ડમાં બગીચા સાથેની કુદરતી વાતાવરણમાં અભ્યાસ માટે ઉત્તમ ગણાતી નોબલ હુડ સ્કુલે ધોરણ ૧૨ કોમર્સમાં શ્રેષ્ઠ પરિણામ બાદ ગઈકાલે જાહેર થયેલ ધોરણ ૧૦નું પરિણામ નોબલ હુડ સ્કુલે ૧૦૦ ટકા પરિણામ મેળવી. શહેરનું નામ રોશન કર્યુ છે. જયારે સ્કુલ વિદ્યાર્થીની વૈઠા રિતિકાએ અંગ્રેજી માધ્યમમાં ૯૮.૮૧ પી.આર. મેળવી. સમગ્ર ઉપલેટા કેન્દ્રમાં પ્રથમ આવી શહેર તેમજ નોબલ હુડ સ્કુલનું ગૌરવ વધારેલ છે. તમામ વિદ્યાર્થીઓને સ્કુલમાં એમ.ડી. ભરતભાઇ વઘાસીયા કેમ્પ ડાયરેકટર જીજ્ઞેશભાઇ કાંઠીયા અને પ્રિન્સીપાલ સહિતનાઓએ અભિનંદન આપ્યા હતા.

## પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન

### જાહેર નોટીસ

પશ્ચિમ રેલવે ના રાજકોટ ડિવિઝનના નીચે જણાવેલા સેક્શન હેઠળના પૂર્ણ થયેલા સેક્શન પર આવેલ રેલવે લાઇન અને પરિસરોના તમામ ઉપયોગકર્તાઓને જણાવવામાં આવે છે કે ઓવરહેડ ટ્રેક્શન વાયર્સને તા. 25-05-2025 થી અથવા તે પછી 25000 વોલ્ટ, 50 Hz AC પર વિદ્યુતીકૃત કરવામાં આવશે. આ તારીખે અને થી ઓવરહેડ ટ્રેક્શન લાઇન તમામ સમયે જીવંત માનવાના રહેશે અને કોઈપણ અનધિકૃત વ્યક્તિએ કથિત ઓવરહેડ લાઇનની નજીકમાં આવવું નહિ કે કોઇ કાર્ય કરવું નહીં.

| સેક્શન | તારીખ |
| --- | --- |
| પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનના રાજકોટ-કાનાલૂસ પર Km 838/03(ચૈનેજ 838/049.70) થી Km 853/26 (ચૈનેજ 853/611.80) સુધી લાખાબાવળ-કાનાલૂસ વચ્ચે નવી B.G. ડબલીંગલાઇન. | તા. 25-05-2025 ના રોજ અથવા ત્યાર બાદ |

### AC 25 KV ટ્રેક્શનનો પરિચય
### રસ્તાનો ઉપયોગ કરનારાઓને ચેતવણી

જાહેર જનતાની માહિતી માટે સુચિત કરવામાં આવે છે કે સેક્શન પર તા. 25-05-2025 ના રોજ અથવા તે પછી **પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન ના રાજકોટ-કાનાલૂસ પર Km 838/03 (ચૈનેજ 838/049.70) થી Km 853/26 (ચૈનેજ 853/611.80) સુધી લાખાબાવળ-કાનાલૂસ વચ્ચે નવી B.G. ડબલીંગ લાઇન** સેક્શન ઉપર ઓવરહેડ ટ્રેક્શન વાયર્સને 25 kV પર વિદ્યુતીકૃત કરવામાં આવશે.

તમામ રેલવે ક્રોસિંગ પર લાઇવ ટ્રેક્શન વાયર (સંપર્ક વાયરના જોખમી સંપર્કમાં આવતા અતિશય ઊંચાઇ ના લોડ ને રોકવા માટે ઉપરોક્ત રોડ પર 4.78 મીટરની સ્પષ્ટ ઊંચાઇ સાથે હાઇટ ગેજ બાંધવામાં આવેલા છે. જે રેલવે લેવલ ક્રોસિંગ્સ ઉપર વધુત્તમ 5.50ની ઊંચાઇએ રહેશે.

આથી જાહેર જનતાને સૂચિત કરવામાં આવે છે કે વાહનો લોડ કરવાના હેતુ માટે દર્શાવેલ ઊંચાઇનું પાલન કરવું તે જોવા માટે કે રોડ વાહનોમાં વહન કરવામાં આવતો ભાર કોઈપણ સંજોગોમાં હાઇટ ગેજનું ઉલ્લંઘન કરે નહિ.

અતિશય ઊંચાઇવાળા લોડના જોખમો નીચે મુજબ છે :-

1. હાઇટગેજ માટે જોખમી અને સાથે સાથે રોડ અને રેલવે લાઇન પર અવરોધરૂપ.
2. લઇ જવામાં આવતા સાધનના સામાન અને વાહન માટે જોખમી.
3. આગનું જોખમ અને સંપર્કમાં આવવાથી અથવા જોખમી નિકટતાને કારણે વાહકને જીવનું જોખમ.

RJT - 021

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly







## પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન

### OHE ફેરફાર કાર્ય

**ટેન્ડર સૂચના નંબર. DRM/RJT/E-Tender/EL/TRD/2025-2026/09 તારીખ: 08/05/2025;** કાર્યાલયનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ / ટ્રેક્શન), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-360001; **વેબસાઇટ વિગત: www.ireps.gov.in; ક્રમાંક: (1) ટેન્ડર નંબર: DRM-RJT-EL-TRD-2025-26-09; કાર્યનું નામ:** જામનગર - પીપલી (JAM-PPLI) વિભાગ વચ્ચે બ્રિજ નં. - ૩૭૬ અને ૩૮૦ પર સ્ટીલ ગર્ડરના સ્થાને પીએસસી સ્લેબ પૂરા પાડવા અને રાજકોટ ડિવિઝનના વાણી રોડ (VNRD), લખતર (LTR), બજરંગપુરા (BRGP), બાલા રોડ (BLRD) યાર્ડ્સ અને વાંકાનેર (WKR) ગુડ્સ શેડની પેસેન્જર રનિંગ લાઇનના અપગ્રેડેશનના સંદર્ભમાં OHE ફેરફાર કાર્ય; **(i) અંદાજિત કિંમત: ₹** ૪૬,૭૬,૫૦૨.૯૩/- માત્ર; **(ii) ઇએમડી: ₹** ૯૩,૫૦૦/-; **(iii) ઓનલાઇન અરજી કરવાની તારીખ અને સમય:** ૦૫.૦૬.૨૦૨૫ ના રોજ ૧૫.૦૦ કલાક સુધી. RJT - 023

અમને લાઇક કરો: facebook.com/WesternRly

## પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન

### વિવિધ એન્જિનિયરીંગ કાર્યો

**ઇ-ટેન્ડર નોટિસ નં. 07 વર્ષ 2025-26, તારીખ: 07/05/2025; ઓફિસનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જિ.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત - 360001, વેબસાઇટ: www.ireps.gov.in

| અ. નં. | ઇ-ટેન્ડર નં. | કામનું નામ | અંદાજિત NIT ખર્ચ | અર્નેસ્ટ મની |
| --- | --- | --- | --- | --- |
| 1 | DRM-RJT-2025-26-E-15 | રાજકોટ ડિવિઝન : જામનગર, ભાટિયા અને દ્વારકા યાર્ડ્સ ની સુધારણા અને અપગ્રેડેશન ના સંબંધ માં વિવિધ ટ્રેક કાર્યો નું અમલીકરણ. | ૪,૭૧,૯૫,૬૫૯.૬૪ | ૩,૮૬,૦૦૦.૦૦ |
| 2 | DRM-RJT-2025-26-E-16 | રાજકોટ ડિવિઝન : જામનગર, ભાટિયા અને દ્વારકા યાર્ડ્સ ની સુધારણા અને અપગ્રેડેશન ના સંબંધ માં ગ્લુઇંડ જોઇંટ્સ નું ફેબ્રિકેશન. | ૨૯,૪૫,૭૮૭.૫૦ | ૪૨,૯૦૦.૦૦ |
| 3 | DRM-RJT-2025-26-E-17 | રાજકોટ ડિવિઝન : ડિવિઝનલ એન્જિનિયર (પશ્ચિમ) રાજકોટ ના અધિકારક્ષેત્ર હેઠળ વિવિધ સ્થળો પર વેલ્ડિંગ 60Kg (R260) ની આપૂર્તિ અને અમલીકરણ. | ૨૭,૦૧,૮૯૫.૪૭ | ૫૪,૦૦૦.૦૦ |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે: ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: ૩૦/૦૫/૨૦૨૫, ૧૫:૦૦ કલાક

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly RJT-020



# સગીરાને ભગાડી જઈ દુષ્કર્મ આચરનાર આરોપીને ૨૦ વર્ષની સજા

**અબતક, જામનગર**

જામનગર જિલ્લામાં યુવકે સગીરા સાથે મિત્રતા કેળવ્યા પછી તેણી ને ભગાડી લઈ જઈ તેણી સાથે અનેક વખત શરીર સંબંધ બાંધ્યો હતો જે અંગે ના કેસ માં અદાલતે આરોપી ને ૨૦ વર્ષ ની સજા અને રૂ. ૧૨ હજાર ના દંડ નો આદેશ કર્યો છે.

જામનગર જિલ્લા માં રહેતા એક પરિવાર ની ૧૩ વર્ષ ની સગીર વય ની પુત્રી ને કાલાવડ પંથક માં વાડી વિસ્તાર માં રહેતા પંકજ તેરસિંગ બારિયા નામના ૨૨ વર્ષ ના યુવાન એ મિત્રતા કેળવી હતી. આ સગીરા ને કાલાવડ ના નિકાવા બસ ડેપો પાસે બોલાવી તેણી ને બસ મારફત ૩/૧૨/૨૦૧૮ના રાજકોટ, અમદાવાદ, સલાટપુર વગેરે ગામે જઈ ત્યાં સગીરા સાથે શરીર સંબંધ બાંધ્યો હતો.

આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાયા પછી પોલીસે તેમને ઝડપી પાડ્યા હતા, અને આરોપીને જેલ હવાલે કર્યો હતો. આ અંગે નો કેસ સ્પેશિયલ પોકસો કોર્ટના જજ વી પી અગ્રવાલ સમક્ષ ચાલી જતા સરકાર પક્ષે ૧૦ સાહેદો તપાસવામાં આવ્યા હતા. ઉપરાંત દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતા. તમામ દલીલો સાંભળ્યા પછી અદાલતે આરોપી પંકજ તેરસિંગ બારિયા ને ૨૦ વર્ષ ની સજા અને રૂપિયા ૧૨ હજાર નો દંડ તેમજ ભોગ બનનાર ને રૂ.ચાર લાખનું વળતર ચૂકવવાનો આદેશ કર્યો હતો.આ કેસમાં સરકાર પક્ષે વકીલ ભારતીબેન વાદી રોકાયા હતા.

## સતી માઁ સેવા ટ્રસ્ટ અને સમસ્ત શ્રી માળી સોની પાટડીયા પરિવારના સંયુક્ત ઉપક્રમે

# પાટડી ખાતે “સતી માઁ રતનબાનો” સોમવારે ૨૮મો પાટોત્સવ

### નવચંડી યજ્ઞ,સ્નેહ મિલન , ગોયણી પૂજન, મહાપ્રસાદ સહિતના કાર્યક્રમઃ “અબતક”ની શુભેચ્છા મુલાકાતમાં શ્રીમાળી પાટડીયા પરિવારના સભ્યોએ આપી માહિતી


તસ્વીરઃ- કરણ વાડોલીયા

**અબતક, રાજકોટ**

સુરેન્દ્રનગર માં પાટડી માં બિરાજમાન સમસ્ત શ્રી માળી સોની પાટડીયા પરિવાર સતી માં સેવા ટ્રસ્ટ દ્વારા ૨૮ મોં પાટોત્સવ,નવચંડી યજ્ઞ સ્નેહ મિલન સવંત ૨૦૮૧ વૈશાખ સુદ પુનમ તારીખ ૧૨-૫-૨૦૨૫ સોમવાર નાં દિવસે આયોજન કરવામાં આવ્યું છે.

અબ તક શુભેચ્છા મુલાકાતમાં મનીષભાઈ પાટડીયા એ જણાવ્યું હતું કે માતાજી નો શણગાર સવારે ૭.૧૫ નવચંડી યજ્ઞ પ્રારંભ સવારે ૮ કલાકે ધ્વજારોહણ સવારે ૯ કલાકે માતાજી ની ચુંદડી સવારે ૯.૩૦ કલાકે કુંવારીકા ગોયણી પુજન સવારે ૧૧ કલાકે સ્નેહ મિલન બપોરે ૧૨.૧૫ કલાકે મહાપ્રસાદ બપોરે ૧ વાગ્યે આ સતી માં રતનબાનો પાટોત્સવ ભારતભરમાં સમસ્ત શ્રી માળી સોની પાટડીયા પરિવાર નાં લોકો હાજરી આપશે.

અબતકની શુભેચ્છા મુલાકાતમાં જીજ્ઞેશ વાગડિયા એ જણાવ્યું હતું કે આ ધાર્મિક કાર્યક્રમ દાતાનાં સહકાર થી આયોજન કરવામાં આવે છે.

આ કાર્યક્રમમાં એનાઉન્સર તરીકે ઉપેન્દ્રભાઈ સોની અમદાવાદ

સમસ્ત શ્રી માળી સોની પાટડીયા પરિવાર સતી માં સેવા ટ્રસ્ટ નાં ટ્રસ્ટીઓ પ્રકાશભાઈ ભગવાનદાસભાઈ વાગડીયા મેનેજીંગ ટ્રસ્ટી હસમુખભાઈ હરજીવનદાસ પાટડીયા પ્રમુખ અમદાવાદ મોહનલાલ ચુનીલાલ પાટડીયા ઉપપ્રમુખ ભુજ હર્ષદભાઈ શાંતિલાલ પાટડીયા મંત્રી હળવદ જીજ્ઞેશ નટવરલાલ વાગડીયા સહમંત્રી રાજકોટ જયસુખભાઈ પોપટલાલ પાટડીયા ખજાનચી ભરતભાઈ ગોપાલભાઈ પાટડીયા બહુચરાજી સહખજાનચી રાજેશભાઈ ધીરજલાલ પાટડીયા કઠલાલ ટ્રસ્ટી કમલેશભાઈ ગીરધરલાલ પાટડીયા રાજકોટ ટ્રસ્ટી અશ્વિનભાઈ ઝવેરચંદભાઈ પાટડીયા રાજકોટ ટ્રસ્ટી જીજ્ઞેશભાઈ મનસુખલાલ પાટડીયા ટ્રસ્ટી દિનેશભાઈ ચંદુભાઈ પાટડીયા અમદાવાદ ટ્રસ્ટી નટવરલાલ નરભેરામ પાટડીયા અમદાવાદ ટ્રસ્ટી તથા રાજકોટ કમિટી મેમ્બર કલ્પેશભાઈ પાટડીયા સુમિતભાઈ વાગડીયા સંદિપભાઈ પાટડીયા વિનુભાઈ વાગડીયા જીતુભાઈ પાટડીયા હસ્મિતા બેન પાટડીયા કોમલબેન પાટડીયા વિગેરે હોદ્દેદારો દ્વારા આયોજન કરવામાં આવેલ છે.

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકર્તા વિકાસ વર્ગ-૧નો પ્રારંભ

### કુટુંબ પ્રબોધન, પર્યાવરણ, ગૌસેવા વગેરે વિષયોમાં ૧૫૨ સ્વયંસેવકો પ્રશિક્ષણ મેળવશે




**અબતક, રાજકોટ**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ક્ષેત્ર કક્ષાના કાર્યકર્તા વિકાસ વર્ગ-૧ (વિશેષ)નો ૭મી મેથી રાજકોટ ખાતે પ્રારંભ થયો છે. જે ૨૭મી મે સુધી ચાલશે. આ વર્ગમાં ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવાના છ પ્રાંત એટલે કે સૌરાષ્ટ્ર, ગુજરાત, દેવગીરી, કોંકણ, પશ્ચિમ મહારાષ્ટ્ર તથા વિદર્ભ પ્રાંતમાંથી ૪૦ વર્ષથી ૬૫ વર્ષની આયુના ૧૫૨ સ્વયંસેવકો પ્રશિક્ષણ મેળવશે.

રાજકોટમાં ધોળકીયા સ્પોર્ટ્સ સ્કૂલ ખાતે પશ્ચિમ ક્ષેત્રના ક્ષેત્ર સંઘચાલકજી ડો.જયંતીભાઈ ભાડેસિયા, ક્ષેત્રના વ્યવસ્થા પ્રમુખ હસમુખભાઈ પટેલ, મહેસાણા વિભાગના સંઘચાલકજી અને પ્રશિક્ષણ વર્ગના સર્વાધિકારી ડો. નવીનભાઈ પ્રજાપતિએ દીપ પ્રાગ્ટય કરીને ઔપચારિક રીતે વર્ગનો પ્રારંભ કરાવ્યો હતો.

રાજકોટ ખાતેના પ્રશિક્ષણ વર્ગમાં વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખતાં સમાજ જાગરણના વિવિધ વિષયો જેવા કે, કુટુંબ પ્રબોધન, પર્યાવરણ, ગૌ સેવા, સેવા, સંપર્ક, પ્રચાર, વગેરે વિષયોનું પ્રશિક્ષણ કરવામાં આવશે. રાજકોટના વર્ગમાં સર કાર્યવાહ દત્તાત્રેય હોસબોલે ૯મી મેના રોજ આવશે અને ૧૨મી મે સુધી ઉપસ્થિત રહેશે. તેઓ બૌદ્ધિક સત્ર, સંવાદ સત્ર ઉપરાંત શિક્ષાર્થીઓ સાથે વ્યક્તિગત મુલાકાત કરીને માર્ગદર્શન આપશે. ઉપરાંત શિક્ષકો, પ્રબંધકો, સાથે બેઠક યોજશે. આ પ્રવાસ માત્ર વર્ગ અને પ્રશિક્ષણને કેન્દ્રમાં રાખીને રહેશે. તેઓનો અન્ય કોઈ જાહેર કાર્યક્રમ, મુલાકાતો વગેરે રહેશે નહીં. મે માસમાં સંઘના પ્રશિક્ષણ વર્ગો દેશભરમાં ચાલે છે. જેમાં સ્વયંસેવકો આરાધના, સાધના, તપના ભાવથી જોડાય છે. આ સ્વયંસેવકો ધંધા-વ્યવસાય, નોકરી વગેરમાંથી રજા લઈને ૨૦-૩૦ દિવસ સુધી વર્ગમાં જોડાય છે. આ દરમિયાન તેઓ પરિવારથી દૂર પૂર્ણ સમય વર્ગમાં રહે છે, જ્યાં મોબાઈલ પણ સાથે નથી રાખી શકાતો. સવારે ૪.૩૦ વાગ્યે જાગરણથી લઈને રાતે ૧૦.૧૫ સુધી દીપ નિમિલન સુધીના વિવિધ શારીરિક કાર્યક્રમો, બૌદ્ધિક, ચર્ચાસત્ર, સંવાદ, સામુહિક પ્રશિક્ષણ વર્ગમાં તેઓ અનુશાસનબદ્ધ રીતે જોડાય છે.

રાજકોટ મહાનગરના સંઘપ્રેમી નાગરિકો દ્વારા બપોરના ભોજન માટે માધુકરી યોજના થકી રોટલીની વ્યવસ્થા કરવામાં આવી છે.

# આણંદપર બાધી ગામે ચેકડેમનું ખાતમુહૂર્ત કરતા સરપંચ ધનરાજ રાઠોડ

### ખેડૂતોને સિંચાઈ માટે અને પાણીની જાળવણી માટે ઉપયોગી નિવડશે





**અબતક, રાજકોટ**

તાજેતરમાં જિલ્લા પંચાયતના સભ્ય સુમિતાબેન રાજેશભાઈ ચાવડા (રાજાભાઈ) દ્વારા ૧૫માં નાણાં પંચની ગ્રાન્ટમાંથી રાજકોટ જિલ્લા પંચાયત સીટ બેડી-૩ ના આણંદપર બાધી ગામમાં હંસાબેન મોહનભાઈ વાઢેર અને મોહનભાઈ જીવાભાઈ વાઢેરની વાડી સામે ચેકડેમ બનાવવા માટે રૂ. ૩,૦૦,૦૦૦ મંજૂર કરવામાં આવ્યા છે, ત્યારે આ ખાતમુર્હત પ્રસંગે જિલ્લા પંચાયત સભ્ય પ્રતિનિધિ રાજાભાઈ ચાવડા અને ગામના સરપંચ ધનરાજભાઈ રાઠોડ તેમજ અજીતભાઈ વાઢેર, આર.કે. વાઢેર, ગોવિંદભાઈ વાઢેર, સૂર્યદીપ રાઠોડ, જેમલભાઈ વાઢેર, મોહનભાઈ વાઢેર, જયેશભાઈ વાઢેર, જયપાલભાઈ અને અન્ય ગ્રામજનોની ઉપસ્થિત રહ્યા હતા આણંદપર બાધી ગામના ખેડૂતોને સિંચાઈ માટે અને પાણીની જાળવણી માટે ઘણી મદદ મળશે. આણંદપર બાધી ગામના લોકોને પાણીની સમસ્યા હલ કરવામાં મદદ કરશે. આ ચેકડેમથી ખેતી અને પશુપાલન જેવા વ્યવસાયોને પણ ફાયદો થશે.

# જુનાગઢઃ ધો.૧૦માં મેખડી ઘેડ કેન્દ્ર ૯૦.૭૩ ટકા પરિણામ સાથે ‘પ્રથમ’

### એ-વન ગ્રેડ સાથે ૧૦૭૭, એ-ટુ ગ્રેડ સાથે ૨૬૦૭ વિદ્યાર્થીઓ થયા ઉત્તિર્ણ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ જિલ્લાનું ધોરણ ૧૦નું પરિણામ ત્રણ ટકા વધીને આ વખતે ૮૧.૮૦% આવેલ છે. જિલ્લામાં કુલ ૧૯,૨૧૯ ઉમેદવારો પરીક્ષા માટે નોંધાયા હતા. જેમાંથી ૧૮,૬૯૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને ૧૫,૨૯૬ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. જ્યારે ૩,૯૨૩ વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. જિલ્લાનું સૌથી વધુ પરિણામ મેખડી ઘેડ કેન્દ્રનું ૯૦.૭૩% અને સૌથી ઓછું પરિણામ શાપુર સોરઠનું ૬૧.૫૯% આવ્યૂ છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦નું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું .ત્યારે ગ્રેડ એ વન માં ૧૦૭૭, ગ્રેડ એ ટુ માં ૨૬૦૭, ગ્રેડ બી વનમાં ૩૪૩૨, ગ્રેડ બી ટુ માં ૩૭૧૨, ગ્રેડ સી વનમાં ૩૦૦૬, તથા ગ્રુપ સી ટુમા ૧૩૯૯ અને ગ્રુપ ડી માં ૬૩ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા હતા.

જો જિલ્લાના કેન્દ્રના પરિણામ ઉપર નજર નાખીએ તો જુનાગઢ ગિરનારનું ૮૦.૮૩%, જુનાગઢ દાતારનું ૭૯.૬૪%, વિસાવદર નું ૭૮.૪૯%, શાપુર સોરઠનું ૬૧.૫૯%, ભેસાણનું ૮૬.૭૭%, મજેવડીનું ૮૬.૧૧%, જુનાગઢ જોશીપરાનું ૮૭.૦૩%, જુનાગઢ અક્ષરવાડીનું ૮૯.૨૧%, કેશોદનું ૭૯.૪૮%, માણાવદરનું ૮૭.૦૭%, માંગરોળનું ૬૭.૨૩%, માળીયા હાટીના નું ૭૩.૯૨%, મેંદરડા નું ૮૪.૪૩%, ચોરવાડનું ૮૨.૮૩%, દેવરાણાનું ૮૩.૪૨%, ગડુ શેરબાગનું ૭૪.૯૦%, લોએજનું ૮૨.૩૧%, સરાડીયાનું ૮૦.૬૨%, ગરેજનું ૮૬.૦૮%, અમરાપુર ગીરનું ૮૦.૧૮%, ખોરાસા ગીરનું ૯૦.૬૩% અને મેખડી ઘેડનું ૯૦.૭૩% મળી જિલ્લાનું કુલ ૮૧.૮૦% પરિણામ આવ્યું છે.

સ્કૂલ વાઈઝ પરિણામ પર નજર કરીએ તો, જુનાગઢ જિલ્લાની ૩૧ સ્કૂલોનું પરિણામ ૧૦૦%, અને બે સ્કૂલોના ૧૦% થી નીચે જ્યારે ૯ સ્કૂલોમાં ૩૦ ટકા સુધીનું પરિણામ નોંધાયું છે.

# જુનાગઢઃ નોબલ યુનિવર્સિટીના પ્રમુખ નિલેશ ધુલેશિયા યુએસએ યુનિ.માં પી.એચ.ડી. થયાં



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

નોબલ યુનિવર્સિટી અને એકલવ્ય ગ્રુપ ઓફ સ્કૂલ્સ, જુનાગઢ પ્રમુખ નિલેશ જી. ધુલેશીયાને સીડર બુક યુનિવર્સિટી, યુ.એસ.એ. દ્વારા શિક્ષણ શ્રેત્રે ડોકટર ઓફ ફિલોસોફીની માનદ ડોક્ટરેટ ડિગ્રીથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ પુરસ્કાર સમારોહ નવી દિલ્હી ખાતે યોજાયો હતો, જેમાં વિવિધ ક્ષેત્રના ખ્યાતનામ વ્યક્તિ વિશેષઓ ઉપસ્થિત રહ્યા હતા

અત્રે નોંધનીય છે કે, સીડર બુક યુનિવર્સિટી, જે યુનાઈટેડ સ્ટેટ્સમાં ૯૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ સાથેની વૈવિધ્યસભર શૈક્ષણિક સંસ્થાઓમાંની એક છે તથા ૧૮૦ દેશોનાં ૩૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ માટે શિક્ષણ પ્રદાન કરે છે, આ યુનિવર્સિટીએ ધૂલેશીયાને તેમના અદ્વિતીય શૈક્ષણિક નેતૃત્વ, સામાજિક પ્રતિબદ્ધતા અને રાષ્ટ્રીય નિર્માણના ભાવનાત્મક સમર્પણ માટે શિક્ષણ ક્ષેત્રે પી.એચ.ડી. ની માનદ ડોક્ટરેટ ડિગ્રી એનાયત કરેલ છે. આ અંગે ‘અબતક’ સાથેની વાતચીતમાં સિવિલ ઈજનેર તરીકેની લાયકાત ધરાવતા ધુલશીયાએ જણાવ્યું હતું કે તેઓએ પોતાના જીવનના ૩૪ વર્ષથી વધુ સમય શિક્ષણ, સમાજસેવા, આરોગ્ય અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્ર માટે સમર્પિત કર્યા છે. તેમની યાત્રા ગ્રામ્ય ઉત્થાન અને શિક્ષણ સાથે સંકળાયેલી છે, તે નોબલ યુનિવર્સિટી તથા એકલવ્ય ગ્રુપ ઓફ સ્કૂલ્સની સ્થાપનાની પૃષ્ઠભૂમિ બની છે.

# દરિયા કિનારે લોકોને અવર જવર ન કરવા સુચના

### માછીમારોને પણ દરિયો ન ખેડવા તાકીદ કરાય

**અબતક, રાજકોટ**

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી દેશભરમાં દરિયાકિનારે અવર જવર ન કરવા સુચના આપી દેવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે. દરિયા કિનારા વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા વધુ મજબુત બનાવી દેવામાં આવી છે. માછીમારોને પણ બીજી સુચના ન મળે ત્યાં સુધી દરિયો ન ખેડવા પણ સુચના આપી દેવામાં આવી છે. દરિયા પર આંટાફેરા કરતા લોકોને પણ સમજાવી પરત મોકલી દેવામાં આવી છે.

# અમરેલીઃ માછીમારોને સતર્કતા સાથે તકેદારી રાખવા દિશાનિર્દેશ આપતાં પ્રભારી સંદિપ કુમાર

### રાજુલા - જાફરાબાદ દરીયાઇ વિસ્તારમાં સુરક્ષા સંબંધીત સમીક્ષા કરવામાં આવી



**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લા પ્રભારી સચિવ સંદીપ કુમારના અધ્યક્ષ સ્થાને અને જિલ્લા વિકાસ અધિકારી અને કાર્યકારી જિલ્લા કલેકટર પરિમલ પંડ્યાની ઉપસ્થિતિમાં યોજાયેલ એક બેઠકમાં આપવામાં આવેલા દિશા નિર્દેશો અન્વયે રાજુલા - જાફરાબાદના દરિયાઈ તટીય વિસ્તારમાં સુરક્ષા સંબંધિત પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. ઓપરેશન સિંદૂરને પગલે સર્જાયેલી સ્થિતિમાં, દરિયાઈ વિસ્તારોમાં વસતા નાગરિકોને જાગૃત્ત કરવા મુલાકાત બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજુલા - જાફરાબાદ તાલુકા વહીવટી તંત્ર, કોસ્ટ ગાર્ડ, પીપાવાવ પોર્ટ, સ્વાન શીપયાર્ડ, ખાનગી કંપની, ફિશરીઝ ડિપાર્ટમેન્ટ, મરીન પોલીસ, ફરજ પરના અન્ય સ્થાનિક અધિકારીઓ અને બોટ એસોસિએશનના પ્રતિનિધિ ઉપરાંત સ્થાનિક આગેવાનઓની ઉપસ્થિતિમાં યોજાયેલ આ બેઠકમાં, નાગરિકોને અને માછીમારોને જરૂરી તકેદારી રાખવા અનુરોધ કરવામાં આવ્યો. વધુમાં, દરિયાઈ વિસ્તારમાં કોઈ પણ પ્રકારની શંકાસ્પદ પ્રવૃત્તિ ધ્યાને આવે તો તેઓએ રાજુલા જાફરાબાદ વહીવટી તંત્રને તે અંગે તાત્કાલિક જાણ કરવા શું કરવું જોઈએ અને ક્યા વિશેષ પગલાંઓ હાથ ધરવાના રહે તે અંગે તેમને સૂચિત કરવામાં આવ્યા હતા. આ તકે રાજુલા જાફરાબાદ પ્રાંત ડો. મેહુલ બરાસરા, મત્સ્યોદ્યોગ, વહીવટી તંત્ર, ફાયર સહિત વિવિધ કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ સ્થાનિકો જોડાયા હતા...

# જૂનાગઢ મનપાએ બેંક પાસેથી ભાડા તફાવતના પૈસા વસુલવા અનોખો માર્ગ અપનાવ્યો

### બેંક ઓફ બરોડા પાસેથી ભાડા તફાવતના રૂ.૨.૩૯ કરોડ વસુલવા ઢોલ નગારા વગાડી બેનરો પ્રદર્શિત કર્યા



**અબતક દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢમાં બેન્ક ઓફ બરોડા પાસે ભાડા તફાવતના રૂ. ૨.૩૯ કરોડ વસુલવા જૂનાગઢ મનપા એ બેંકના પ્રિમાઈસિસમાં જઈ ઢોલ, નગારા વગાડી બેનર પ્રદર્શિત કરતા લોકોમાં કુતૂહલ વ્યાપ્યું હતું.

જુનાગઢ મહાનગરપાલિકાની આઝાદ ચોકમાં આવેલ અગાસી ઉપર બેન્ક ઓફ બરોડા ભાડેથી બેસતી હતી અને સ્થાયી સમિતિના ઠરાવવા મુજબ બેન્ક દ્વારા કરાર રીન્યુ કરવામાં આવ્યો ન હતો અને ભાડા તફાવતની રકમની સાથે તેના પરનું વ્યાજ તથા સરકારનો જીએસટી મળી કુલ રૂ. ૨,૩૯,૨૦,૬૪૧ બેંકે મહાનગરપાલિકાને ભરપાઈ કર્યા ના હતા. જે અંગે મનપા એ બેંક સામે કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. જેમાં કોર્ટે ચુકાદો આપ્યો હતો કે, બેંક એ પબ્લિકની સગવડતા માટેની હોય, જેથી સીલ ન કરવા અને અન્ય રીતે બાકી ભાડાની રકમવસુલી, જે અનુસંધાને મનપા કમિશનર ડો. ઓમપ્રકાશની સૂચનાથી મનપા આસી. કમિશનર ટેક્સ કે જે ટોલિયાના માર્ગદર્શન નીચે ટેક્સ સુપ્રિટેન્ડેન્ટ મનોજ રૂપાપરાની ટીમ દ્વાર બેન્ક ઓફ બરોડાની પ્રીમાઈસીસમાં જઈ ઢોલ નગારા બગાડી, બેનર પ્રદર્શિત કરી, બાકી ભાડાની રકમ વસૂલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

(પહેલા પાનાનું ચાલું)

## સુદર્શન ચક્ર...

સુરક્ષા દળોએ પાકિસ્તાનના પ્રયાસ નિષ્ફળ બનાવ્યા હતા. ભારતીય સેનાએ સરહદી વિસ્તારમાં આવતા અનેક ડ્રોન તોડી પાડ્યા હતા. આ ડ્રોન હુમલો સરહદના સંવેદનશીલ વિસ્તારોને નિશાન બનાવતા કરાયા હતા.

ભારતીય સેનાએ આ વિશે વીડિયો શેર કરી માહિતી આપતા લખ્યું કે, ’પાકિસ્તાની સશસ્ત્ર દળોએ ૮ અને ૯ મે ૨૦૨૫ની મધ્ય રાત્રે સમગ્ર પશ્ચિમી સરહદે ડ્રોન અને અન્ય હથિયારોના ઉપયોગથી હુમલા કર્યા. પાકિસ્તાની સૈનિકોએ જમ્મુ-કાશ્મીરમાં નિયંત્રણ રેખા પર અનેક વાર સીઝફાયર (સંઘર્ષ વિરામ)નું ઉલ્લંઘન પણ કર્યું. જોકે તેના ડ્રોન હુમલાઓને અસરકારક રીતે નિષ્ફળ બનાવવામાં આવ્યા હતા અને સીએફવીને જડબાતોડ જવાબ આપવામાં આવ્યો છે. ભારતીય સેના રાષ્ટ્રની સંપ્રભૂતા અને ક્ષેત્રીય અખંડિતાની રક્ષા માટે પ્રતિબદ્ધ છે અને તમામ નાપાક ષડયંત્રોનો જડબાતોડ જવાબ આપવામાં આવશે.’

પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે ઘર્ષણ વધ્યું છે, ત્યારે પાકિસ્તાને ગુરુવારે (૮ મે, ૨૦૨૫) જમ્મુ, પઠાણકોટ અને ઉધમપુરમાં સેના સ્ટેશનો પર મિસાઈલ-ડ્રોન વડે હુમલો કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. જેમાં ભારતીય એર ડિફેન્સ સિસ્ટમ દ્વારા તમામ પાકિસ્તાની મિસાઈલ અને ડ્રોનને આકાશ પર જ તોડી પાડવામાં આવ્યા હતા. જો કે આ હુમલામાં કોઈ પણ પ્રકારે ભારતને નુકસાન ન થયું હોવાનું સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું. ભારત પોતાની સાર્વભૌમતૂની રક્ષા કરવા અને લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે તેવું જણાવવામાં આવ્યું હતું.

## દુઃખદ અવસાન

**સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

**રાજકોટઃ** માખીયાળા વાળા હાલ રાજકોટ સ્વ. ચંપકલાલ દુર્લભજી ધોળકીયા (ઉ.વ.૮૨) તે દમયંતિબેનના પતિ, મનિષભાઈ, ચેતનભાઈ, વર્ષાબેન પ્રકાશભાઈ મહેતા (જુનાગઢ)ના પિતા, ભાણવડવાળા હેમતલાલ ડાયાભાઈ મહેતાના જમાઈનું તા. ૮ ના રોજ અવસાન થયેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ઉપલેટા: મામલતદાર દ્વારા ખનીજ ચોરો ઉપર સર્જિકલ સ્ટ્રાઈક

## ઉપલેટા અને પાટણવાવ પોલીસને ૫૬ ટન રેતી, ૪ ટ્રક મળી રૂ.૪૪.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**અબતક**
**કીરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા પંથકમાં ખનીજ ચોરો કાંઈપણ પ્રકારની તકનો લાભ લઈ બીન કાયદે રીતે સાદી રેતીની હેરાફેરી કરી રહ્યા છે. તેની બાતમને આધારે લાઠ, ભિમોરા, દાડફોડી વિસ્તારમાં સર્જીકલ સ્ટ્રાઈક કરી ૪ ટ્રક સાથે ૪૪.૮૦ લાખનો મુદામાલ સીઝ કરી ઉપલેટા પાટણવાવ પોલીસને સોંપી આપ્યો હતો.


તસ્વીર: શહેઝાદ બાદશાહ

શહેરમાં છેલ્લા પાંચ દિવસ થયા શહેરમાં મારામારીની ઘટનામાં શાંતિ ડહોરાતા વહીવટી તંત્ર તેમાં કામે લાગ્યું હતું. આવી તકનો લાભ લઈ ગેરકાયદે રીતે રેતી વહન કરતા ખનીજચોરો બે ફાર્મ બન્યા હતા. મામલતદાર નિખિલ મહેતાને મળેલી બાતમીને આધારે પાટણવાવના સમઢીયાળા ગામ પાસે એક ટ્રકને રોકી તપાસ કરતાં તેમાં ૧૫ ટન રેતી પાસ પરમીટ વગર ભરનારા ટ્રક મળી કુલ ૯ લાખ ૭૫ હજારનો મુદામાલ ઝડપી લીધો હતો. જયારે બીજા બનાવમાં સમઢીયાળા ભિમોરો રોડ ઉપર તલંગણા ગામ પાસેથી રોયલ્ટી વગર ટ્રક નીકળતા તેને અટકાવી તપાસ કરતા તેમાં ૧૫ ટન રી અને ટ્રક મળી કુલ ૧૩ લાખ ૭૫ હજારનો મુદામાલ ઝડપી લીધો હતો. જયારે ત્રીજા બનાવમાં તેજ સ્થળેથી પસાર થતાં રોયલ્ટી વગરના ટ્રકમાં ૧૩ ટન રેતી, ટ્રક મળી કુલ ૧૧ લાખ ૬૫ હજારનો મુદામાલ ઝડપી પાટણવાવ પોલીસને ૩ ટ્રક મળી ૪૩ ટન રેતી સોપી આપ્યા હતા. ચોથા બનાવમાં હાડફોળી ગામ પાસે ભાદરના પુલ પાસે એક ટ્રક અટકાવી તપાસ કરતા તેમાં રોયલ્ટી નહિ હોવાનું જણાતા સાદી રેતી ૧૩ ટન ૧ ટ્રક મળી કુલ ૯ લાખ ૭૫ હજારના મુદામાલ ઉપલેટા પોલીસને સોંપી આપ્યો હતો.

મામલતદાર નિખિલ મહેતાએ ગેરકાયદેસર રેતીનું વહન કરતા ખનીજ ચોરો ઉપર સર્જીકલ સ્ટ્રાઈક કરતા ચાર ટક અને ૫૬ ટન સાદી મળી કુલ રૂ. ૪૪ લાખ ૮૦ હજારનો મુદામાલ ઝડપી લેતા ગેરકાયદેસર પાસ પરમીટ વગર રેતીનું વહન કરતા શખ્સોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો.

# જૂનાગઢ: કેનેરા બેન્ક સાથે કારખાનેદારે રૂ.૧.૭૫ કરોડની કરી ઠગાઈ

## પ્લાસ્ટિક પેકેજીંગ કારખાનામાં મશીનરી લગાવ્યા લોન લઈ છેતરપીંડી કરી

**અબતક**
**દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢમાં પ્લાસ્ટિક પેકેજીંગ કારખાનામાં મશીનરી લગાવવા રૂ .૧૭૫ કરોડની લોન મેળવી પાંચ શખ્સોએ બેન્ક સાથે વિશ્વાસઘાત, છેતરપિંડી કર્યા હોવાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

જુનાગઢના ટાઈટન એક્ઝિમ પેઢીના ભાગીદારો રોનક દિલીપ શેખડા, કાજલ પ્રફુલ શેખડા તેમજ નોબલ એજ ઈન્ડસ્ટ્રીઝના પ્રોપાઈટર મહંમદ રિયાઝ દોસ્તમહમદ ખીરા, રીલાઈક ઈન્ડસ્ટ્રીઝ ના પ્રોપાટર યાસીન સામે જૂનાગઢની ઝાંઝરડા રોડ ઉપર આવેલ કેનેરા બેન્કના મેનેજર દીવાકર નંદુલાલ કોઠારીએ બી ડિવિઝન પોલીસમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, ટાઈટન એકઝીમ પેઢીના ભાગીદારોએ પ્લાસ્ટિક પેકેજીંગ કારખાનામાં મશીનરી લગાવવા રૂ. ૧.૭૫ કરોડની કેનેરા બેન્કમાંથી લોન મેળવી હતી જે લોન પૈકી નોબલ એજ ઈન્ડસ્ટ્રીઝના ખાતામાં રૂ. ૧,૩૭,૮૩,૦૦૦ તેમજ રીલાયક એન્જિનિયરિંગ રાજકોટના ખાતામાં રૂ. ૩૭,૧૭,૦૦૦ જમા કરાવ્યા હતા. પરંતુ બંને પેઢી એ કોટેશન મુજબ મશીનો સપ્લાય કરેલ નહીં અને બેંકના રૂપિયા મેળવી બેંકની જાણ બહાર મોર્ગેજ કરાવેલ જમીનના દસ્તાવેજમાં પણ જણાવેલ રકમના ચેક રિટર્ન થયા હતા. આમ આરોપીઓએ રકમની અંદરો અંદર આપ લે કરી બેન્ક સાથે ઠગાઈ કરેલ છે.

# કચ્છ: પાકિસ્તાન સરહદ પાસે શંકાસ્પદ વિસ્ફોટ

## શંકાસ્પદ ઊડતી વસ્તુ હાઈ ટેન્શન પાવરલાઈન સાથે અથડાતાં ધડાકો: તપાસનો ધમધમાટ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ભારત-પાકિસ્તન વચ્ચે ગંભીર તનાવની પરિસ્થિતિ વચ્ચે દેશભરમાં હાઈએલર્ટ છે તેવા સમયે ગત વહેલી સવારે કચ્છમાં પાક. બોર્ડર નજીક ભેદી વિસ્ફોટ થતા સુરક્ષા એજન્સીઓ ચોંકી ઉઠી હતી અને તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો. ભારતના ઓપરેશન સિંદુર પછી તમામ સરહદે સતર્કતા વધારી છે. ત્યારે બીજી તરફ ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે કચ્છ સરહદે શંકાસ્પદ ડ્રોન હાઈ ટેન્શન પાવર લાઈન સાથે અથડાયું હતું. હાઈટેન્શન લાઈન સાથે ડ્રોનની ટક્કર થતાં મોટો વિસ્ફોટ થયો હતો. આ ઘટના કચ્છના ખાવડા સરહદી વિસ્તારમાં થઈ હતી.પ્રાથમિક માહિતી પ્રમાણે કચ્છના ખાવડા સ્થિત પાકિસ્તાન સાથેના સરહદી વિસ્તારમાં ગત સવારે ૬ વાગ્યે વિસ્ફોટ થયો હતો. સમગ્ર મામલે પોલીસ અને વાયુસેના તપાસ કરી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ડ્રોનના કાટમાળમાંથી અમેરિકન, જાપાન અને ફ્રેન્ચ ટેક્નોલોજી દ્વારા ઉત્પાદિત ગંભીર



ચાવીરૂપ ભાગો મળી આવ્યા છે અને તેનો ઉપયોગ તુર્કી યુએવી દ્વારા કરવામાં આવ્યો છે. આથી તે તુર્કી પાસેથી મળેલું ડ્રોન/યુએવી હોઈ શકે છે જેનો ઉપયોગ પાકિસ્તાન કરે છે.. જોકે આ ડ્રોન સરહદ પારથી આવ્યું છે કે નહીં તેની પુષ્ટી થઈ નથી, સમગ્ર મામલે સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ છે અને તપાસ હાથ ધરી છે.

# સુરેન્દ્રનગર: વાહન ચાલકોને લૂંટતી ગેંગ પકડાઈ

## વાહનોના કાચ તોડી નુકશાન પહોંચાડી રોફ જમાવી લૂંટ ચલાવતા પાંચ પકડાયા

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં મારામારી અને લુંટ સહિતના બનાવો વધી રહ્યાં છે ત્યારે થોડા દિવસો પહેલા રાજકોટ બાયપાસ રોડ પર ચાર થી પાંચ શખ્સો દ્વારા લોખંડના પાઈપ, છરી, પથ્થરો સહિતના હથિયારો વડે એક બાઈક ચાલકને મારમારી રોકડ રકમની લુંટ ચલાવી હતી તેમજ અન્ય વાહનોના કાચ તોડી તેમની પાસેથી પણ રૂપિયા માંગ્યા હતા જે મામલે વઢવાણ પોલીસ મથકે પાંચ શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથધરી લુંટ ચલાવનાર તમામ પાંચ શખ્સોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ રાજકોટ બાયપાસ રોડ પર રહેતા ઉમેશભાઈ વજુભાઈ ઉલવા બાઈક પર જઈ રહ્યાં હતાંતે દરમ્યાન થોડા દિવસો પહેલા દેવ પાર્ટી પ્લોટ પાસે પાંચ જેટલા શખ્સોએ રોકી લોખંડના પાઈપ, છરી, ચામડાનો પટ્ટો,



પથ્થરો બતાવ્યા હતા અને ઉમેશભાઈને પકડી રાખી ખીસ્સામાંથી રોકડ રૂા.૫,૦૦૦ની લુંટ ચલાવી હતી તેમજ રસ્તા પરથી પસાર થતા અન્ય વાહન ચાલકોને પણ ઉભા રાખી વાહનોના કાચ તોડી નુકશાન પહોંચાડયું હતું અને લુંટનો પ્રયાસ કર્યો હતો જે અંગે વઢવાણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી જેના આધારે પોલીસે વધુ તપાસ હાથધરી લુંટ તેમજ માર મારનાર પાંચ શખ્સો કૌશીક વિઠલભાઈ સોલંકી યશ હિંમતભાઈ ઉર્ફે પપ્પુભાઈ સોલંકી બનેરહે.લીમલી આનંદભાઈ ઉર્ફે આનંદો ઉર્ફે તરૂણ રમેશભાઈ મકવાણા રહે. જોરાવરનગર વરૂણ ઉર્ફે અનસુ વિજયભાઈ ચૌહાણ, રહે.ગણપતિ ફાટસર અને જીગ્નેશ ઉર્ફે જેકી હસમુખભાઈ પારઘી, રહે. રતનપરવાળાને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આદીપુર: ચોરાઉ મુદામાલ સાથે બેલડી ઝડપાઈ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

આદિપુર પોલીસ સ્ટેશનનો પોલીસ સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા ત્યારે શર્મા રીશોર્ટ પાસે રોડ પરથી એક બોલેરો પીકપ ગાડીમા બે ઈશમો ચોરી કે છળકપટથી મેળવેલ રેડીએટર તથા એલ્યુમિનિયમના પતરા લઈને નિકળવાની બાતમીના આધારે બોલરો ગાડીની તપાસ કરતા ગાડીમા મળી આવેલ બે ઈસમો હરેશ મેહુરભાઈ ટોળીયા અને શૈલેષ વલમજી ચાંપાણીની ઝડતી તપાસ કરતા તેમના કબ્જામાથી રેડીએટર તથા





એલ્યુમિનિયમના પતરા મળી આવ્યા હતા. પોલીસે રેડિએટર, એલ્યુમિનિયમના પતરા અને બોલેરો પીકઅપ વાહન સહિત ૯,૯૦,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી બંને આરોપીઓ વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરી છે.આ કામગીરી આદિપુર પીઆઈ એમસી વાળા અને પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

# વઢવાણ નજીક ટ્રકની અડફેટે બાઈક ચાલકનું મોત

**અબતક**
**ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં વઢવાણ-લીંબડી રોડ પર રાઈ ગામના પાટીયા પાસે ટ્રક ચાલકે ટુવ્હીલરને અડફેટે લઈ ગંભીર ઈજાઓ પહોંચતા મોત નીપજ્યું હતુ જે અંગે ભોગ બનનારની પત્નિએ ટ્રક ચાલક સામે વઢવાણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ લીંબડી શહેરી વિસ્તારમાં રહેતા ફરિયાદી કુમુદીનીબેન શીણજાના પતિ મહેન્દ્રકુમાર શીણજા ગત તા. ૨૯ એપ્રિલના રોજ ટુવ્હીલર લઈ દાતનું ચોકઠું ફીટ કરાવવા માટે આવ્યા હતા અને સાંજે પરત લીંબડી જઈ રહ્યાં હતાં તે દરમ્યાન વઢવાણ-લીંબડી રોડ પર રાઈ ગામના પાટીયા પાસે ટ્રકના ચાલકે ટ્રક પુરઝડપે ચલાવી ફરિયાદીના પતિના ટુ વ્હીલર સાથે પાછળથી અથડાવી અકસ્માત સર્જયો હતો જેમાં પતિને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે પ્રથમ સુરેન્દ્રનગર અને વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર કારગત ન નીવડતા ફરિયાદીના પતિનું મોત નીપજ્યું હતું જે અંગે ફરિયાદીએ વઢવાણ પોલીસ મથકે ટ્રક ચાલક સામે ફરિયાદી નોંધાવી છે.

# ભચાઉ: તોરણીયા ગામેથી ગાંજાનું વાવેતર ઝડપાયું

## લીલો ૪૦ કિલો અને સુકો ૨ કિલો મળી રૂ.૪.૨૨ લાખનો મુદામાલ કબ્જે

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારએ આપેલ સુચન અન્વયે ભચાઉ નાયબ પોલીસ અધિક્ષક સાગર સાંબડાના માર્ગદર્શન હેઠળ સામખીયારી પીઆઈ વી.કે.ગઢવીએ કોલીવાસ, તોરણીયા તા.ભચાઉ ખાતે તા.૦૭/૦૫/૨૦૨૫ ના રોજ આરોપી રણછોડ મોતીભાઈ કોલીના કબ્જાના રહેણાંક મકાનમાંથી ભીનો સુકો ગાંજો ૨.૧૧૦ કિલોગ્રામ તથા ફળીયામાં વાવેતર કરેલ લીલા ગાંજાના ૧૦૦ છોડ જેનુ વજન-૪૦ કિલો પકડી પાડી એન.ડી.પી.એસ.કલમો તળે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસે આરોપી પાસેથી સુકો ગાંજો, ગાંજાના છોડ અને મોબાઈલ સહિત કુલ ૪,૨૨,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.આ કામગીરી પોલીસ



ઈન્સપેકટર વી.કે.ગઢવી, પો.સબ ઈન્સ. સી.એસ.ગઢવી તથા સામખીયારી પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

# રીબડાનાં અમીત ખુંટ આપઘાત પ્રકરણમાં બન્ને એડવોકેટ જેલ હવાલે

**અબતક,જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ચકચારી બનેલા રીબડાના અમિત દામજીભાઈ ખુંટ નાં આપઘાત પ્રકરણ માં એડવોકેટ દિનેશ પાતર તથા સંજય પંડીત ની પોલીસે ધરપકડ કર્યા બાદ અત્રેની એડી.ચિફ જ્યુડી.મેજિસ્ટ્રેટ ની કોર્ટ માં ૧૨ દિવસ નાં રિમાન્ડ ની માંગ સાથે રજુ કરાતા કોર્ટે રીમાંન્ડ નામંજુર કરતા જેલ હવાલે કરાયા હતા. કોર્ટ માં આરોપી સંજય પંડીત ખુદ વકીલ હોય તેણે દલીલ કરી જણાવ્યું કે સુસાઈડનોટ માં અમારા નામનો ઉલ્લેખ નથી.ફરિયાદ થયા બાદ બન્ને યુવતીઓ એ વકીલ તરીકે અમારો સંપર્ક કરેલ હતો.અમે માર્ગદર્શન અને સલાહ આપી હતી.તપાસ એજન્સી એ અમને સાહેદ બનાવવાનાં બદલે આરોપી બનાવી દિધાછે.અમે અવારનવાર ગોંડલ નાં બાહુબલી જયરાજસિહ સામેનાં કેસમાં તેમના વિરુદ્ધ વકીલ તરીકે રહેતા હોય અમને આ કેસમાં ખોટી રીતે ફીટ કરી દેવાયા છે.સંજય પંડીત તથા દિનેશ પાતરે કોર્ટ માં રહીમ મકરાણીને અમે જાણતા નથી તેવી લેખીત જાણ કરી હતી. વધુમાં કોર્ટ માં અમે મોબાઈલ આપી દઈશુ તેવુ કહી કોલ ડીટેઈલ માટે રીમાંન્ડ ની જરુર નથી તેવી દલીલ કરી હતી.આરોપી સંજય પંડીતે કોર્ટ માં જજ સમક્ષ પોલીસ વિરુદ્ધ ફરિયાદ કરી જણાવ્યુ કે પોલીસે ધરપકડ નો ખોટો સમય દર્શાવી ગેરકાયદેસર રીતે કાયદાની પ્રક્રિયા અનુસર્યા વગર ધરપકડ કરીછે.એડી.ચિફ જ્યુડી.મેજિસ્ટ્રેટ મેહુલ પરમારે દલીલો બાદ રીમાંન્ડ નામંજુર કરતા બન્ને આરોપીઓ ને જેલ હવાલે કરાયા હતા.

## મીડિયા સાથે જોડાયેલી વ્યક્તિનું નામ સપાટી પર

### તપાસના તાર જુનાગઢ સુધી લંબાયા, વધુ બે થી ત્રણ લોકોની સંડોવણી હોવાની આશંકા: અનેક ને રેલો આવવાની સંભાવના

સૌરાષ્ટ્રના ચકચારી અમિત ખુટને આપઘાતની ફરજ પાડવામાં મોડેલ યુવતી અનિરુદ્ધસિંહ અને રાજદીપસિંહ જાડેજા સામે નોંધાવી ફરિયાદ બાદ મોડેલ અને યુવતીની અટકાયત કરી તેની પૂછપરછમાં વટાણા વેરી જતા જેના પગલે વકીલ સંજય પંડિત અને દિનેશ પાતરની ધરપકડ કરી હતી. પોલીસ હરીમાનમાં રહેલી યુવતીએ એક્સ નામની વ્યક્તિને શોધવા ધમધમાટ વચ્ચે રાજકોટના મીડિયા સાથે જોડાયેલા વ્યક્તિનું નામ સપાટી પર આવતા ચકચાર મચી જવા પામે છે. આ ઉપરાંત તપાસના તાર જુનાગઢ સુધી લંબાવ્યા છે અને અમિત ખોટ આપઘાત પ્રકરણમાં વધુ બે થી ત્રણ લોકોની સંડોવણી હોવાનું બહાર આવતા પોલીસ દ્વારા વિવિધ દિશામાં તપાસનો ધમધમાટ આદર્યો છે. આ મામલે આગામી દિવસોમાં મોટા થાય તો નવાઈ નહીં તેવી ચર્ચા એ ચોર પકડ્યું છે

# વઢવાણ: યુવક પર હુમલો

## યુવતીઓને મોબાઈલમાં મેસેજ કરવા બાબતે એક શખ્સે મારમાર્યો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં મારામારીના બનાવો વધી રહ્યાં છે ત્યારે બાઈક પર જઈ રહેલ એક યુવકને મોબાઈલમાં યુવતીઓને મેસેજ કરવા બાબતે એક શખ્સે ધારીયાવડે મારમારી ઈજાઓ પહોંચાડી હતી જે અંગે ભોગ બનનારે જોરાવરનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ વઢવાણના રામપરા ગામે રહેતો યુવક પરવેજ અહેમદભાઈ મુલતાની બાઈક લઈને રામપરાથી સુરેન્દ્રનગર જઈ રહ્યો હતો તે દરમ્યાન ગામમાં જ રહેતા શખ્સ ધર્મેશ ઉર્ફે ધમો રણછોડભાઈ મોરીએ રામપરા-ખોલડીયાદ વચ્ચે યુવકને ઉભો રાખી યુવતીઓને મોબાઈલમાંથી કેમ મેસેજ કરેશ તેમ જણાવી બોલાચાલી કરી હતી અને ધારીયા વડે મારમારી પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી જે અંગે ભોગ બનનારે જોરાવરનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સાર્વભૌમત્વ ખંડીત થાય તેવી પોસ્ટ વાયરલ કરનાર વિસાવદરના એનિમલ ડોકટર સામે ફરીયાદ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

વિસાવદર પંથકના એક એનિમલ ડોકટર એ આતંકવાદીઓ દ્વારા થયેલ હુમલાની સ્થિતિને દયાને લીધા સિવાય સામાન્ય પ્રજામા ભય ફેલાઈ અને હાલની યુદ્ધ જેવી સ્થિતિમા ભારતનુ સાર્વભૌમતૃ ખંડીત થાય તેવા ઈરાદે સોશિયલ મીડિયામાં પોસ્ટ વાયરલ કરતા પોલીસે આ અંગે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

ફેસબુકમાં Vallabhabhai Kunjadiya નામનુ એકાઉન્ટ ધરાવતા વિસાવદર તાલુકાના મોણીયા ગામે રહેતા એનીમલ ડોકટર વલ્લભભાઈ રામજીભાઈ કુંજડીયા એ સોશીયલ મીડીયામા પોતાના ફેસબુક એકાઉન્ટ દ્વારા આતંકવાદીઓ દ્વારા થયેલ હુમલાની સ્થિતિને દયાને લીધા સિવાય સામાન્ય પ્રજામા ભય ફેલાઈ અને હાલની યુદ્ધ જેવી સ્થિતિમા ભારતનુ સાર્વભૌમતૃ ખંડીત થાય તેવા ઈરાદે આતંકવાદી હુમલાઓ બંધ કરાવવા અંધ ભક્તો વગાડો થાળી અને પાડો તાળી. એક રહોગે તો નેક રહોગે. બટોગે તો કટોગે ના સ્લોગન આપી પાકિસ્તાનને ભડકાવો, રંગા બિલ્લાનું સુત્ર છે. લખાણ વાળી પોસ્ટ કરી ગુન્હો આચરતા પોલીસે વલ્લભભાઈ કુંજડીયા સામે ગુન્હો નોંધ્યો છે, જેની તપાસ વિસાવદર પી.એસ.આઈ. આર.ડી.રોહીત ચલાવી રહ્યા છે.

# રાજકોટ જિલ્લામાં બે સ્થળે જુગારના દરોડા: ત્રણ ઝડપાયા

**અબતક, રાજકોટ:** રાજકોટ જિલ્લામાં દારૂ અને જુગારની બદી સંપૂર્ણપણે નાબૂદ કરવાં રાજકોટ જિલ્લા અધિક્ષક હીમકર સિંહે આપેલી સૂચનાના પગલે ધોરાજી પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી દરમિયાન બાતમી મળી હતી કે,ધોરાજીની મેઈન બજારમાં આવેલી બ્રાહ્મણ શેરી નજીક બોમ્બે ફૂટવેર પાસે જાહેરમાં જુગાર રમાઈ રહ્યો છે.જેથી ધોરાજી પોલીસની ટીમ મેઈન બજારમાં પહોંચી, નોટ નંબરીનો જુગાર રમતા મોહસીન શબીરભાઈ હસનફટ્ટા અને વકારશા નામના શખ્સોને ,રૂ ૪.૫૦૦ની રોકડ સાથે ઝડપી લીધા છે. જ્યારે રાજકોટ ગ્રામ્ય એલ સી બીની ટીમ બાતમી પરથી ઉપલેટામાં આવેલા ભાદર રોડ પર કુતું બખાના પાસે જાહેરમાં વરલીના આંકડા પર જુગર રમતો ઈબ્રાહીમ રહેમાનભાઈ માંડલિયા નામના શખ્સને હેડ કોન્સ્ટેબલ અરવિંદસિંહ જાડેજા સહિતના સ્ટાફે ઝડપી લઈ એક હજારની રોકડ કબ્જે કરી છે.

# સુત્રાપાડા: ગેરકાયદે ખનન અને વહન કરતા સામે કાર્યવાહીની માંગ

## નગરપાલિકાના પ્રમુખ મનહરભાઈએ ખાણ-ખનીજ અને આર.ટી.ઓ. તંત્રને લખ્યો પત્ર

**અબતક, રામસિંગ મોરી, સુત્રાપાડા**

સુત્રાપાડા ખાતે જેટીના બાંધકામ માટે ખનીજ મટીરીયલની જરુરીયાત આવશ્યક છે પરંતુ ગેરકાયદે ખનીજ ચોરી અન ઓવર લોડીંગનું વહન કરતા સામે ખાન ખનીજ વિભાગ અને આર.ટી.ઓ. દ્વારા કાર્યવાહીની સુત્રાપાડા નગર પાલિકાના પ્રમુખે પત્ર લખી માંગ કરી છે.વધુ વિગત મુજબ સુત્રાપાડા નગરપાલિકાના પ્રમુખ મનહરભાઈ બારડે ખાન - ખનીજ અને આર.ટી.ઓ. કચેરીને પત્ર લખી ખનીજ વહન અને ઓવર લોડીંગ અને બીન સલામત વાહન ચલાવતા સામે કાયદેસરની કાર્યવાહીની માંગ કરી છે. જેટીનું બાંધકામ કામ કરતી એજન્સી દ્વારા ખનીજ મટીરીયલના વાહનો નિયમ વિરુધ્ધ વહન કરી ગેરકાયદે ખનન પ્રવૃતિ નગર પાલિકાની હદમાં થતી હોવાથી અટકાવવા માટે માંગ કરવામાં આવી છે.

# ધોરાજી: યુનિક સ્કુલના ભાગીદારો સામે લેન્ડ ગ્રેબીંગ હેઠળ કલેક્ટરને ફરિયાદ

## ખેડુત પાસેથી ખરીદ કરેલી જમીન પૈકીની જમીન પર કબ્જો કરતા તપાસના આદેશ

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજીના ઉપલેટા રોડ ઉપર આવેલ યુનિક સ્કુલના ભાગીદારો સામે લેન્ડ ગ્રેબિંગ અંગેની ફરીયાદ જમીનના મૂળ માલિક અશોકભાઈ રણછોડભાઈ બાબરીયાએ દાખલ કરતા તપાસનો ધમ ધમાટ શરૂ થતા દબાણકારોમાં ખળભળાટ મચી ગયો છે.

ધોરાજીના સર્વે નં.૫૮૨ પૈકીની હે.૦૦-૧૪-૧૬ જમીન સંબંધે ખોટી રીતે કેનાલ કપાત અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ પર થયેલ અને તે જમીન ફરીયાદી અશોકભાઈ રણછોડભાઈ બાબરીયાની મૂળ જમીન માંથી બાદ થઈ ગયેલી રણછોડભાઈ બાબરીયાએ પોતાની બાકી જમીન ધોરાજી યુનિક સ્કુલના ભાગીદારો વિજયકુમાર જમનાદાસ અઘેરા, નવીનચંદ્ર પરશોતમભાઈ માકડીયા, છગનભાઈ વલ્લભભાઈ વઘાસીયાના પત્ની કુંદનબેન રામાણી તથા દેવાંગભાઈ ભગીરથભાઈ વ્યાસના પત્ની રેખાબેન અભંગીને વેચાણ આપેલી અને તે વખતે કરાર કરેલો કે કેનાલ કપાત થયેલ જમીન જ્યારે કેનાલમાંથી બાદ થઈ જશે ત્યારે તેની અલગથી વેચાણ કિંમત ચૂકવી આપશું આવો કરાર કરેલો અને રણછોડભાઈ બાબરીયાએ કેનાલ કપાત થયેલ જમીન જે ખરેખર સરકાર દ્વારા સંપાદન થયેલ ન હતી અને કેનાલ ખાતાએ પણ લખી આપેલી કે અમારી કોઈ કેનાલ રણછોડભાઈની જમીન માંથી નીકળતી નથી કે અમે એવી કોઈ જમીન સંપાદન કરેલ નથી આવો દાખલો આપેલ. જેથી અશોકભાઈના પિતા રણછોડભાઈ બાબરીયાએ ડેપ્યુટી કલેકટર ધોરાજી સમક્ષ અપીલ દાખલ કરેલી સદરહુ કેસમાં હુકમ માપણીશીટ તથા હિસ્સા ફોર્મ નં.૪ મુજબ ફરીયાદીની હે,૦૦-૧૪-૧૬ જમીન ઉપરોકત ચારેય ઈશમોના કબજામાં હોવાનું સાબિત થયેલી નોટીશો આપવા છતાં ઈરાદા પૂર્વક માપણી માટે હાજર રહેતા ન હોય જમીનનો કબ્જો વગર હક્ક અધિકારે ઉપર જણાવ્યા ચારેય ઈશમોએ કરી લીધેલ હોય જેથી અશોકભાઈ બાબરીયાએ ગત તા.૧૦-૦૪-૨૦૨૫ ના રોજ કલેકટર રાજકોટ સમક્ષ ઉપરોક્ત ચારેય ઈશમો વિરુદ્ધ લેન્ડ ગ્રેબીંગની ફરીયાદ દાખલ કરતા તપાસનો ધમધમાટ શરૂ થઈ ગયેલ છે.

આ કેસમાં ફરીયાદી અશોકભાઈ રણછોડભાઈ બાબરીયા વતી ધોરાજીના એડવોકેટ ચંદુલાલ એસ. પટેલ રોકાયેલા છે.

# જૂનાગઢ: અગ્નિકાંડમાં જેસીબીના ડ્રાઈવર ત્રણ દિવસના રિમાન્ડ પર

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ વાસીઓના હૈયા હચમચારીના નાખનારા ઝાંઝરડા ચોકડી નજીકના અગ્નિકાંડમાં પોલીસે જેસીબી ના ડ્રાઈવર સામે થયેલ પોલીસ ફરિયાદ અનુસંધાને જેસીબીના ડ્રાઈવરની ધરપકડ કરી, કોર્ટમાં રજૂ કરી, ત્રણ દિવસના રિમાન્ડ મેળવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. જૂનાગઢમાં અગ્નિ કાંડમાં માતા પુત્રી સહિત ત્રણ નિર્દોષ માનવ જિંદગી હોમાઈ જવાના અને અનેક લોકો દાઝી જવાની સાથે આઠ જેટલા વાહનો તેમજ આઠ સાત જેટલી દુકાનો અને લારી ગલ્લા સળગી ગયાના બનાવવામાં પોતાની પત્ની અને બાળકીને આગમાં ગુમાવનાર શૈલેષભાઈ સોલંકીની ફરિયાદ પરથી જૂનાગઢ પોલીસે જેસીબીના ડ્રાઈવર રાજેશ જયમંગલરાજ યાદવ (બિહાર)ની ધરપકડ કરી છે અને બી ડિવિઝન પીઆઈ. એ.બી. ગોહિલ દ્વારા આરોપીને કોર્ટમાં રજૂ કરી ત્રણ દિવસના રિમાન્ડની માંગ કરતા કોર્ટે આરોપીના ત્રણ દિવસોના રિમાન્ડ મંજૂર કર્યા છે. જેસીબી ના ડ્રાઈવર જ જવાબદાર છે ? જેસીબી દ્વારા જ્યારે ખોદકામ થયું હતું ત્યારે કોઈ અધિકારીની સુચના તો આપવામાં આવી હશે ? તો આવા અધિકારી કે કોન્ટ્રાક્ટરના કેમ કોઈ નામ જાહેર કરાતાં નથી ? આ સાથે ટોરેન્ટોગેસન પાઈપલાઈન જ્યાંથી પસાર થતી હતી અને બોર્ડ પણ મારવામાં આવ્યા હતા છતાં પણ કોઈ અધિકારી કે સુપરવાઈઝર અથવા કોન્ટ્રાક્ટર હાજર કેમ ન હતા ? અને જો હોય તો આવી દુર્ઘટના કેમ ઘટી ? તે અંગેના અનેક સવાલો જુનાગઢ વાસીઓ દ્વારા થઈ રહ્યા છે. જોકે આ ઘટના અંગે પોલીસે જેસીબીના ડ્રાઈવરના કોર્ટ માંથી ત્રણ દિવસન રિમાન્ડ મેળવ્યા છે ત્યારે પોલીસ તપાસવામાં અન્ય નામો ખુલે તેવું મનાઈ રહ્યું છે.

### આજે પણ ગણિત ગણવું અઘરૂં!!!

# ધો.૧૦ના બેઝીક મેથ્સમાં ગત વર્ષ કરતાં અંદાજે ૯ હજારથી વધુ વિદ્યાર્થી નાપાસ!!!

## બેઝીક ગણિતમાં કુલ ૧.૧૩ લાખ વિદ્યાર્થીઓ થયા ફેઈલ, સ્ટાન્ડર્ડ મેથ્સમાં માત્ર ૩૯૨ વિદ્યાર્થી નાપાસ થયા!!!

**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા ધો-૧૦ના પરિણામમાં ફરી એકવાર ગણિત વિષય વિદ્યાર્થીઓ માટે માથાના દુઃખાવો સાબિત થયો છે. ખાસ કરીને બેઝીક મેથ્સમાં ગત વર્ષ કરતાં અંદાજે ૯ હજારથી વધુ વિદ્યાર્થી નાપાસ થયા છે. ધો-૧૦નું પરિણામ અત્યાર સુધીનું સૌથી વધુ પરિણામ છે. આમ છતાં ગણિત અને વિજ્ઞાનમાં નાપાસ થનારા વિદ્યાર્થીઓની સંખ્યા પણ આશ્ચર્યજનક રીતે સતત વધી રહી છે.બોર્ડ દ્વારા જાહેર કરાયેલા પરિણામમાં બેઝીક મેથ્સમાં ૧,૧૩,૩૫૨ વિદ્યાર્થી નાપાસ થયા છે. જેની સામે સ્ટાન્ડર્ડ મેથ્સમાં માત્ર ૩૯૨ વિદ્યાર્થી નાપાસ થયા છે. ગત વર્ષે બેઝીક મેથ્સમાં ૧.૦૪ લાખ વિદ્યાર્થી નાપાસ થયા હતા. આમ, અંદાજે વધુ ૯ હજાર વિદ્યાર્થી નાપાસ થયા છે. બીજા ક્રમે વિજ્ઞાન વિષયમાં ૯૦૭૯૧ વિદ્યાર્થી નાપાસ થયા છે.

આમ, ગણિત અને વિજ્ઞાન વિષય વિદ્યાર્થીઓ માટે ફરી એકવાર અઘરા સાબિત થયા છે. ધો-૧૦ની વર્ષ ૨૦૨૫માં લેવાયેલી પરીક્ષામાં સ્ટાન્ડર્ડ મેથ્સ વિષયમાં કુલ ૬૦૬૦૫ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી, જેની સામે ૬૦૨૧૩ પાસ થતાં માત્ર ૩૯૨ વિદ્યાર્થી જ નાપાસ થયા છે. આમ, સ્ટાન્ડર્ડ મેથ્સનું પરિણામ ૯૯.૩૫ ટકા આવ્યું છે. આ જ પ્રમાણે બેઝીક મેથ્સમાં ૮૫૮૯૮ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી, જે પૈકી ૫,૭૨,૫૪૬ વિદ્યાર્થી પાસ થતાં ૮૩.૪૭ ટકા પરિણામ આવ્યું છે. આ જ પ્રમાણે વિજ્ઞાન વિષયમાં ચાલુ વર્ષે ૭,૪૬,૮૯૧ વિદ્યાર્થી પરીક્ષા આપી હતી, જેમાંથી ૬,૫,૬૧૦૦ વિદ્યાર્થી પાસ થતાં ૮૭.૮૪ ટકા પરિણામ આવ્યું છે. આમ, ચાલુ વર્ષે વિજ્ઞાન વિષયમાં ૯૦૭૯૧ વિદ્યાર્થી નાપાસ થયા છે. આ જ રીતે સોશિયલ સાયન્સમાં ૭,૪૬,૮૯૧ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૭૦૦૪૬૦ વિદ્યાર્થી પાસ થતાં ૯૩.૭૮ ટકા પરિણામ આવ્યું છે. એટલે કે, સોશિયલ સાયન્સમાં ૪૬,૪૧૩ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે.

### ગુજરાતીમાં ૫૪,૬૧૪ વિદ્યાર્થી નાપાસ

ધો-૧૦ના જાહેર કરાયેલા પરિણામમાં ફર્સ્ટ લેગ્વેંજ ગુજરાતીમાં ૬,૨૬,૮૯૩ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૫૭૨૨૭૯ વિદ્યાર્થી પાસ થતાં ૯૧.૨૯ ટકા પરિણામ આવ્યું છે. આ જ રીતે અંગ્રેજીમાં ૯૮૬૯૫ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી, જે પૈકી ૯૫૯૫૫ વિદ્યાર્થી પાસ થતાં ૯૭.૨૬ ટકા પરિણામ આવ્યું છે. આ વિષયમં ૨૭૦૦ વિદ્યાર્થી નાપાસ થયા છે. ગુજરાતીમાં ૯૯ વિદ્યાર્થી એવા છે કે, જેઓ ૯૯ માર્કસ લાવવામાં સફળ રહ્યા છે. આ જ રીતે અંગ્રેજી ફર્સ્ટ લેગ્વેંજમાં ૫ વિદ્યાર્થી સૌથી વધુ ૯૬ માર્કસ લાવવામાં સફળ રહ્યા છે. આ જ રીતે ગુજરાતી સેકન્ડ લેગ્વેંજમાં ૧ વિદ્યાર્થીએ ૯૮ માર્કસ મેળવ્યા છે. જેની સામે અંગ્રેજી સેકન્ડ લેગ્વેંજમાં ૧૪ વિદ્યાર્થી એવા છે કે જેને ૧૦૦માંથી ૧૦૦ માર્કસ મળ્યા છે.

### મેઘરાજાના સારા સંકેતો અનાજના ભંડારો છલકાવી દેશે

# સારા વરસાદની આગાહીને પગલે દેશમાં ૩૫૪ મિલિયન ટન અનાજ ઉત્પાદનનો લક્ષ્યાંક

## ગત વર્ષ કરતા ૪ ટકા વધુ અનાજ ઉત્પાદનના લક્ષ્યાંક સામે ભંડારો ૩૫.૪ કરોડ ટન અનાજથી છલકાશે

**અબતક, નવી દિલ્હી**

આ વર્ષે વરસાદ સારો રહેવાનો છે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે.જેને પગલે દેશમાં અનાજના ભંડારો છલકાઈ જવાની શક્યતા છે. સારા વરસાદને કારણે દેશમાં ૩૫૪ મિલિયન ટન અનાજ ઉત્પાદન થાય તેવો સરકાર દ્વારા લક્ષ્યાંક જાહેર કરવામાં આવ્યો છે.

આ વર્ષે દેશના મોટાભાગના ભાગોમાં સારા ચોમાસાના વરસાદની આગાહી પર વિશ્વાસ રાખીને, સરકારે ગુરુવારે ૨૦૨૫-૨૬ પાક વર્ષ (જુલાઈ-જૂન) માટે ૩૫૪ મિલિયન ટનના રેકોર્ડ અનાજ ઉત્પાદનનું લક્ષ્ય રાખ્યું છે, જે ૨૦૨૪-૨૫ ના લક્ષ્ય કરતાં લગભગ ૪% વધુ અને ૨૦૨૩-૨૪ ના વાસ્તવિક ઉત્પાદન કરતાં ૬.૫% વધુ છે.

ખાદ્ય અનાજમાં ડાંગર, ઘઉં, બરછટ અનાજ અને કઠોળનો સમાવેશ થાય છે. ખરીફ ઝુંબેશ પર રાષ્ટ્રીય પરિષદ દરમિયાન તમામ રાજ્યોમાંથી ઈનપુટ્સ લીધા પછી નક્કી કરાયેલા લક્ષ્યોની ચર્ચા કરવામાં આવી હતી, જ્યાં નીતિ નિર્માતાઓ અને કૃષિ વૈજ્ઞાનિકોએ વાવણીની મોસમ પહેલાં પર્યાપ્ત ઈનપુટ્સ (ગુણવત્તાવાળા બીજ, ખાતર, વગેરે) ની તૈયારી અને ઉપલબ્ધતા પર વિચાર-વિમર્શ કર્યો હતો. આઈએમડી એ ગયા મહિને દેશના મોટાભાગના ભાગોમાં 'સામાન્યથી વધુ' વરસાદની આગાહી કરી હતી, જેમાં 'ચોમાસાના મુખ્ય ઝોન'નો પણ સમાવેશ થાય છે જ્યાં ખેડૂતો મોસમી વરસાદ પર આધાર રાખે છે. સારો ચોમાસાનો વરસાદ (જૂન-સપ્ટેમ્બર) હંમેશા ખેડૂતોને બમ્પર ઉત્પાદન મેળવવામાં મદદ કરે છે. પરિષદને સંબોધતા, કૃષિ મંત્રી શિવરાજ ચૌહાણે ૭૦૦ જિલ્લાઓમાં ૧-૧.૫ કરોડ ખેડૂતોમાં આબોહવા-અનુકૂળ બીજની જાતો, ખાતરોની ઉપલબ્ધતા, ચોમાસાની આગાહી અને સરકારી કાર્યક્રમોના લાભો વિશે જાગૃતિ લાવવા માટે અખિલ ભારતીય ૧૫-દિવસીય અભિયાન (૨૯ મે-૧૨ જૂન) ની જાહેરાત કરી. આ અભિયાન દરમિયાન ખેડૂતોમાં કૃષિ વૈજ્ઞાનિકો અને અધિકારીઓ પણ હાજર રહેશે. ભારતમાં ૧૬,૦૦૦ કૃષિ વૈજ્ઞાનિકો છે અને ખેડૂતો અને વૈજ્ઞાનિકોએ સાથે મળીને કામ કરવાની જરૂર છે, ચૌહાણે કહ્યું. તેમણે કહ્યું કે કેન્દ્ર નકલી બીજના વેચાણને રોકવા, બીજની શોધખોળ સુનિશ્ચિત કરવા અને ખેડૂતોના હિતોનું રક્ષણ કરવા માટે બીજ અધિનિયમ, ૧૯૬૬માં સુધારો કરવાનું વિચારશે. અખિલ ભારતીય જાગૃતિ અભિયાન હેઠળ, કેન્દ્ર રાજ્યો સાથે મળીને કૃષિ વૈજ્ઞાનિકો અને પ્રગતિશીલ ખેડૂતોની ૨૦૦૦ ટીમો બનાવશે.

# વર્તમાન પરિસ્થિતિના પગલે આઈપીએલ સ્થગિત કરાય તેવી સંભાવના: બીસીસીઆઈએ બેઠક બોલાવી

### ભારતીય ક્રિકેટ બોર્ડ ભારત સરકાર તરફથી મળેલા નિર્દેશના આધારે આગળ વધશે: બીસીસીઆઈ

**અબતક, રાજકોટ**

ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે આઈપીએલ ટુર્નામેન્ટ મુલતવી રાખવામાં આવી શકે છે. બધા વિદેશી ખેલાડીઓને પાછા મોકલી શકાય છે. આ અંગે બીસીસીઆઈએ એક ઈમરજન્સી બેઠક બોલાવી છે. પાકિસ્તાનના નિષ્ફળ હુમલાઓને ધ્યાનમાં રાખીને પંજાબ કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે ચાલી રહેલી મેચ પણ મુલતવી રાખવામાં આવી છે. દિલ્હી અને પંજાબ વચ્ચેની મેચ મુલતવી રાખ્યા બાદ બીસીસીઆઈએ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ખેલાડીઓ,

### ખેલાડીઓ, સપોર્ટ સ્ટાફ અને બ્રોડકાસ્ટ ક્રૂને આજે ધર્મશાલાથી ખાસ ટ્રેન દોડાવી દિલ્હી લઈ જવાશે

સપોર્ટ સ્ટાફ અને બ્રોડકાસ્ટ ક્રૂને આજે ધર્મશાળાથી બહાર કાઢવામાં આવશે. બીસીસીઆઈ આઈપીએલ સાથે સંકળાયેલા આ બધા લોકો માટે ઉનાથી એક ખાસ ટ્રેન ચલાવી શકે છે. દિલ્હી અને પંજાબ વચ્ચેની મેચ જોવા આવેલા લોકોને સ્ટેડિયમમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસા. બીસીસીઆઈ કહેવું છે કે ખેલાડીઓની સુરક્ષા સાથે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં. ભારતીય ક્રિકેટ બોર્ડ ભારત સરકાર તરફથી મળેલા નિર્દેશના આધારે આગળ વધશે, અને બધી ટીમો તેમને મળેલા માર્ગદર્શિકા મુજબ કાર્ય કરશે. પંજાબ કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચમાં ફક્ત ૧૦.૧ ઓવર જ રમાઈ શકી હતી. પંજાબની ટીમ પહેલા બેટિંગ કરી રહી હતી. પંજાબે ૧૦.૧ ઓવરમાં એક વિકેટ ગુમાવીને ૧૦૧ રન બનાવ્યા હતા.

આ મેચમાં પંજાબના ઓપનિંગ બેટ્સમેન પ્રિયાંશ આર્યએ ૩૪ બોલમાં ૭૦ રનની શાનદાર ઈનિંગ રમી હતી.

જ્યારે પ્રભસિમરન સિંહ ૨૮ બોલમાં ૫૦ રન બનાવીને બેટિંગ કરી રહ્યો હતો. પ્રિયાંશ આઉટ થયા બાદ પંજાબનો કેપ્ટન શ્રેયસ ઐયર મેદાન પર આવ્યો હતો. પરંતુ મેચની વચ્ચે અચાનક બધી લાઈટો બંધ કરી દેવામાં આવી અને સ્ટેડિયમમાં હાજર તમામ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.


# એસ્ટન માર્ટિન અને રોલ્સ રોયસ જેવી કારો હવે ભારતીય રોડ ઉપર દોડતી થઈ જશે

### અત્યાર સુધી ૧૦૦ ટકાથી વધુ આયાત ડ્યુટી લાગતી હતી, પરંતુ હવે તે ઘટાડીને માત્ર ૧૦ ટકા કરવામાં આવશે

**અબતક, નવી દિલ્હી**

ભારત અને યુકે વચ્ચે મુક્ત વેપાર કરારને મંજૂરી આપવામાં આવી છે. અને આ કારણે, હવે યુકેમાં બનેલી કાર અને બાઈક ભારતમાં પહેલા કરતા ઘણી સસ્તી કિંમતે ઉપલબ્ધ થશે. આ કરાર હેઠળ, યુકેથી ભારતમાં સંપૂર્ણ રીતે બનેલા એકમો તરીકે આવતા વાહનો પર અત્યાર સુધી ૧૦૦ ટકાથી વધુ આયાત ડ્યુટી લાગતી હતી. પરંતુ હવે તે ઘટાડીને માત્ર ૧૦ ટકા કરવામાં આવશે.

આ સોદાથી ખાસ કરીને રોલ્સ-રોયસ, બેન્ટલી, જગુઆર લેન્ડ રોવર, લોટસ, એસ્ટન માર્ટિન અને મેકલેરેન સહિત બ્રિટિશ લક્ઝરી બ્રાન્ડ્સને ફાયદો થશે. આ સાથે, બીએસએ, નોર્ટન અને



ટ્રાયમ્ફ મોટરસાયકલ્સ જેવી ટુ-વ્હીલર કંપનીઓ પણ આ નવા નિર્ણયથી ભારતમાં વધુ મજબૂત બની શકશે.હાલમાં કરોડોની કિંમતની લક્ઝરી કારની કિંમતો એફટીએ હેઠળ નોંધપાત્ર રીતે ઘટી જશે. પરંતુ આ ડિસ્કાઉન્ટ દરેક કાર પર ઉપલબ્ધ રહેશે નહીં. આ ૧૦ ટકા આયાત ડ્યુટી ફક્ત નિશ્ચિત સંખ્યામાં કાર અને એસયુવી પર જ લાગુ થશે. આનો અર્થ એ થયો કે કાર ચોક્કસપણે સસ્તી થશે, પરંતુ ફક્ત મર્યાદિત યુનિટમાં. હાલમાં, આ કરારની સંપૂર્ણ વિગતો ઓટો કંપનીઓ સાથે શેર કરવામાં આવી નથી.એફટીએ માત્ર વાહનોની કિંમતમાં ઘટાડો કરશે નહીં પરંતુ ભારતમાં બનેલા ઓટો પાર્ટ્સની માંગમાં પણ વધારો કરશે. કારણ કે હવે વૈશ્વિક કંપનીઓ ભારતમાંથી વધુ માલનો ઓર્ડર આપશે. એટલું જ નહીં, આ કરાર શ્રમ અને ટેક્નોલોજી આધારિત ક્ષેત્રો માટે પણ ખૂબ ફાયદાકારક સાબિત થશે. આ કરારને કારણે, હવે ભારતમાં બનેલી કાર અને ટુ-વ્હીલર યુકેમાં મોટી સંખ્યામાં નિકાસ કરી શકાશે. ખાસ કરીને ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર કંપનીઓ માટે, હવે યુકેમાં વ્યવસાય શરૂ કરવો પહેલા કરતાં વધુ સરળ બનશે.

# ગેરકાયદે અમેરિકા જતા ગુજરાતી પરિવારને નડ્યો અકસ્માત: બોટ પલટતા બે બાળકોના મોત

### અમેરિકી પોલીસે માનવ તસ્કરીમાં સંડોવાયેલા પાંચ લોકોની કરી ધરપકડ

**અબતક, રાજકોટ**

અમેરિકામાં સારા જીવનની શોધમાં ગેરકાયદેસર રીતે કેલિફોર્નિયાના દરિયાકાંઠે પહોંચવાનો પ્રયાસ કરી રહેલા એક ગુજરાતી પરિવાર માટે તેમની આ સફર અત્યંત દુઃખદ સાબિત થઈ. ૫મી મેના રોજ ડેલ માર નજીક તેમની બોટ પલટી જતાં પરિવારના બે માસૂમ બાળકો, ૧૪ વર્ષનો પ્રિન્સ અને ૧૦ વર્ષની માહીનું કરુણ મોત નીપજ્યું. આ દુર્ઘટનામાં તેમના પિતા બ્રિજેશ પટેલ ગંભીર રીતે ઘાયલ થયા છે અને હાલમાં કોમામાં છે, જ્યારે માતા સંગીતાની હાલત પણ નાજુક છે અને તેઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

મળતી માહિતી અનુસાર, મહેસાણાનો રહેવાસી પટેલ પરિવાર અન્ય ચાર ગુજરાતીઓ સાથે એક નાની માછીમારી બોટમાં સવાર થઈને ગેરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યો હતો. આ જોખમી મુસાફરી માટે પરિવારે કલોલના માનવ તસ્કરોને મોટી રકમ ચૂકવી હતી. તોફાની મોજાઓના કારણે તેમની બોટ કિનારા પાસે પહોંચે તે પહેલાં જ પલટી ગઈ. ઘટનાની જાણ થતાં જ બચાવ ટુકડીઓ ઘટનાસ્થળે પહોંચી અને ત્રણ મૃતદેહોને બહાર કાઢ્યા, જેમાં પ્રિન્સનો પણ સમાવેશ થાય છે. માહીનો મૃતદેહ હજી સુધી મળી શક્યો નથી અને તેને મૃત જાહેર કરવામાં આવી છે.

આ દુર્ઘટનાના સંદર્ભમાં અમેરિકી પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી છે અને માનવ તસ્કરીમાં સંડોવાયેલા પાંચ લોકોની ધરપકડ કરી છે. તેમની સામે ગેરકાયદેસર રીતે લોકોને અમેરિકામાં લાવવા અને તેમના મૃત્યુનું કારણ બનવાનો ગુનો નોંધવામાં આવ્યો છે. આ હૃદયદ્રાવક ઘટના ગુજરાતમાંથી ગેરકાયદેસર રીતે અમેરિકામાં સ્થળાંતર કરવાના વધતા જતા અને ઘણીવાર દુઃખદ પરિણામો લાવનારા વલણને પ્રતિબિંબિત કરે છે. અગાઉ પણ આવા ઘણા પ્રયાસોમાં અનેક લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે.

# રાજ્યભરમાં સરકારી જમીન પરના દબાણો હટાવાયા ૧૦,૦૦૦ કરોડની ૩,૦૦૦ હેકટર જમીન મુક્ત કરાઈ!!

### સૌથી વધુ અમદાવાદમાં ૧૫૪ કરોડ, વડોદરામાં ૯૫ કરોડ, જૂનાગઢમાં ૨૦ કરોડ તેમજ પોરબંદરમાં ૧૦ કરોડની જમીન મુક્ત કરાઈ

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકારના મહેસૂલ વિભાગ દ્વારા સરકારી જમીન પર થયેલા અતિક્રમણો દૂર કરવા માટે શરૂ કરાયેલી રાજ્યવ્યાપી કાર્યવાહીના ભાગરૂપે, સપ્ટેમ્બર ૨૦૨૪ થી અત્યાર સુધીમાં ૩,૦૪૭ હેક્ટર સરકારી જમીનનો કબજો પાછો મેળવવામાં આવ્યો છે. આ જમીનનું જંત્રી દર મુજબ મૂલ્ય રૂ. ૨,૦૯૭ કરોડ આંકવામાં આવ્યું છે, જ્યારે તેનું બજાર મૂલ્ય રૂ. ૧૦,૦૦૦ કરોડથી વધુ હોવાનો અંદાજ છે.

છેલ્લા કેટલાક મહિનાઓથી, સરકારે સરકારી જમીનો પરના ગેરકાયદેસર બાંધકામો અને અતિક્રમણો તોડી પાડવા માટે મોટા પાયે ઝુંબેશ હાથ ધરી છે. આ કાર્યવાહી અંતર્ગત અમદાવાદના ચંડોળા તળાવ, ગાંધીનગર જિલ્લાના માણસા, દેવભૂમિ દ્વારકા, સુરત સહિત અનેક શહેરો અને નગરોમાં મોટા ઓપરેશન પાર પાડવામાં આવ્યા છે.

સરકારી અધિકારીઓના જણાવ્યા મુજબ, ''પ્રવર્તમાન જંત્રી દરો અનુસાર મુક્ત કરાયેલી સરકારી જમીનની કિંમત રૂ. ૨,૦૯૭ કરોડ આંકવામાં આવી છે, પરંતુ વાસ્તવમાં તેની બજાર કિંમત રૂ. ૧૦,૦૦૦ કરોડથી ઘણી વધારે છે.''

રાજ્યના મહેસૂલ વિભાગના ઉચ્ચ સૂત્રોના જણાવ્યા અનુસાર, સપ્ટેમ્બર ૨૦૨૪ થી અતિક્રમણ હટાવવાની ઝુંબેશ રાજ્યના તમામ જિલ્લાઓમાં શરૂ કરવામાં આવી હતી. જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં, રૂ. ૮૮૩ કરોડની જંત્રી કિંમતની સરકારી જમીન અતિક્રમણમુક્ત કરવામાં આવી હતી. ત્યારપછી, ચાલુ વર્ષે જાન્યુઆરીથી માર્ચ દરમિયાન, રૂ. ૯૦૯ કરોડની વધારાની જંત્રી કિંમતની જમીન પરથી અતિક્રમણ હટાવવામાં આવ્યા હતા. જ્યારે એપ્રિલ મહિનામાં જ રૂ. ૩૦૫ કરોડની જંત્રી કિંમતની સરકારી જમીન પરથી અતિક્રમણ દૂર કરાયા હતા. આમ, સપ્ટેમ્બર ૨૦૨૪ થી એપ્રિલ ૨૦૨૫ સુધીમાં કુલ રૂ. ૨,૦૯૭ કરોડની જંત્રી કિંમતની જમીન મુક્ત થઈ છે.

સત્તાવાર માહિતી મુજબ, અતિક્રમણથી મુક્ત કરાયેલી જમીનનો સૌથી વધુ વિસ્તાર અમદાવાદ જિલ્લામાં હતો, જ્યાં રૂ. ૧૫૪ કરોડની જંત્રી કિંમતની જમીન પરથી અતિક્રમણ હટાવવામાં આવ્યા. ત્યારબાદ વડોદરામાં રૂ. ૯૫ કરોડ, જૂનાગઢમાં રૂ. ૨૦ કરોડ અને પોરબંદર જિલ્લામાં રૂ. ૧૦ કરોડની જંત્રી કિંમતની જમીન મુક્ત કરવામાં આવી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ દ્વારા તમામ જિલ્લા કલેક્ટરોને તેમના અધિકારક્ષેત્ર હેઠળની સરકારી જમીનોની સ્થિતિ તપાસવા અને ટેકનોલોજી તથા માનવબળના ઉપયોગ દ્વારા તે કોઈપણ અતિક્રમણથી મુક્ત રહે તેની ખાતરી કરવા માટે કડક નિર્દેશો આપવામાં આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા વિવિધ જિલ્લાઓમાં અતિક્રમણ હટાવવાની કામગીરીની પ્રગતિ પર સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.

# પૂરક પરીક્ષા માટે વિદ્યાર્થીઓ ઓનલાઈન અરજી કરી શકશે

### પરીક્ષાનો કાર્યક્રમ, તારીખ સહિતની વિગતો હવે પછી જાહેર કરાશે: ગુણ ચકાસણી માટે વિદ્યાર્થીઓ ૧૫મી મે સુધી ઓનલાઈન દરખાસ્ત કરી શકશે

**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી મુખ્ય પરીક્ષામાં જે વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હોય અથવા તો પરિણામ સુધારવા માટે ઈચ્છતાં હોય તે પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે. પૂરક પરીક્ષાના આવેદનપત્રો બોર્ડની વેબસાઈટ પરથી શાળા મારફતે ભરવાના રહેશે. માત્ર ઓનલાઈન ફોર્મ જ સ્વીકારવામાં આવશે.પૂરક બેસ્ટ ઓફ ટુ પરીક્ષાના આવેદનપત્ર ઓનલાઈન ભરી શકાશે.

ઉમેદવારોએ ફીની રકમ એક વિષય માટે રૂ.૧૫૦, બે વિષય માટે રૂ.૨૧૫ અને ત્રણ વિષય માટે રૂ.૨૭૫ આ સિવાય ત્રણ વિષય કરતાં વધારે વિષયો હોય તો રૂ.૩૯૫ ભરવાના રહેશે. કન્યા અને દિવ્યાંગ ઉમેદવારોએ આ ફી ભરવાની રહેશે નહીં. પૂરક પરીક્ષા માટે દરેક જિલ્લામાં પરીક્ષા માટેનું એક જ કેન્દ્ર રાખવામાં આવશે. પૂરક પરીક્ષાનો કાર્યક્રમ, પ્રવેશિકા અને પ્રશ્નપત્રોનો સમય બોર્ડની વેબસાઈટ પર મૂકાશે. આ ઉપરાંત, જાહેર પરિણામ બાદ જે વિદ્યાર્થીઓ ગુણ ચકાસણી કરવા ઈચ્છા હોય તેવા વિદ્યાર્થીઓ આગામી ૧૫મી મે સુધીમાં ઓનલાઈન દરખાસ્ત કરી શકશે. ખાસ કરીને આ પરિણામથી ખુશ ન હોય તેવા વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષામાં એક, બે કે તમામ વિષયની ફરીવાર પરીક્ષા આપી શકશે. આગામી જૂન-જુલાઈમાં નવેસરથી બોર્ડ દ્વારા પરીક્ષા લેવામાં આવશે. આ માટેનો કાર્યક્રમ અને તારીખ ઉપરાંત કેન્દ્રો સહિતની જાહેરાત હવે પછી કરવામાં આવશે. જોકે, રેગ્યુલર પરીક્ષાની જેમ વ્યાપક રીતે નહીં, પરંતુ મર્યાદિત કેન્દ્રો પર પરીક્ષાનું આયોજન કરવામાં આવશે.

# માજી સૈનિકને કાગળ ઉપર જમીન ફાળવ્યાના ૧૮ વર્ષ પછી પણ કબજો ન સોંપાતા હાઈકોર્ટે તંત્રને આડે હાથ લીધું

**અબતક, રાજકોટ**

ગુજરાત હાઈકોર્ટે રાજ્યના અધિકારીઓને આડે હાથ લીધા છે. કોર્ટે ગુરુવારે રાજ્ય સરકારની ટીકા કરતાં જણાવ્યું હતું કે એક ભૂતપૂર્વ સૈનિકને પ્લોટ ફાળવ્યાના ૧૮ વર્ષ વીતી ગયા હોવા છતાં તેમને હજુ સુધી તેનો કબજો સોંપવામાં આવ્યો નથી અને મહેસૂલ રેકોર્ડમાં તેમનું નામ પણ નોંધવામાં આવ્યું નથી. હર્ષદરાય આચાર્ય નામના આ ભૂતપૂર્વ સૈનિકે ૧૯૭૯માં ભારતીય સેનામાં જોડાયા બાદ ૧૪ વર્ષ સુધી દેશ સેવા કરી હતી. રાજ્ય સરકારની નીતિ અનુસાર, તેમને ૨૦૦૬માં અમદાવાદ જિલ્લાના

### અધિકારીઓએ ફરજમાં બેદરકારી દાખવી હોવાનું જણાવી ૧ જુલાઈ સુધીમાં સ્પષ્ટતા કરવા આપ્યા આદેશ

બાવળા તાલુકાના ભામસરા ગામમાં જમીન ફાળવવામાં આવી હતી. જો કે, તમામ કાગળની કાર્યવાહી પૂર્ણ થયા પછી પણ તેમને આજ સુધી જમીનનો કબજો મળ્યો નથી.

આચાર્યએ જમીનનો કબજો મેળવવા માટે અનેક અધિકારીઓને વિનંતી કરી હતી, પરંતુ તેમને સફળતા મળી ન હતી. જ્યારે તેમણે એડવોકેટ રોનિથ જોય અને ઉત્કર્ષ દવે મારફતે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી, ત્યારે રાજ્ય સરકારે વિલંબના આધારે તેનો વિરોધ કર્યો હતો. રાજ્ય સરકારે આચાર્યને ફાળવણીના આદેશનો સમયસર અમલ કરવામાં બેદરકારીનો આરોપ લગાવ્યો હતો. આ અંગે ન્યાયાધીશ નિખિલ કારિએલે જણાવ્યું હતું કે અધિકારીઓએ તેમની ફરજ યોગ્ય રીતે બજાવી નથી. કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે પ્રથમ દૃષ્ટિએ એવું જણાય છે કે જો આદેશનો અમલ ન થયો હોય તો, તે વખતના કલેક્ટર અને ડેપ્યુટી કલેક્ટર જેવા અધિકારીઓએ અરજદારને જમીનની વર્તમાન બજાર કિંમત મુજબ વળતર આપવું જોઈએ. હાઈકોર્ટે રાજ્ય સરકારને નોટિસ પાઠવીને ૧ જુલાઈ સુધીમાં આ બાબતે સ્પષ્ટતા માંગી છે. કોર્ટે આદેશમાં જણાવ્યું છે કે રાજ્યએ જણાવવું પડશે કે તેઓ વિલંબના મુદ્દાને પડકારશે કે પછી દેશના સશસ્ત્ર દળોમાં સેવા આપનાર વ્યક્તિની તરફેણમાં પસાર કરાયેલા આદેશના અમલની જવાબદારી સ્વીકારશે.

# દરીયાઈ સુરક્ષા વ્યવસ્થામાં વધારો: ઉચ્ચ અધિકારીઓનું પરિસ્થિતિનું સતત મોનીટરીંગ


## જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર, મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદી, પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ સહિતના ઉચ્ચ અધિકારીઓ ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ ખાતે હાજર

પહલગામ હુમલા બાદથી ભારત અને પાકિસ્તાન વચ્ચે ઘર્ષણ વધ્યું છે. ઓપરેશન સિંદૂર પછીના દિવસે, એટલે કે બુધવાર-ગુરુવાર રાત્રે પાકિસ્તાને ૧૫થી વધુ ભારતીય લશ્કરી ઠેકાણાઓ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો. ભારતે રશિયા પાસેથી મળેલી જ-૪૦૦ ડિફેન્સ સિસ્ટમ દ્વારા આ હુમલાને નિષ્ફળ બનાવ્યો.

બદલામાં, ભારતે ગુરુવારે સવારે પાકિસ્તાનની એર ડિફેન્સ સિસ્ટમનો નાશ કર્યો. હતો.ભારતમાં પાકિસ્તાન તરફથી થઈ રહેલી ગતિવિધિઓ અને ભારતીય સેનાના વળતા જવાબ બાદ દેશની દરેક સીમાની સુરક્ષા વધારી દેવામાં આવી છે. પાકિસ્તાન ની ભારતે તોડી પાડ્યા છે અને ભારતીય સેનાની કોઈપણ આચ નથી ગુજરાત રાજ્ય માં જામનગર , દ્વારકાના ઓખામાં દરિયામાં સુરક્ષાને લઈ વધારો કરવામાં આવ્યો છે, સમુદ્રમાં કોસ્ટગાર્ડ અને મરીન પોલીસનું સંયુકત પેટ્રોલિંગ ચાલી રહ્યું છે, તો માછીમારોને અને સ્થાનિકોને સરહદી સીમા નજીક ન જવા સૂચના આપવામાં આવી છે, તો પોલીસ અને કોસ્ટગાર્ડની સતત નજર સીમા વિસ્તારમાં છે, હાલ ભારત પાકિસ્તાનના યુદ્ધને લઈને જામનગરના સંચાળા બંદર માછીમારોને પોલીસ દ્વારા સાવચેત કરવામાં આવ્યા છે દરિયે કિનારે શંકાસ્પદ હિલચાલ જણાય તો સુરક્ષા એજન્સીને જાણ કરવા અપીલ કરવામાં આવી છે જિલ્લાના દરિયાઈ વિસ્તારની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે.



### મધરાત્રે બ્લેક આઉટ કરાયું



ભારત પાકિસ્તાન વચ્ચે તણાવની સ્થિતી જોતા જામનગરમાં ૪:૩૦ થી ૫:૩૦ દરમિયાન એક કલાકનું બ્લેકઆઉટ કરવામાં આવ્યું હતું. કોઈ ચિંતાજનક સ્થિતિ ન જણાતાં બ્લેકઆઉટ હટાવી દેવાયું હતું.

# જામજોધપુર: ખેડુતો સાથે છેતરપિંડી કરનાર ત્રણ વેપારીની ધરપકડ

## યાર્ડની વિઠલાણી બ્રધર્સ નામની પેઢીના સંચાલક પિતા-પુત્ર અને ભાઈએ ૩૨ લાખની ગ્રાહક સાથે ઠગાઈ કરી'તી

**અબતક, જામનગર**

જામજોધપુર માર્કેટિંગ યાર્ડની એક વેપારી પેઢી કાચી પડી હતી, અને સતાપર ગામના પાંચ ખેડૂતોની રૂપિયા ૩૨ લાખની જણસ મેળવી લીધા પછી તેની રકમ નહીં ચૂકવી વેપારી પિતા-પુત્ર, અને ભાઈ કે જેઓ પોતાના ધંધાના સ્થળ અને મકાનને તાળા મારીને ભાગી છૂટ્યા હતા, જેથી ત્રણેય સામે છેતરપિંડી અંગેની જામજોધપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઈ હતી, જે ત્રણેય આરોપીઓ ગઈકાલે સાંજે પોલીસ દ્વારા તેઓની અટકાયત કરી લઈ નિવેદનો નોંધવાનું શરૂ કર્યું છે.

જામજોધપુરના માર્કેટિંગ યાર્ડમાં આવેલી વિઠલાણી બ્રધર્સ નામની વર્ષો જૂની પેઢી, તથા તેની સાથે સંયુકતમાં આવેલી અલગ-અલગ બે પેઢી કે જેઓના સંચાલક રમેશભાઈ મથુરાદાસ વિઠલાણી, અને ગોપાલભાઈ મથુરાદાસ વીઠલાણી નામના બે ભાઈઓ તેમજ રમેશભાઈના પુત્ર કિસન રમેશભાઈ વિઠલાણી કે જેઓએ જામજોધપુર તાલુકાના સતાપર ગામના કેટલાક ખેડૂતોની ૩૨ લાખ જેટલી જણસ ની રકમ ચૂકવ્યા વિના પેઢીને તાળા મારીને ભાગી છુટયા હોવાથી ત્રણેય સામે વિશ્વાસઘાત અને છેતરપિંડી અંગેની ફરિયાદ નોંધાવાઈ હતી.

જામજોધપુર તાલુકાના સતાપર ગામના ખેડૂત દિનેશભાઈ સુરાભાઈ પરમાર દ્વારા પોતાની અંદાજે ૫,૧૬.૭૫૦ ની કિંમત નો મગફળી નો જથ્થો વેચાણ માટે વેપારી ને આપ્યો હતો, જેની બાકી રોકાતી રકમ ઉપરાંત તેઓની સાથે જસાપર ગામના પણ અન્ય ચાર ખેડૂતો કે જે ઓએ પણ વધુ ૨૭ લાખ રૂપિયા ની અલગ અલગ જણસ તેમાં મગફળી કપાસ જીરું વગેરેનો સમાવેશ થાય છે. જે અંગે પોલીસ ફરિયાદ નોંધાવાઈ હતી, દરમિયાન ત્રણેય આરોપીઓ ભાગી છુટ્યા હતા. જે આરોપીઓના મોબાઈલ ફોન સ્વીચ ઓફ થઈ ગયા હતા, જ્યારે ઘરના પણ સભ્યો પોતાના મકાન પર તાળા મારીને લાપત્તા થયા હતા, દરમિયાન ગઈકાલે સાંજે તેઓ સામેથી હાજર થયા હતા, જેથી પીએસઆઈ હિતેન વડાવીયા તેમજ તેઓની ટીમ દ્વારા ત્રણેયના નિવેદનો નોંધવાનું શરૂ કર્યું છે.

પ્રાથમિક પૂછપરછ મા તેઓ જામજોધપુર થી પરિવાર સાથે નાસિક ગયા હોવાનું જણાવ્યું હતું. પોલીસ ની ટિમ જેઓની પેઢી વગેરેની તપાસ ચલાવી રહી છે, જયારે ત્રણેયને રિમાન્ડ પર લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

પોલીસે હાલ ચાર ખેડૂતોના નિવેદનો નોંધ્યા હતા, ત્યારબાદ અન્ય ખેડૂતો પણ સામે આવ્યા છે, અને તેઓની પણ જણસની રકમ લેવાની બાકી રહે છે, તેવી રજૂઆત પોલીસ સમક્ષ થઈ રહી છે, અને પોલીસે આવા બે ડઝનથી વધુ ખેડૂતોના નિવેદનો નોંધવાનું શરૂ કર્યું છે.

## યુદ્ધની પરિસ્થિતિ પર જિલ્લા વહીવટી તંત્રની ચાંપતી નજર



જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ ખાતે જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર, મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદી, પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ, નિવાસી અધિક કલેક્ટર બી.એન.ખેર, નાયબ મ્યુનિસિપલ કમિશનર ઝાલા, ચીફ ફાયર ઓફિસર કે.કે.બીશ્નોઈ સહિતના ઉચ્ચ અધિકારીઓ હાલની યુદ્ધની પરિસ્થિતિ પર સતત ચાંપતી નજર રાખી રહ્યા છે.તેમજ તેઓ દ્વારા પળેપળની માહિતી મેળવીને પરિસ્થિતિનું આકલન કરવામાં આવી રહ્યું છે. આ અંગે માહિતી આપતા કલેક્ટર કેતન ઠક્કરે જણાવ્યું હતું કે હાલની પરિસ્થિતિમાં જિલ્લાના લોકોએ કોઈપણ પ્રકારની ચિંતા કરવાની જરૂર નથી. અને પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવા માટે તમામ જરૂરી પગલાં ભરી રહ્યું છે તેઓએ વધુમાં જણાવ્યું હતું કે સમગ્ર જિલ્લા વહીવટી તંત્ર લોકોને શાંતિ અને સલામતી જાળવવા માટે સહકાર આપવા વિનંતી કરે છે. કોઈપણ તાત્કાલિક માહિતી અથવા સહાયતા માટે જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ ૦૨૮૮-૨૫૫૩૪૦૪ પર સંપર્ક કરી શકાશે.

# જામજોધપુર: ઉમિયાનગરમાં લોહાણા વેપારીનો આપઘાત

**અબતક, ભરત ગોહેલ, જામજોધપુર**

જામનગર જિલ્લાના જામજોધપુરમાં ઉમિયા નગર વિસ્તારમાં રહેતા એક લોહાણા વેપારીએ પોતાની નવ વર્ષ જૂની માનસિક બીમારીથી કંટાળી જઈ ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી છે.

આ બનાવની વિગત એવી છે કે જામજોધપુરમાં ગાયત્રી મંદિરની સામે ઉમિયા નગરમાં રહેતા અને ઘડિયાળ તેમજ ચશ્માની દુકાન ચલાવતા અમિતકુમાર હસમુખભાઈ ગઢેચા નામના ૪૮ વર્ષના લુહાણા વેપારીએ આજે સવારે પોતાના ઘેર પંખાના હુકમાં દોરડું બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી.

આ બનાવ અંગે મૃતક ના કાકા મહેશકુમાર જમનાદાસ ગઢેચાએ પોલીસને જાણ કરતાં જામજોધપુરના પોલીસ હેડ કોન્સ્ટેબલ આર.કે કંડોરીયા તેમની ટિમ સાથે બનાવના સ્થળે પહોંચી ગયા હતા, અને મૃતદેહ નો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસમાં જાહેર કરાયા અનુસાર મૃતક વેપારી છેલ્લા નવેક વર્ષથી માનસિક બીમારીથી પીડાતા હતા, અને તેની દવા પણ ચાલતી હતી. જે બીમારીથી કંટાળી જઈ પોતે આ પગલું ભરી લીધું છે, તેવું જાહેર થયું છે.

# અંધાશ્રમ ફાટક નજીક રેલવેની ઠોકરે વૃધ્ધનું મોત

**અબતક, જામનગર**

જામનગરમાં અંધાશ્રમ રેલવે ફાટક નજીક ગત ૨૭મી તારીખે ૬૦ વર્ષના એક બુઝુર્ગ ટ્રેનની ઠોકરે ચડી ગયા હતા, અને ઈજાગ્રસ્ત બન્યા હતા. તેઓનું સારવાર દરમિયાન ગઈકાલે મૃત્યુ નીપજ્યું છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં દિગ્વિજય પ્લોટ શેરી નંબર ૫૦ માં રહેતા અને નિવૃત્ત જીવન જીવતા વિજયભાઈ માધવભાઈ નાથાણી નામના ૬૦ વર્ષના બુઝુર્ગ ગત ૨૭મી તારીખે અંધાશ્રમ રેલવે ફાટક પાસેથી પસાર થઈ રહ્યા હતા, જે દરમિયાન ટ્રેન ની ઠોકરે ચડી ગયા હતા, અને ઈજાગ્રસ્ત બન્યા હતા.

તેઓને ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, ત્યાં ગઈકાલે સાંજે તેઓનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું છે.

આ બનાવ અંગે મૃતકના પુત્ર ભાવિન વિજયભાઈ નાથાણીએ પોલીસને જાણ કરતાં સીટી સી. ડિવિઝનના પોલીસ હેડ કોન્સ્ટેબલ એન.બી. સદાદિયા જી.જી. હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે.

# પાંચ વર્ષ દરમિયાન ઝડપાયેલો ડ્ર્ગ્સના જથ્થો નાશ કરાયા

## એસ.ઓ.જી.એ. ૪૮ દરોડા પાડી ૫૩ લાખનો મુદ્દામાલ કબ્જે

## એસ.પી. પ્રેમસુખ ડેલુ અને ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા સહિતના સ્ટાફે કામગીરી બજાવી

જામનગર જિલ્લાના એસ.પી.ની અધ્યક્ષતામાં યોજાયેલી ડ્રગ્સ ડિસ્પોઝલ કમિટી દ્વારા એન.ડી.પી.એસ. એક્ટ મુજબના જામનગરની એસ.ઓ.જી. શાખા દ્વારા છેલ્લા પાંચ વર્ષ દરમિયાન પકડવામાં આવેલા ડ્રગ્સના કુલ-૪૮ ગુનાનો અંદાજે .રૂ.૫૩,૦૪,૯૫૫ ની કિંમતના જથ્થા નો નાશ કરવામાં આવ્યો છે.

જામનગર જિલ્લાના એસ.પી. પ્રેમસુખ ડેલુ, શહેર વિભાગના ડીવાયએસપી જે. એન. ઝાલા તેમજ એસ.ઓ.જી. ના પી .આઈ. બી એન. ચૌધરી વગેરેની હાજરીમાં ભચાઉ કચ્છ નજીક આવેલા જૂના કટારીયા ગામ પાસે એક ખાનગી કંપનીની ભઠ્ઠીમાં તેનો નાશ કરવામાં આવ્યો હતો.



રાજકોટ રેન્જ ના પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવની રાહબરી હેઠળ જામનગર પોલીસ અધિક્ષક તથા ડ્રગ્સ ડિસ્પોઝલ કમિટીના અધ્યક્ષ પ્રેમસુખ ડેલુ તથા નાયબ પોલીસ અધિક્ષક તથા ડ્રગ્સ ડિસ્પોઝલ કમિટીના સભ્ય જયવિરસિંહ ઝાલા ના માર્ગદર્શન મુજબ એસ.ઓ.જી.ના પોલીસ ઈન્સપેક્ટર તથા ડ્રગ્સ ડિસ્પોઝલ કમિટીના સભ્ય બી.એન.ચૌધરીના સંકલન દ્વારા જામનગર જિલ્લામાં દાખલ થયેલા એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ દાખલ થયેલા ગુનાઓમા કબ્જે કરેલા મુદ્દામાલને નાશ કરવાની કામગીરી હાથ ધરવામા આવી હતી. જામનગર જિલ્લામાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ દાખલ થયેલ ગુનાઓ પૈકી કુલ-૪૮ ગુનાઓની કોર્ટમાંથી એન.ડી.પી.એસ. એક્ટ કલમ ૫૨(એ) મુજબ નાશ કરવા માટેની મંજુરી મેળવવામાં આવી હતી.

જેમા નાશપાત્ર મુદ્દામાલ કે જેમાં માદક પદાર્થ ગાંજો ૧૭૬,૭૯૫ કીલોગ્રામ (કિ.રૂ.૧૬,૩૬,૪૦૫) તથા મેફેડ્રોન પાવડર ૨૧૯.૪ મીલીગ્રામ (કિ.રૂ.૨૧,૯૪,૦૦૦) તથા એમ.ડી.એમ.એ પાવડર ૫૯ ગ્રામ (કિ.રૂ.૫,૯૦,૦૦૦), તથા અફીણ ૧૯૨ ગ્રામ (કી.રૂ .૫,૭૦૦) તથા ચરસ ૫.૮૫૯ કીલો ગ્રામ (કી.રૂ.૮.૭૮.૮૫૦) મળી કુલ કિ.રૂ.૫૩,૦૪,૯૫૫ નો મુદ્દામાલ મે.સૌરાષ્ટ્ર એન્વાયરો પ્રોજેક્ટ પ્રા.લી. કે જે જુના કટારીયા ગામ, તા.ભચાઉ જીલ્લો કચ્છ (ભુજ) ખાતે આવેલી છે. જે ઉચ્ચ તાપમાન વાળી ભઠ્ઠીમાં નાખીને કાયદેસરની કાર્યવાહીથી નાશ કર્યો છે. આ સમગ્ર કાર્યવાહી એસ.ઓ.જી. પોલીસ ઈન્સપેક્ટર બી.એન.ચૌધરી, પોલીસ સબ ઈન્સ્પેક્ટર એલ.એમ.ઝેર, અને એ.વી.ખેર તથા એસ.ઓ.જી. ના સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# ધોરણ-૧૦ બોર્ડના પરિણામમાં મોદી સ્કુલનો "દબદબો"

## ૯૩ વિદ્યાર્થીઓએ એ-વન ગ્રેડ મેળવ્યો: ગણિતમાં ૧૦૦ ગુણ ૯ વિદ્યાર્થીઓએ મેળવ્યા

**અબતક, જામનગર**

વર્ષ : ૨૦૨૫ ધોરણ-૧૦ બોર્ડ દ્વારા જે પરિણામ જાહેર થયેલ છે. તેમાં જામનગર જીલ્લાનું ૮૫.૫૫% પરિણામ રહ્યું. જેમાં જામનગર મોદી સ્કૂલનું અંગ્રેજી માધ્યમનું ૯૯% તેમજ વર્ષ : ૨૦૨૫ ધોરણ-૧૦ બોર્ડ દ્વારા જે પરિણામ જાહેર થયેલ છે તેમાં જામનગર ગુજરાતી માધ્યમનું ૯૯.૩૦% પરિણામ રહ્યું. આ વર્ષે મોદી સ્કૂલ જામનગરના કુલ ૩૩૭ વિદ્યાર્થીઓમાંથી આટલું શ્રેષ્ઠ પરિણામ આપતી જામનગર જીલ્લાની એકમાત્ર મોદી સ્કુલ છે. જો કે મોદી સ્કૂલે છેલ્લા તેર વર્ષથી જામનગર જીલ્લામાં ધોરણ-૧૦ બોર્ડના પરિણામમાં સર્વશ્રેષ્ઠ રહેવાની પરંપરા જાળવી રાખી છે, જેમાં સતત ચૌદમાં વર્ષે પણ મોદી સ્કૂલ પરિવાર દ્વારા - વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓનો વિશ્વાસ જીતી, જામનગરવાસીઓ માટે પણ ગૌરવ લઈ શકાય તેવું ઉચ્ચત્તમ પરિણામ આપી વિદ્યાર્થીઓને સફળતાની નવી રાહ દોરી છે.

ધોરણ-૧૦ બોર્ડના પરિણામમાં મોદી સ્કૂલના કુલ ૩૩૭ વિદ્યાર્થીઓમાંથી ૯૯.૧૧% વિદ્યાર્થીઓએ સફળતા મેળવી છે, કે જેમાં અનુભવી શિક્ષકોની ટીમ સાથે એજ્યુકેશન સિસ્ટમમાં થતા નવા ફેરફારો સાથે વિદ્યાર્થીઓને આ સિસ્ટમમાં ઢાળી સમય સાથે તાલ મિલાવી હંમેશા મોદી સ્કૂલ માર્ગદર્શક બની રહી છે.



### શાળાના કલાકો ઉપરાંત રોજનું ૬ થી ૭ કલાકનું વાંચન કરતી: વિરાણી મેઘા



મારૂં નામ વિરાણી મેઘા છે. મારા પિતાનું નામ સાગરભાઈ છે. મે સમગ્ર ગુજરાત બોર્ડમાં વર્ષ ૨૦૨૪-૨૫ માં લેવાયેલ એસ.એસ.સી.ની પરીક્ષામાં મેં ૯૯.૯૫ પીઆર પ્રાપ્ત કરેલ છે અને ૯૫.૫૦% મેળવેલ છે. ગણિત તથા વિજ્ઞાન જેવા અઘરા વિષયોમાં પણ મે અનુક્રમે ૯૪ તથા ૯૪ ગુણ તથા સંસ્કૃતમાં ૧૦૦ ગુણ મેળવ્યા છે. આવું ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત કરવા માટે સ્કૂલના કલાકો ઉપરાંત રોજનું ૬ થી ૭ કલાક નું વાંચન કરેલ છે. વિદ્યાર્થીઓના સારા પરિણામ લાવવા માટે શાળા દ્વારા બાળકોને પાઠ્યપુસ્તક ઉપરાંત ઘણી એક્સ્ટ્રા મટીરીયલમાંથી પ્રેક્ટિસ કરાવવામાં આવે છે. જેના કારણે બાળકોને દરેક ટોપીક ઊંડાણ પૂર્વક તૈયારી કરી અઘરામાં અઘરા દાખલાઓ, અઘરા ટોપીક્સની સારી રીતે તૈયારી કરી સારામાં સારા ગુણ મેળવી શકે છે.

### ગણિત-વિજ્ઞાન જેવા અઘરા વિષયો બહું સરળતાથી સમજાવ્યા: સોનગરા મીત

'અબતક' સાથેની વાતચિતમાં સોનગરા મીતએ જણાવ્યું હતું કે મે સમગ્ર ગુજરાત બોર્ડમાં વર્ષ ૨૦૨૪-૨૫ માં લેવાયેલ એસ.એસ.સી.ની પરીક્ષામાં મેં ૯૯.૮૭ પીઆર પ્રાપ્ત કરેલ છે અને ૯૭% મેળવેલ છે. ગણિત તથા વિજ્ઞાન જેવા અઘરા વિષયોમાં પણ મે અનુક્રમે ૧૦૦ તથા ૧૦૦ ગુણ મેળવ્યા છે. આવું ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત કરવા માટે સ્કૂલના કલાકો ઉપરાંત રોજનું ૬ થી ૭ કલાકનું વાંચન કરેલ છે. મારા આટલા ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત કરવા બદલ શાળાના મેનેજમેન્ટ ટીમનો ખુબ જ અભારી છું. મે રેગ્યુલર સ્કૂલની સાથે ફાઉન્ડેશન કોર્ષ પણ કરેલ હતો. જેના કારણે દસમાં ધોરણનો બેઈઝ ક્લિયર હતો જ પરંતુ ધોરણ ૧૧ અને ૧૨ ના કન્સેપ્ટ પણ સારી રીતે ક્લિયર થયેલા છે અને તેના કારણે અમુક ટ્રીકી ટોપીક્સ પણ સારી રીતે ભણેલા હોવાથી પરીક્ષામાં અઘરા પ્રશ્નો પણ સહેલા લાગેલા હતા.

### મારા ઉજ્જવળ પરિણામમાં હું માતા-પિતા અને શિક્ષકોની આભારી છું: ચૌહાણ અર્ચના

'અબતક' સાથેની વાતચિતમાં મુંગરા રિયાએ જણાવ્યું હતું કે મે સમગ્ર ગુજરાત બોર્ડમાં વર્ષ ૨૦૨૪-૨૫ માં લેવાયેલ એસ.એસ.સી.ની પરીક્ષામાં મેં ૯૯.૬૯ પીઆર પ્રાપ્ત કરેલ છે અને ૯૬.૧૭% મેળવેલ છે. ગણિત તથા વિજ્ઞાન જેવા અઘરા વિષયોમાં પણ મે અનુક્રમે ૧૦૦ તથા ૯૯ ગુણ મેળવ્યા છે. આવું ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત કરવા માટે સ્કૂલના કલાકો ઉપરાંત રોજનું ૬ થી ૭ કલાકનું વાંચન કરેલ છે. વિદ્યાર્થીઓના સર્વાંગી શૈક્ષણિક વિકાસ માટે સ્કૂલમાં અમારા સેક્શન હેડ અને સબ્જેક્ટ ટીચર્સ દ્વારા અમારૂં પર્સનલ કાઉન્સીલ કરવામાં આવતું હતું. જેમાં દરેક સ્ટુડન્ટને પર્સનલી મળીને તેના દરેક સબ્જેક્ટના પ્રોગ્રેસ બાબતે ચર્ચા કરવામાં આવતી હતી. વન ટુ વન મીટીંગને કારણે વિદ્યાર્થીનો કોન્ફીડન્સ ખૂબ જ વધે છે અને સારો પ્રોગ્રેસ કરી શકે છે અને લાસ્ટ પ્રિલીમ્સ સમયે બાળકોને પર્સનલી બાજુમાં બેસાડીને પેપર ચેકીંગ કરવામાં આવે છે.

### મારા ઉજ્જવળ પરિણામ માટે શાળાના સંચાલકો તથા શિક્ષકોની આભારી છું: જરીવાલા વૈદેહી

મારૂં નામ જરીવાલા વૈદેહી છે. મારા પિતાનું નામ હેમંતકુમાર છે. મે સમગ્ર ગુજરાત બોર્ડમાં વર્ષ ૨૦૨૪-૨૫ માં લેવાયેલ એસ.એસ.સી.ની પરીક્ષામાં મેં ૯૯.૯૫ પીઆર પ્રાપ્ત કરી બોર્ડમાં પાંચમું સ્થાન મેળવેલ છે અને ૯૭.૬૭% મેળવેલ છે. ગણિત તથા વિજ્ઞાન જેવા અઘરા વિષયોમાં પણ મે ૯૯ તથા ૯૮ ગુણ મેળવ્યા છે. આવું ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત કરવા માટે સ્કૂલના કલાકો ઉપરાંત રોજનું ૬ થી ૭ કલાકનું વાંચન કરેલ છે. વિદ્યાર્થીઓના સર્વાંગી શૈક્ષણિક



વિકાસ માટે સ્કૂલમાં લેવામાં આવતી વિક્લી ટેસ્ટ, યુનિટ ટેસ્ટ, ટર્મીનલ એક્ઝામ, ડિઝાઈનર પ્રિલીમ, હાફ કોર્ષ, ઓબ્જેક્ટીવ તથા ફૂલ સિલેબસ એક્ઝામને કારણે મને બોર્ડની એક્ઝામના તમામ પેપરો મારી શાળાના એક પ્રકારના પ્રિલીમ એક્ઝામના પેપરો સમાન જ લાગેલા હતા. છેલ્લા દિવસોમાં શાળા દ્વારા સંપૂર્ણ બોર્ડ સ્ટાઈલથી પ્રિ-બોર્ડ એક્ઝામ અરેન્જ કરી અમારી બોર્ડ એક્ઝામ પ્રત્યેનો જે હાવ હતો તે પણ દૂર કર્યો હતો. પારસ સર, જીના મેમ, હિત સર, પ્રિન્સીપાલ તથા સમગ્ર શિક્ષક સ્ટાફે વખતો-વખત અમને ગાઈડ કરી અમારી રાહ ખૂબ જ સરળ બનાવી છે. મારા આટલા ઉજ્જવળ પરિણામ માટે હું મારા માતા-પિતા, ઈશ્વર, શાળાના સંચાલકો તથા શિક્ષકોનો આભારી છું.

ધોરણ-૧૦ બોર્ડમાં જામનગર જીલ્લામાં એ-વન ગ્રેડ મેળવતા ૮૭૩ વિદ્યાર્થીઓ છે, જેમાંથી એકમાત્ર મોદી સ્કૂલની છત્રછાયામાં, ટ્રસ્ટી પારસ મોદી, જીના મોદી, હિત મોદી, પ્રિન્સીપાલ તેમજ મોદી સ્કૂલના સમગ્ર સ્ટાફ તથા શિક્ષકોના માર્ગદર્શન હેઠળ સમગ્ર વર્ષ દરમ્યાન સતત મૂલ્યાંકન દ્વારા મોદી સ્કુલ વિદ્યાર્થીઓનો હોંસલો વધારતી રહી છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાકીદની બેઠક બોલાવી: ગુજરાત એલર્ટ, ભૂજમાં સ્થિતિ સામાન્ય

## ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી મુખ્ય સચિવ અને ડીજીપી પણ બેઠકમાં હાજર: સરહદી જિલ્લાના કલેકટર સાથે વીડિયો કોન્ફરન્સ




**અબતક, રાજકોટ**

ભારત અને પાકિસ્તાન વચ્ચે હાલ યુધ્ધ જેવી સ્થિતિનું નિર્માણ થઈ ગયું છે. પાકિસ્તાન દ્વારા ગઈકાલે ભારતના અલગ અલગ રાજયોમાં ડ્રોન દ્વારા હુમલો કરવાનો પ્રયાસ કરાયો હતો જેને ભારતીય સેનાએ નાકામીયાબ જાહેર કરી દીધો હતો. ગઈકાલે કચ્છના ભૂજમાં ડ્રોન એટેકનો પ્રયાસ કરાયો હતો દરમિયાન આજે સવારે જામનગરમાં ડ્રોન એટેકનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

દરમિયાન વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી આજે સવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઈમરજન્સી બેઠક બોલાવી હતી રાજયભરમાં એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. ભૂજમાં ગઈકાલે રાત્રે બ્લેક આઉટ બાદ આજે સવારથી સ્થિતિ સામાન્ય થઈ જવા પામી છે. જામનગરમાં સવારે ડ્રોન એટેક નિષ્ફળ બનાવાયા બાદ સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવી દેવામાં આવી છે. ગુજરાતનાં નાગરિકોને પણ એલર્ટ રહેવા જણાવી દેવામાં આવ્યું છે.

પાકિસ્તાનની સેનાએ ગઈકાલે રાત્રે છમકલા કરતા ભારતે વળતો મુંહતોડ જવાબ આપ્યો હતો. ગઈકાલે રાત્રે જ રાજયના ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ ઈમરજન્સી સેન્ટર ખાતે બેઠક યોજી હતી રાજયભરમાં સરકારી અધિકારીઓની રજા રદ કરી દેવામાં આવી છે. દરમિયાન આજે સવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજયની વર્તમાન સ્થિતિ સંદર્ભે ઈમરજન્સી બેઠક યોજી હતી. જેમાં ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવી, પંકજ જોશી, ડીજીપી વિકાસ સહાય ઉપસ્થિત રહ્યા હતા.

દરમિયાન સીએમએ ગુજરાતના સરહદી જિલ્લાના કલેકટર સાથે વાતચિત કરી હતી તમામને સર્તક રહેવા આદેશ આપી દેવામાં આવ્યો છે. ગુજરાતના દરિયા કાંઠા વિસ્તારમાં પેટ્રોલીંગ વધારી દેવામાં આવ્યું છે. ગઈકાલે ભૂજ ભચાઉ સહિતના વિસ્તારોમાં બ્લેક આઉટ જાહેર કરવામાં આવ્યું હતુ.

આજે સવારે ભૂજમાં સ્થિતિ સામાન્ય થઈ જવા પામી હતી.

ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારોમાં કોઈપણ શંકાસ્પદ હરકત થાય તો તાત્કાલીક અસરથી પગલા લેવા પણ આદેશ આપી દેવામા આવ્યા છે. દ્વારકામાં સિગ્નેચર બ્રિજ, સહિતના વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે.

દેશમાં વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાત સરહદી રાજ્ય હોવાથી સરહદી જિલ્લાની પરિસ્થિતિ પર સતત નજર રાખવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૂચનાથી

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર ખાતે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષ સ્થાને ઈમરજન્સી સમીક્ષા બેઠક ગઈકાલે રાત્રે યોજાઈ રહી છે.

જેમાં મંત્રીએ સંબંધિત જિલ્લાના કલેક્ટરઓ તથા જિલ્લા પોલીસ વડાઓ સાથે ટેલીફોનીક વાત કરી સ્થાનિક સ્થિતિ અંગે જાણકારી મેળવીને કોઈ અનિચ્છનીય બનાવ ન બને, કોઈ પેનિક ન થાય તથા વિશેષ તકેદારી રાખવામાં આવે તે માટે જરૂરી સાવચેતીના પગલાં ભરવા સૂચનાઓ આપી.

## રેલવે સ્ટેશન પર સઘન સુરક્ષા: મુસાફરોના સામાનનું ચેકીંગ






તસવીર: શૈલેષ વાડોલીયા

ભારત અને પાકિસ્તાન વચ્ચે હાલ સ્થિતિ ખૂબ જ તરલ છે. બંને દેશો વચ્ચે સતત ડ્રોન હુમલા થઈ રહ્યા છે. ઓપરેશન સિંદૂર બાદ રેલવે સ્ટેશન પર ગઈકાલથી સુરક્ષા વધુ મજબૂત કરી દેવામાં આવી છે. રાજકોટ રેલવે સ્ટેશન પર શંકાસ્પદ લગતા મુસાફરોના સામાનની ચકાસણી કરવામાં આવી રહી છે. તમામ મુસાફરોની હરકતો પર નજર રાખવામાં આવી રહી છે.

# અમદાવાદ સહિત ગુજરાતના સાત એરપોર્ટની સુરક્ષામાં વધારો

## નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા નોટિસ જારી કરવામાં આવી: એરપોર્ટ પર NOTAM એટલે કે નોટિસ ટૂ એર મિશન સિસ્ટમ જાહેર કરાઈ



ફાઈલ ફોટો

**અબતક, અમદાવાદ**

જમ્મી કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલના રોજ થયેલા આતંકી હુમલામાં ૨૬ નિર્દોષ લોકોના મોત થયા હતા. જેના જવાબમાં ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને પીઓકેના ૯ આતંકી ઠેકાણાઓ પર એર સ્ટ્રાઈક કરી હતી. જ્યારે ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ વધી રહ્યો છે, ત્યારે ગુરુવારે (૮ મે, ૨૦૨૫) મોડી રાત્રે પાકિસ્તાને જમ્મુ, પઠાણકોટ અને ઉધમપુરમાં સેના સ્ટેશનો પર મિસાઈલ-ડ્રોન વડે હુમલો કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો. જેમાં ભારતીય એર ડિફેન્સ સિસ્ટમ દ્વારા તમામ પાકિસ્તાની મિસાઈલ અને ડ્રોનને આકાશ પર જ તોડી પાડવામાં આવ્યા હતા. તેવામાં નાગરિક ઉડ્ડયન મંત્રાલયની સૂચના મુજબ, ગુજરાતના ૭ સહિત ભારતના ૨૪ એરપોર્ટ પર આગામી સૂચના સુધી નાગરિક કામગીરી સ્થગિત કરવામાં આવી છે. દેશમાં હવાઈ હુમલો થવાનું શરુ થવાથી સુરક્ષાના ભાગરુપે પ્રશાસન દ્વારા એરપોર્ટ પ્રશાસન તરફથી એલર્ટ જારી કરવામાં આવ્યું છે. સરહદી વિસ્તારના રાજ્યો વધુ સંવેદનશીલ હોવાથી સુરક્ષાના ભાગરુપે નિર્ણય લીધો છે, કારણ કે પાકિસ્તાને પઠાણકોટ, જલંધર અને જેસલમેરમાં ડ્રોનથી હુમલો કર્યો હતો. એર ઈન્ડિયાથી લઈને ઈન્ડિગોની અનેક ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે, જેમાં સ્પાઈસ જેટ, એર ઈન્ડિયા એક્સપ્રેસ, અકાસા એર સહિત વિદેશી એરલાઈન્સનો સમાવેશ થાય છે. પાકિસ્તાને જમ્મુ, પંજાબ અને રાજસ્થાનના કેટલાક ભાગોમાં અનેક સ્થળોને નિશાન બનાવીને ડ્રોન અને મિસાઈલ હુમલા કર્યા હતા. આ પછી નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા નોટિસ જારી કરવામાં આવી હતી. જેમાં દેશના કુલ એરપોર્ટ પર નોટમ એટલે કે નોટિસ ટૂ એર મિશન સિસ્ટમ જાહેર કર્યું છે.

ગુજરાતના મુન્દ્રા, જામનગર, હિરાસર (રાજકોટ), પોરબંદર, કેશોદ, કંડલા, ભુજ સહિત ચંડીગઢ, શ્રીનગર, અમૃતસર, લુધિયાણા, ભુંટેર, કિશનગઢ, પટિયાલા, શિમલા, કાંગરા-ગગ્ગલ, ભટીંડા, જેસલમેર, જોધપુર, બિકાનેર, હલવારા, પઠાણકોટ, જમ્મુ, લેહ એરપોર્ટ બંધ કરવામાં આવ્યા છે.

# રાજયના તમામ જિલ્લાના કલેકટરોને હેડ કવાર્ટર ન છોડવા આદેશ

## મહેસુલ વિભાગના કર્મચારીઓની રજાઓ પણ રદ કરાય

**અબતક, રાજકોટ**

ભારત અને પાકિસ્તાન વચ્ચે હાલ યુધ્ધ જેવી સ્થિતિ સર્જાઇ જવા પામી છે. પાકિસ્તાની સેના દ્વારા ગઈકાલે દેશના અલગ અલગ રાજયોમાં ડ્રોન એટેકનો નાપાક પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેને ભારતીય સેનાએ નિષ્ફળ બનાવ્યો હતો. કચ્છમાં પાકિસ્તાન દ્વારા દિવસ અને રાત્રે ડ્રોન હુમલાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. જેના પગલે કચ્છમાં સુરક્ષા વ્યવસ્થા મજબુત કરી દેવામાં આવી છે. ભુજ તરફથી ટ્રેન રદ કરી દેવામાં આવી છે. દરમિયાન રાજ્ય સરકાર દ્વારા તમામ જિલ્લાના કલેકટરને હેડ કવાર્ટર ન છોડવા આદેશ આપી દીધો છે. તમામ સ્થિતિને પહોંચી વળવા સર્તક રહ્યા પણ આદેશ અપાયો છે.

સરહદી જિલ્લાના કલેકટરો સાથે આજે સવારે વિડીયો કોન્ફરન્સ યોજી સમીક્ષા કરી હતી. તમામ સરકારી અધિકારીઓનું વિભાગના વડાની પૂર્વ મંજુરી લીધા વિના હેડ કવાર્ટર ન છોડવા પણ તાકીદ કરવામાં આવી છે. આ ઉપરાંત આરોગ્ય વિભાગના કર્મચારીઓને પણ સતર્ક કરી દેવામાં આવ્યા છે. આરોગ્ય કર્મચારીઓની રજાઓ પણ રદ કરી દેવામાં આવી છે. ગુજરાતના નાગરીકોને પણ ડ્રોન કે વિમા વિના વિડીયો ઉતારી સોશિયલ મીડીયા પર ન મૂકવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# યુદ્ધની સ્થતિને ધ્યાનમાં રાખીને સીએની પરીક્ષા મુલતવી

## ૯થી ૧૪ મે વચ્ચે યોજાનારી ચાર્ટડ અકાઉન્ટન્ટની પરીક્ષાની નવી તારીખો હવે પછી જાહેર કરાશે

**અબતક, રાજકોટ**

ભારત અને પાકિસ્તાન વચ્ચે સરહદ પર વધતા તણાવને કારણે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. યુદ્ધની સ્થતિને ધ્યાનમાં રાખીને સીએ ફાઈનલ-ઈન્ટરનની પરીક્ષા હાલ પૂરતી મૌકૂફ રાખવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, આજથી ચાર્ટડ અકાઉન્ટન્ટની પરીક્ષા શરૂ થવાની હતી અને ૧૪ મે સુધી ચાલવાની હતી. જો કે યુદ્ધની પરિસ્થતિ જોતા હવે આ પરીક્ષાઓ હાલ પૂરતી મૌકૂફ રાખવામાં આવી છે. ૯ થી ૧૪ મે વચ્ચે યોજાનારી ચાર્ટડ અકાઉન્ટન્ટની પરીક્ષાની નવી તારીખો હવે પછી જાહેર કરવામાં આવશે.

ગુરુવારે રાત્રે સતત બીજા દિવસે પાકિસ્તાને જમ્મુ-કાશ્મીર, પંજાબ અને રાજસ્થાનમાં ડ્રોન અને મિસાઈલ હુમલા કર્યા. ભારતે તેની જ-૪૦૦ ડિફેન્સ સિસ્ટમનો ઉપયોગ કરીને ડ્રોન અને મિસાઈલો તોડી પાડીને બદલો લીધો.

મોટાભાગના રાજ્યોમાં હાલ પૂરતી સ્કૂલો પણ બંધ કરી દેવામાં આવી છે અને હવે આવી હાલતમાં સીએની પરીક્ષા લેવાનું યોગ્ય ન જણાય માટે હાલ પૂરતી આ પરીક્ષાઓ મૌકૂફ રાખવામાં આવી છે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયાએ સીએ ફાઈનલ, ઈન્ટરમીડિયેટ અને પીક્યુસી પરીક્ષાઓ મુલતવી રાખી છે. મે ૨૦૨૫ સત્ર માટેની પરીક્ષાઓ ૯ થી ૧૪ મે દરમિયાન યોજાવાની હતી.

# હજુ ચાર દિવસ માવઠા જેવો માહોલ રહેશે: ૬૩ તાલુકામાં ૨ ઈંચ સુધી વરસાદ

## ગીર ગઢડામાં દોઢ ઈંચ, રાજકોટના કોટડાસાંગાણી અને ગોંડલમાં એક ઈંચ વરસાદ: સાંજે વાતાવરણમાં પલટા સાથે રાજકોટમાં તેજ પવન સાથે જોરદાર માવઠું થયું

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં અત્યારે ઉનાળો ચાલી રહ્યો છે પરંતુ રાજ્યમાં ચોમાસા જેવો માહોલ સર્જાયો છે. ગત દિવસોમાં રાજ્યમાં મોટાભાગના વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. જ્યારે ગુરુવારે પણ કેટલાક જિલ્લાઓમાં વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગે આગામી ચાર દિવસ માટે હજી કમોસમી વરસાદની આગાહી કરી છે.છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૬૩ તાલુકામાં ૧ અઢી ઈંચ સુધીનો વરસાદ નોંધાયો છે. આજે સવારથી ૧૪ તાલુકા જેમાં ગાંધીનગર, મહેસાણા, ખેડા, બનાસકાંઠા સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. આઈએમડી પ્રમાણે દક્ષિણ ગુજરાતના વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત,ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ,દાદરા નગર હવેલીમાં વરસાદ પડવાની શક્યતા છે.ગઈકાલે રાત્રે રાજકોટના વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો અને જોરદાર પવન સાથે માવઠું વરસ્યું હતું. આ ઉપરાંત ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, મહિસાગર તેમજ સૌરાષ્ટ્રના રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ અને દીવમાં ભારે પવન સાથે વરસાદની શક્યતાઓ સેવી છે. હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે ૯ તારીખે રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે. ત્યારે પવનની ગતિ ૫૦થી ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની રહેવાની શક્યતા છે. તો જેમ જેમ દિવસ વધશે તેમ તેમ પવનની ગતિ અને વરસાદ પડવાના વિસ્તારોમાં પણ ઘટાડો નોંધાશે.